એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૬ ● અંક-૩
ફેબ્રુઆરી – માર્ચ' ૧૧

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**મુદ્રણ આયોજન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**વેબ સાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૮૯૯૮ ૩૦૧૨૯

**કાર્યાલય વ્યવસ્થા**
રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮

**વિતરણ વ્યવસ્થા**
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત, લવાજમ, નાણાંકીય વ્યવસ્થા**

● **અમદાવાદ**
જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)


● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સલાહકાર**
મનુભાઈ કોટડીયા અમદાવાદ
તુલસીદાસ કંસારા અમદાવાદ
સૂર્યકાંત સોની અમદાવાદ
શૈલેષ કંસારા ભુજ
કાંતિભાઈ કંસારા રાજકોટ

**માનદ્ સંયોજક (ભુજ)**
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**કાર્યાલય**
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ** : www.gnyatisetu.com
**ઈ-મેલ** : editor@gnyatisetu.com
છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.




આધુનિક વિજ્ઞાન થકી માનવી સમસ્ત સૃષ્ટિને પોતાની દૃષ્ટિ સમક્ષ લાવવા સક્ષમ થયો છે પરંતુ આ દૃષ્ટિ હજી સુધી ભૌતિક સ્તરે જ પહોંચી છે. સાંપ્રત સમયના માનવી માટે હજી ભાવનાત્મક સ્તરે 'દિવ્ય દૃષ્ટિ'નો વિકાસ થવાનો બાકી છે. માનવી હજી 'વૈશ્વિક' થયો નથી. બલકે માનવ સભ્યતાના વિકાસના આ સંક્રાંતિ કાળે માનવ વધુને વધુ 'સ્વ-લક્ષી' થતો જાય છે. વૈશ્વિક મહાસત્તાઓથી લઈને નાના મોટા બધા રાષ્ટ્રો તો ઠીક, એક એક રાષ્ટ્રના વિધવિધ પ્રાંતો અને જીલ્લાઓ તેમજ નાના મોટા સમાજો હજી પણ - સ્થાનિક સ્તરે, પ્રત્યેક ક્ષેત્રે સીમિત ભાવનાત્મક ઐક્ય ધરાવે છે. પરિણામે 'બળિયાના બે ભાગ' જેવી પરિસ્થિતિ વકરતી જાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આ સંયોગોમાં સમય સાથે તાલ મેળવીને પ્રગતિને પંથે ચાલવું હોય તો તે 'સંઘ'માં જ સંભવ છે. એટલે કે 'સંઘબળ'નું મહત્ત્વ વધતું જાય છે. સંઘબળના પ્રભુત્વની પ્રતીતિ આપણને સહુને રાજકીય તેમજ સામાજીક ક્ષેત્રે સ્પષ્ટ વર્તાય છે. આ સ્થિતિના લાંબે ગાળે જે પરિણામો આવે તે ખરા, પરંતુ હાલને તબક્કે આપણા સમાજે આ સ્થિતિની વાસ્તવિક્તા સ્વીકારી સંગઠિત થવાના અને એ સંગઠનને મજબુત બનાવવા માટે પૂરતા પ્રયાસો કરવાના રહે છે. જો એમ નહીં થાય તો સમયાંતરે આપણા અલ્પસંખ્યક સમાજનું આગવું અસ્તિત્વ લોપ થઈ જશે અને એવું થશે તો એ સારું થયું કે ખરાબ એ તો સમયનું ત્રાજવું જ નક્કી કરશે. પરંતુ એક વાત ચોક્કસ છે કે 'સંઘબળ'ના અભાવે આપણા સમાજના છેવાડાના અને મધ્યમવર્ગી પરિવારોનો આર્થિક - સામાજીક વિકાસ કઠીન રહેશે. અતઃ સાંપ્રત સમયની માંગ મુજબ, હાલને તબક્કે આપણે સહુએ સાથે મળીને સંઘબળ વધે અને મજબૂત થાય તેવા બધા જ પ્રયાસો કરવા જ પડશે.

આ સંદર્ભે થોડા વર્ષ પહેલાં આપણા સમાજના મહામંડળનું ગઠન થયું છે. આપણો સમાજ સંખ્યાની દૃષ્ટિએ નાનો છે. એટલું જ નહીં આપણા સમાજના એકેક બબ્બે પરિવારો જૂજ સંખ્યામાં ભારતના વિભિન્ન ગામડા અને કસબાઓ અને શહેરો તેમજ વિદેશમાં અનેક સ્થળે વસેલા છે. વધુમાં જ્યાં જ્યાં આપણા પરિવારો મોટી સંખ્યામાં વસે છે ત્યાં પણ મહદાંશે 'સ્થાનિક ભાવના' જ પ્રબળ છે. હજી સમૂહ ભાવનાનો યોગ્ય વિકાસ થયો નથી. આ વાસ્તવિક્તાની નજરે જ આપણા સમાજના પ્રબુધ્ધ વર્ગે, મહામંડળનો પ્રકલ્પ સાકાર કર્યો. વિશ્વના કોઈપણ ખૂણે વસતા આપણા સમાજના સમસ્ત પરિવારોને સાંકળવાનો ઉદ્દેશ ધરાવતા આ મહામંડળની કંઠીમાં હજી બધા જ મણકા પરોવાયા નથી. અને જે પરોવાયા છે તેમનામાં પણ ઐક્યની ભાવનાનો વિકાસ હજી પ્રાથમિક તબક્કામાં જ છે. આ કંઠીને

સર્વગ્રાહી અને સર્વમાન્ય કરવી આવશ્યક છે અને એ ત્યારે જ થશે જયારે વિશ્વને ખૂણેખાંચરે વસતા એકલદોકલ પરિવાર સાથે પણ મહામંડળનો સંવાદ રચાશે. તદુપરાંત વિવિધ ગામો કસબાઓ કે શહેરોમાં વસતા આપણા સંગઠનો વચ્ચે પરસ્પર સંવાદીતા વધે તેવા ઉપાયો કરવા પડશે. આપણી ઐક્યની ભાવના ગાઢ થશે ત્યારે જ આપણા સમાજનું કુલ સંઘબળ કેટલું છે, એના પરિવારોની ક્ષમતા અને તકલીફો શું છે એ બાબતોનો સાચો અંદાજ મળશે. સમસ્યાઓનું સામૂહિક આકલન થશે અને એના નિવારણ માટે યોગ્ય સંઘબળ સાથે પ્રયાસો શક્ય થશે. મહામંડળની કંઠીએ બંધાયેલા આપણા સમાજના પરિવારોને મહામંડળની હૂંફ મળ્યાનો અહેસાસ રહેશે.

આપણા પરિવારોનું વૈશ્વિક 'આકલન' દેખાય છે તેટલું અઘરું કે અશક્ય નથી. આ કાર્ય મહામંડળ થકી યોજનાબધ્ધ રીતે થઈ શકે તેવું છે. મહામંડળના હાલે જે સભ્ય પરિવારો છે, તેમના દ્વારા જ વિશ્વના વિવિધ ભાગોમાં વસતા આપણા પરિવારોની માહિતી એકત્ર થઈ શકે તેમ છે. મહામંડળ જો આ કાર્ય હાથ ધરે તો એમાં 'જ્ઞાતિ સેતુ' પૂરતો સહયોગ આપવાની ખાતરી આપે છે. ખાસ કરીને પારિવારીક માહિતીનું ફોર્મેટ તૈયાર કરવામાં તેમજ એનો પ્રચાર પ્રસાર કરવામાં તથા એકત્રિત માહિતીનું વ્યવસ્થિત સંકલન કરવામાં 'સેતુ' એનું યોગદાન આપી શકે છે.

તાજેતરમાં મહામંડળની સામાન્ય સભા મળી હતી. હાલના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોની બીજી ટર્મ માટે પણ નેતૃત્વ સંભાળે એવું સર્વાનુમતે નક્કી થયું છે. શ્રી પ્રભુદાસભાઈના નેતૃત્વ હેઠળ મહામંડળના પ્રથમ તબક્કે જે કેટલાક પાયાનાં કાર્યો થયાં છે અને બીજા પ્રકલ્પોની પ્રક્રિયા વિચારાઈ રહી છે, ત્યારે, એમના કન્ટીન્યુઅસ નેતૃત્વની આવશ્યક્તા રહે તે સ્વાભાવિક છે. કારણકે સામાજીક કાર્યો રાતોરાત થતા નથી. એનો Gestation Period લાંબો હોય છે, જ્યારે સળંગ અને Consistant નેતૃત્વ આવશયક હોય છે. વધુમાં શ્રી પ્રભુદાસભાઈનો વ્યક્તિગત સંપર્ક આપણા સમાજના પ્રત્યેક સભ્ય પરિવાર સુધી વિસ્તૃત થયેલો છે. સમાજના પ્રત્યેક વર્ગ સાથે એમની ઘનિષ્ટતા છે. આ બધું લક્ષ્યમાં લેતાં જણાય છે કે મહામંડળના પ્રબુધ્ધ વડીલોએ સમયાનુસાર આવકાર્ય નિર્ણય લીધો છે. આશા છે, આપણું મહામંડળ, એના પ્રથમ ચાર વર્ષ દરમ્યાન ગોઠણભેર ચાલતું થયું છે, તે આગામી વર્ષોમાં એના પગ પર ઊભું થશે એટલું જ નહીં, દોડતું પણ થશે. 'સંઘમ્ શરણમ્ ગચ્છામિ.' અસ્તુ.

| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
|---|---|---|
| **માનદ્ મંત્રી** | **પ્રમુખ** | **મુખ્ય તંત્રી** |

**રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે**
**"જ્ઞાતિ સેતુ" અંગેની માહિતી ફોર્મ -૪, રૂલ - ૮**

| | | |
|---|---|---|
| **૧. પ્રકાશનનું સ્થળ** | : | અમદાવાદ |
| **૨. પ્રકાશનનો ગાળો** | : | દ્વી-માસિક |
| **૩. મુદ્રકનું નામ** | : | મનુભાઈ વી. કોટડીયા<br>પ્રમુખ - શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ |
| **મુદ્રકની રાષ્ટ્રીયતા** | : | ભારતીય |
| **મુદ્રણ સ્થાન** | : | માધવી પ્રિન્ટીંગ પ્રેસ<br>અનુપમ સિનેમા સામે, ખોખરા,<br>અમદાવાદ. |
| **૪. પ્રકાશકનું નામ** | : | મનુભાઈ વી. કોટડીયા<br>પ્રમુખ - શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ |
| **પ્રકાશકની રાષ્ટ્રીયતા** | : | ભારતીય |
| **પ્રકાશકનું સરનામું** | : | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ<br>C/o. ધવલ જ્વેલર્સ,<br>ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ. |
| **૫. સંપાદકનું નામ** | : | હંસરાજ ઠાકરશી કંસારા |
| **સંપાદકની રાષ્ટ્રીયતા** | : | ભારતીય |
| **સંપાદકનું સરનામું** | : | ૧/૧/૪, સમૃધ્ધિ ફ્લેટ,<br>રામેશ્વરમ એપાર્ટમેન્ટ,<br>દેવ આશિષ સ્કુલ પાસે, રામદેવનગર,<br>અમદાવાદ-૩૮૦ ૦૧૫. |
| **૬. અખબારની માલિકી** | : | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ |
| **સરનામું** | : | C/o. ધવલ જ્વેલર્સ,<br>ચાંલ્લા ઓળ, માણેકચોક,<br>અમદાવાદ. |

*હું, મનુભાઈ વી. કોટડીયા, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.*

અમદાવાદ — **મનુભાઈ વી. કોટડીયા**
તા. ૨૫-૩-૨૦૧૧ — પ્રકાશક અને મુદ્રક - "જ્ઞાતિ સેતુ"

*ઈશ્વર એક વાર એક જ ક્ષણ આપે છે અને*
*બીજી ક્ષણ આપતાં પહેલાં તે ક્ષણ લઈ લે છે.*

**સુભાષિત ચિંતન**

# કર્મશીલતાનો માપદંડ

કુ. એકતા કટ્ટા - અંજાર

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः
प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः
प्रारभ्य तूत्तमजना न परित्यजन्ति ॥

*– ભર્તૃહરિ રચિત નીતિશતકમાંથી*

અર્થાત્ નીચ (કોટિના) લોકો વિઘ્નના ડરથી (કાર્યની) શરૂઆત કરતા નથી, મધ્યમ (કોટિના) પુરૂષો શરૂ કરીને વિઘ્નોથી હેરાન થતાં રોકાઇ જાય છે. વારંવાર વિઘ્નોથી પ્રહાર પામવા છતાં ઉત્તમ પુરૂષો શરૂ કરી (કાર્ય) ને ત્યજતા નથી.

ઉપરોક્ત સુભાષિતમાં સુભાષિતકારે કર્મશીલતાના માપદંડના આધારે કર્મશીલ પુરૂષોનો સ્તર નિયત કરવાનો પ્રયાસ કર્યો છે. કાર્ય (કર્મ) નાં પ્રકાર અને કાર્યની પૂર્ણાહૂતિ કે ફળશ્રુતિનાં આધારે કાર્ય કરનારનું ઉચ્ચ, મધ્યમ કે નિમ્ન કોટિનું સ્તર નિયત થઇ શકે છે. કાર્યનાં આરંભ અને અંતની વચ્ચે આવેલ અવરોધો આ સ્તરનાં માપક સિદ્ધ થાય છે.

સામાન્યતઃ કોઇપણ કાર્ય સંપૂર્ણપણે વિઘ્નરહિત નથી હોતો. અને જો માત્ર કર્મશીલતાનીજ વાત કરીએ તો જ્યારે કોઇપણ કાર્ય અંગત સ્વાર્થ કે દૃષ્ટિકોણને ધ્યાને લઇ કરવામાં આવતું હોય છે, ત્યારે તે માટેની કર્મશીલતા બહુધા ઉચ્ચ સ્તરની જ હોય છે. કોઇપણ વ્યક્તિ અંગત સ્વાર્થ કે વિકાસ માટે કોઇપણ પરિસ્થિતિને પહોંચી વળવા પ્રયત્નશીલ હોય છે અને તે સ્વાભાવિક પણ છે. જીવનનો અર્થ જ કર્મ છે. પરંતુ, અત્રે સુભાષિતમાં કહેલ કર્મશીલતાનો દૃષ્ટિકોણ અતિ વિસ્તૃત છે. જ્યારે કોઇપણ કાર્ય કોઇ અંગત સ્વાર્થ માટે નહીં અપિતુ કોઇ સંસ્થા, સંગઠન કે સમુદાયનાં સામુહિક હિત કે વિકાસને ધ્યાને લઇ કરવાનું હોય છે, ત્યારે જ કોઇપણ વ્યક્તિની વાસ્તવિક કર્મશીલતાનો પરિચય મેળવી શકાય છે. તે સમયે અવરોધો કે વિઘ્નોનાં વિચાર માત્રને ધ્યાને લઇ કાર્યનો આરંભ ન કરનાર નિમ્ન સ્તરની, આરંભ કર્યા બાદ અવરોધો આવતાં અધવચ્ચે કાર્ય છોડનાર મધ્યમ સ્તરની અને કોઇપણ પરિસ્થિતિમાં માત્ર કાર્ય અને તેની પૂર્ણાહૂતિનો જ મહત્ત્વ જાણનાર જ ઉચ્ચ સ્તરની કર્મશીલતા ધરાવે છે. જે, તે વ્યક્તિને મહાનતાની ટોચ પર પહોંચાડે છે. આવી જ વ્યક્તિ સમાજ કે સમગ્ર માનવ સમુદાયનાં વિકાસ અને હિતનાં કામો કરી પોતાનું આગવું સ્થાન નિયત કરી શકે છે.

સમાજમાં વ્યસન, કુપ્રથા કે રીતિ-રિવાજોમાં સમયાંતરે જરૂરી બદલાવ અને જીવન શૈલીનાં સ્તર તથા તેને લગતી મૂળભૂત સુવિધાઓ જેવાં અનેક ક્ષેત્રો છે, જેમાં કોઇપણ અંગત સ્વાર્થને બાદ કરતાં માત્ર સમાજ હિત ખાતર કાર્ય કરવાનું હોય છે. ઘણી વખત સમગ્ર સમાજની સામી દિશાએ ઊભા રહી કામ કરવાનો સમય પણ આવતો હોય છે. સહ-કાર્યકર્તાઓ પણ સાથ છોડી, કોઇપણ કારણ આગળ ધરી દઇ સામી દિશાએ ઊભા રહી જતાં હોય છે. ત્યારે અંગત પ્રતિષ્ઠા, કુટુંબ-પરિવારનો સહકાર અને આયુ-અનુભવ-સ્ત્રી કે પુરુષ- આર્થિક સ્તર જેવાં બાહ્ય પરિબળો કાર્ય કરનારનાં આત્મ વિશ્વાસને ડગાવે છે. પરિણામે નિમ્ન સ્તરની વ્યક્તિ સમાજ હિતનાં કાર્યો વિષે માત્ર વિચારો કરતી હોય છે. મધ્યમ સ્તરની વ્યક્તિ કદાચ કાર્ય આરંભ કરી દે છે, પરંતુ, કોઇપણ પ્રકારનાં વિઘ્ન કે વિપરીત પરિસ્થિતિ ઊભી થતાં જ અંગત પ્રતિષ્ઠા, કુટુંબ-પરિવારનો વિચાર, આર્થિક સ્તર વગેરે જેવાં પરિબળોનાં કારણે વિવિધ દલીલોનો આશરો લઇ કાર્ય અધવચ્ચે જ છોડી દેતી હોય છે. પરંતુ, ઉચ્ચ સ્તરની અને વાસ્તવમાં મહાનતાનાં ગુણ ધરાવતી વ્યક્તિ સમાજ હિત માટે આરંભ કરેલ કોઇપણ કાર્યને ગમે તેવી વિપરીત પરિસ્થિતિ કે વિઘ્નોનો સામનો કરી કાર્યને અવશ્ય પૂરું કરે જ છે અને આવી જ વ્યક્તિઓનાં કારણે વિવિધ સમાજ અને માનવ સંસ્કૃતિઓનો ઉત્તરોત્તર વિકાસ થતો આવ્યો છે. ■

# 'પંચક'નો પરીચય

– ગોર કનકચંદ્ર છગનલાલ વ્યાસ

'પંચક' નામથી સૌ કોઇ પરીચિત હશે જ. આ પંચક વિષે સામાન્યજનને વિશેષ માહિતી ન હોવાના કારણોસર ઘણી બાબતે આ વિષે ગેરસમજ ફેલાતી જોવા મળે છે. પંચકનું શાસ્ત્રોક્ત અને જ્યોતિષ વિદ્યામાં ઘણુંજ મહત્ત્વ છે. પંચકમાં શું કરવું અને શું ન કરવું? એ વિષે સમજતા પહેલાં પંચક એટલે શું? એ સમજી લેવું અત્યંત જરૂરી છે.

સામાન્ય રીતે સાડા ચાર નક્ષત્રના એક વિશિષ્ટ સમયને પંચકના નામે ઓળખવામાં આવે છે. કુંભના ચંદ્ર હોય અને ધનિષ્ઠા નક્ષત્રનું ત્રીજું ચરણ હોય ત્યારે પંચક બેસી જાય છે. જે બારમી રાશિ મીન રાશિના રેવતી નક્ષત્રના ચોથા ચરણ સુધી ચાલે છે. આ પંચકના સમયમાં અશુભ કર્મો ન કરવા એ શુભ કર્મો કરવાનો શાસ્ત્રોક્ત મત છે.

પંચકવાળા સમયમાં કોઇ સ્વજનનું મૃત્યુ થયું હોય તો તે સમયે તે સ્વજનના મૃતદેહને અગ્નિદાહ આપતાં પહેલાં શાસ્ત્રોક્ત મત મુજબની વિધી કરાવવી આવશ્યક ગણાય છે. પંચકના પૂર્વાર્ધમાં ઉઠમણું કે બેસણું ન રાખવાનો પણ શાસ્ત્રોક્ત મત છે.

તે ઉપરાંત નવું ઘર બનાવતા હોઇએ તો તે ઘરની છત પંચકમાં ન ભરવી જોઇએ. નવું દ્વાર મુકવાનું પણ ટાળવું જોઇએ. પંચકમાં પલંગ, સેટી, થડા કે વ્યાપારની બેઠકની સફાઇ કરવાનો નિષેધ છે. આ સમય દરમ્યાન કોઇપણ પ્રકારનું રીપેરીંગ કામ કરવાનું ટાળવું જોઇએ. કોઇ નવી ખરીદીનો ઓર્ડર ન આપવો જોઇએ. કોલસા, કેરોસીન, રાંધણ ગેસ, એસીડ, ઇલેકટ્રીકનો સામાન વગેરેની ખરીદી ટાળવી જોઇએ. ઋણ લેવું એટલે કે લોન લેવી, દસ્તાવેજ કરાવવા, નવા કરાર કરવા, જામીનગીરીના કાર્યે વગેરે ટાળવા જોઇએ. દક્ષિણ દિશા તરફ પ્રવાસ કે યાત્રા ન કરવા. નવું ઘર ભાડે ન રાખવું.

પંચકના સમયમાં શુભ કર્મો અવશ્ય કરવા. જેવા કે નવા મકાન કે દુકાનનું વાસ્તુ, શુભલગ્ન, સગપણ કે વેવિશાળ જેવા શુભ કર્મો પરમ લાભકારી અને હિતકારી નીવડે છે. ટૂંકમાં પંચકમાં શુભકર્મો ઉત્તમ ફળ આપનાર સાબિત થાય છે તેમજ અશુભ કર્મનું વધુ અશુભ ફળ પ્રાપ્ત થતું હોવાનું મુહૂર્ત શાસ્ત્રો જણાવે છે. ■

બિહારીલાલ બુધ્ધભટ્ટી - રાજકોટ

## પંચાયતન પૂજા

ભારતીય સંસ્કૃતિ સર્વગ્રાહી તેમજ સર્વસહિષ્ણુ છે. માનવ પોતાના જીવનમાં ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરીને ચાલે એમાં જ એના સમગ્ર જીવનનું શ્રેય છે એવી ભારતીય સંસ્કૃતિની દૃઢ ધારણા છે. ઈશ્વરનું અસ્તિત્વ સર્વત્ર સ્વીકારનારા મનુષ્યનું નૈતિક જીવન સહજ રીતે વિશુધ્ધ બને, તેનું સાંસ્કૃતિક જીવન ભગવત પ્રેમથી પ્રગટતાં આવેશને કારણે સ્વાભાવિક રીતે ક્રિયાશીલ બને તેમજ આધ્યાત્મિક ઉન્નતિમાં પણ ઈશ્વરના કોઇ એક સ્વરૂપમાં સતત રમતું રહેલું તેનું મન તેને ખૂબ જ સહાયક બને. વળી આ ત્રણે ઉન્નત જીવનોનું પ્રતિબિંબ તેના ભૌતિક જીવનને પણ પ્રકાશિત કરે જેથી એનું ભૌતિક જીવન પણ શાંત, સ્વસ્થ અને સમાધાની બને એ નિ:સંશય વાત છે.

માનવે ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કર્યો પછી તેના કથા સ્વરૂપની પૂજા કરે તેના માટે ભારતીય સંસ્કૃતિનો કોઇ જ દુરાગ્રહ નથી. ભગવાનનાં બધાંજ રૂપો સુંદર અને મનોહર છે. જેનું મન જ્યાં આકર્ષાય તે તે સ્વરૂપનું પૂજન કરે.

*दधि मधुरं मधु मधुरं द्राक्षा मधुरा सुदापि मधुरैव ।*
*तस्य तदेव हि मधुरं यस्य मनो यत्र संलग्नम् ॥*

ભારતીય તત્વચિંતકોએ પણ ધર્મની વ્યાખ્યા નીચે મુજબ કરી છે.

*प्रामाण्यबुद्धिः वदेषु साधनानां अनेकता ।*
*उपास्यानां अनियमः एतद् धर्मस्य लक्षणम ॥*

માનવે પોતાના જીવનમાં કોઇપણ ઉપાસ્ય દેવ સ્વીકારવો જોઇએ. મૂર્તિનું મહત્ત્વ ચિત્ત એકાગ્ર કરવા માટે હોવાથી માનવે પોતાની ધ્યાનમૂર્તિ સતત એક જ રાખવી જોઇએ જેથી સાધનામાં સરળતા રહે.

ખરી રીતે જોતાં વિશ્વ સંચાલક શક્તિ એક જ છે. માનવ પોતાની ભાવના મુજબ તે શક્તિનાં જુદાં જુદાં સ્વરૂપોને હજારો વર્ષથી પૂજતો આવ્યો છે. માનવ મનની ગેરસમજણ તેમજ તેની બુદ્ધિની ખોટા ચાપલ્યને કારણે એક જ શક્તિનાં વિવિધ રૂપોને પૂજનારા ઉપાસકોમાં ઘણાં સંઘર્ષો પણ ઉભા થયા છે. વૈષ્ણવ 'શિવ' શબ્દનો ઉચ્ચાર જ ન કરે અને શૈવમાર્ગીઓ એકાદશીને દિવસે કાંદા ખાય, ત્યાં સુધીની દ્વેષજન્ય બાલીશતા વિભિન્ન સંપ્રદાયોમાં જોવા મળે છે. શ્રીમદ્ આદ્યશંકરાચાર્ય શિવોપાસક છે એમ માનીને વૈષ્ણવો શંકરાચાર્યના નામથી જાણે કે અભડાઇ જાય છે. પરંતુ આદિશંકરાચાર્યે કૃષ્ણભક્તિના ભાવવાહી અને રસ નીતરતા સ્તોત્રો લખ્યા છે તે બારામાં તેમનું ઘોર અજ્ઞાન છે.

વિભિન્ન ઉપાસ્ય દેવોને માનતા રહેલા ઉપાસકોમાં રહેલો દ્વેષ ઓછો કરવા શંકરાચાર્યે યુક્તિ પૂર્ણ રીતે સમાજમાં પંચાયતન પૂજાની શરૂઆત કરી. આ પૂજા અનુસાર સમાજમાં ગણપતિ, શિવ, હરી, ભાસ્કર અને અંબા એ પાંચ દેવતાઓનું પૂજન થવું જોઇએ. આ પાંચ દેવોમાંથી ઉપાસક જેને પ્રધાન માનતો હોય તેને મુખ્ય સ્થાન આપીને આજુબાજુ બીજા ચાર દેવો રાખીને તેણે પૂજા કરવાની. આ રીતે ગણેશ-પંચાયતન, શિવ પંચાયતન વગેરે શરૂ થયા. આ કારણે વ્યક્તિની ભાવના સંતોષાઇ અને સમાજમાં રહેલા વિભિન્ન સંપ્રદાયો વચ્ચેના રાગદ્વેષો પણ ઘટ્યા.

યોગ્ય રીતે સમજવામાં આવે તો પંચાયતન પૂજા અતિશય શાત્રીય છે. વ્યક્તિ જીવન કુટુંબજીવન, સમાજ જીવન, રાષ્ટ્રજીવન કે વૈશ્વિકજીવન સર્વત્ર આ પૂજન ઉન્નતિનું સાધક બને તે નિર્વિવાદ વાદ છે. ગણપતિ, શિવ, હરિ, ભાસ્કર અને અંબાનું પૂજન એટલે બુદ્ધિ, જ્ઞાન, લક્ષ્મી, તેજ અને શક્તિની ઉપાસના. માનવજીવનના વિકાસમાં આ પાંચેય તત્ત્વો જરૂરી છે.

ભારતની ઈશ્વર વિષયક ઉદારતાનું સૌંદર્ય પંચાયતન પૂજામાં જોવા મળે છે. અહીં સાંપ્રદાયિક સંકુચિતતાને સ્થાન નથી. ગણપતિ, શિવ, હરી, ભાસ્કર અને અંબા આ પાંચ દેવ જીવનમાં બુધ્ધિનિષ્ઠા, આત્મજ્ઞાન, પ્રેમ, તેજ અને શક્તિ આ પાંચ તત્ત્વોનું મહત્ત્વ સમજાવે છે.

સમાજમાં ગણપતિની ઉપાસના જરૂરી છે. ગણપતિ, એ બુધ્ધિના દેવતા છે. સમાજમાં પ્રત્યેક માનવ બુદ્ધિનિષ્ઠ બનવો જોઇએ. બુધ્ધિનિષ્ઠા એટલે બુધ્ધિમાં જે ઉતરે તે જીવનમાં સ્વીકારવાની હિંમત. બુધ્ધિનિષ્ઠાના અભાવથી માણસ કેવળ બુધ્ધિવાદી બની જાય છે. બુધ્ધિવાદી માણસ છતી આંખે આંધળો હોય છે. તે જાણે છે બધું જ પણ કરતો કંઇ જ નથી. તેના વિચાર અને આચારમાં માત્ર અંતર જ નહીં પરંતુ વિરોધાભાસ હોય છે. તેની વિચાર સંપદા, ઈશ, લોકારાધન માટે હોય છે. ગણપતિની ઉપાસના માનવમાં જીવન અને કવનનો સુમેળ સાધે છે અને આવી એકનિષ્ઠા જ માનવના વ્યક્તિજીવન તેમજ સમાજ જીવનને ઉજ્જવલ બનાવે છે.

શિવોપાસના માનવને કલ્યાણનો આરાધક બનાવી તેનામાં આત્મજ્ઞાન માટેની અભિરૂચી તેમજ અભિલાષા નિર્માણ કરે છે. સમાજનો પ્રત્યેક માનવ જો આત્મપૂજક બને તો તે સમાજ સર્વાંગ સુંદર બની રહે. આજે પ્રત્યેક માનવ દેહપૂજનમાં રાચે છે. માનવે પોતાના જીવનનું ઉંડાણ ખોઇ નાખ્યું છે એજ આજના કાળની સૌથી મોટી સમસ્યા છે. આજનો સમાજ આંતરસૌંદર્યની ઉપાસના ભૂલી જઈને બહિરંગનો પૂજક થઈ બેઠો છે. માનવે પ્રત્યેક કાર્યના આત્માન ઓળખવો જોઈએ એવી અપેક્ષા શિવોપાસનામાં રહેલી છે. વળી કોઈ પણ કાર્ય સફળતાપૂર્વક કરવા માટે માણસે પોતાની શક્તિઓનો પૂરો અંદાજ મેળવવો જોઈએ એ પણ આત્મજ્ઞાનનો એક ભાગ જ છે.

को देशः कानि मित्राणि कः कालः को व्यायोगमौ ।
कश्चादं का च मेशक्तिः इति चित्यं मुदुमुदः ॥

કામ કરતી વખતે માણસે દેશ, કાળ, શક્તિ, પરિસ્થિતિ, સહકાર વગેરેનો યોગ્ય વિચાર કરવો જોઈએ. આત્મજ્ઞાન દ્વારા થતો આત્મ પરિચય મનુષ્યને મહાનતાના શિખર સર કરવામાં સહાયભૂત બને છે. 'જાતને ઓળખે તે જગતને જીતે.' મહાપુરૂષોના જીવનમાં આ સત્ય આપણને સાકારિત થયેલું જોવા મળે છે.

હરિ એટલે કે વિષ્ણુની પૂજા. જીવનમાં લક્ષ્મીનું મહત્ત્વ સૂચવે છે. માનવના જીવનમાં વિત્તલક્ષ્મી, વિચારલક્ષ્મી, ગુણલક્ષ્મી,

ભાવલક્ષ્મી, પ્રેમલક્ષ્મી વગેરે હોવી જોઈએ. હરિ એટલે આકર્ષક અને વિષ્ણુ એટલે વ્યાપક. જે માનવ પોતાની પાસે રહેલી વિભિન્ન લક્ષ્મીઓને કારણે સૌના આકર્ષણનું કેન્દ્ર બની રહે તેમજ જે પોતાના પ્રેમ વૈભવથી સર્વત્ર ઘૂમી વળે તે જ મહાન વૈશ્વિક કાર્ય કરી શકે. પ્રેમ એ માનવ જીવનમાં પરિવર્તન લાવનારૂં એક અજબ રસાયણ છે.

आदमी को दिमाग से नहीं दिल से जीता जाता है। If you convince a man against his will, he remains of the same opinion------ )

સમાજમાં પ્રભુ કાર્ય કરનાર પાસે માનું દિલ હોવું જોઈએ તેના જીવનમાં તેણે સ્વાર્થ કરતા સેવાને વિશેષ પ્રાધાન્ય આપવું જોઈએ અને સેવામાં પણ અહંકારની દુર્ગંધ ન ભળતાં ઈશપૂજાની સુગંધ મહેકવી જોઈએ.

ભાસ્કરની ઉપાસના માનવને તેજનું મહત્વ સમજાવે છે. હું નિસ્તેજ બનીશ નહીં તેમજ બીજાને હીન ગણીશ નહીં. આ પ્રકારની મનોવૃત્તિ માનવમાત્રમાં નિર્માણ કરવી, એ જ ખરૂં પ્રભુકાર્ય છે. તેજ અને અસ્મિતાશૂન્ય માનવ કોઈ પણ કાર્યને માટે નકામો બની જઈ અળસીયા જેવું જીવન જીવે છે. હું કંઈક છું, હું કંઈક બની શકું છું, હું કંઈક કરી શકું છું – આ વૃત્તિ જ માનવને ઉન્નત બનાવે છે. માણસ દીન, હીન, લાચાર, દુર્બળ, બિચારો કે બાપડો ના બનવો જોઈએ. તેજોમય ભગવાનને નિસ્તેજ માનવ ગમતો નથી. માનવ તેજોદ્વેષી ન બનતાં તેજ પ્રસંશક કે તેજપૂજક બનવો જોઈએ. તેજ પૂજકનું તેજ ભગવાન વધારે છે. તેજપૂજક તેજસ્વી બને છે, જ્યારે તેજોદ્વેષી નિસ્તેજ બને છે. જે વસ્તુનો માણસ દ્વેષ કરે તે ભગવાન એને શી રીતે આપે? સૂર્ય તેજસ્વી છે તે આપણને શક્તિ, પ્રકાશ, ઉર્જા તેમજ જીવન આપે છે. તે કદી માણસને હલકા ઠરાવતો નથી. સમાજમાં કોઈને થોડી મદદ કરીને રાત દિવસ તેને તે સંભળાવીને હલકા પાડનારા સેવકોએ સૂર્ય પાસેથી ઘણું શીખવા જેવું છે.

મા અંબાની ઉપાસના માનવને શક્તિ પૂજાનું રહસ્ય સમજાવે છે. શક્તિનો સ્રોત કોઈપણ કાર્યને વેગવાન બનાવે છે. ભક્તોએ, ઉપાસકોએ કે તત્ત્વ ચિંતકોએ પણ કદી શક્તિની ઉપેક્ષા કરવી જોઈએ નહીં. ઘણી સારી વાતો પણ શક્તિના અભાવે જગતમાં નષ્ટ થયેલી દેખાય છે. પુરાઓમાં ઘણીવાર અસૂરો દેવો ઉપર વિજયી થયા છે. તેમાં દેવોનો શક્તિ ઉપાસનામાં રહેલો પ્રમાદ જ કારણભૂત છે. નિષ્ક્રિય સત્ય ક્રિયાશીલ અસત્ય સામે જીતતું નથી એ વાત શક્તિના ઉપાસકોએ ભૂલવી ન જોઈએ. ક્રિયાશીલ અસત્યને જીતવા માટે પણ સત્યે ક્રિયાશીલ બનવું પડશે અને સત્યના ઉપાસકોએ શક્તિ મેળવવાની સાધના કરવી પડશે એ નિર્વિવાદ સત્ય છે. મહર્ષિ વ્યાસે પણ પાંડવોને તેમના વનવાસકાળ દરમ્યાન શક્તિ પૂજાનો મહિમા સમજાવી શક્તિની પ્રાપ્તિ માટે તપશ્ચર્યા કરવાનો આદેશ આપ્યો હતો. નબળા લોકોની સારી વાતો પણ કાળના પેટમાં નષ્ટ થઈ જાય છે. જગતના ચિરંતન નૈતિક મૂલ્યો યોગ્ય રીતે ટકાવવા હોય તો તેવા સજ્જનોએ સંગઠિત શક્તિથી તેની પાછળ ઊભા રહેવું જોઈએ.

આવી શ્રેષ્ઠ પંચાયતન પૂજા સમાજમાં પુનઃ શાસ્ત્રીય રીતે શરૂ થાય એમાં જ માનવનું પરમ શ્રેય રહેલું છે.

*- પ.પૂ. પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજીના પ્રવચન પરથી*

## 'જ્ઞાતિસેતુ' સામયિક અંગે પ્રસ્તુત પ્રતિભાવ

આપણા જ્ઞાતિસેતુનાં અગાઉનાં અંકમાં ''સેતુનો હેતુ જાળવવા સૂચનો'' એ શિર્ષક અંતર્ગત ભાઇશ્રી પી.જી. સોની 'દાસ'નો લેખ વાંચ્યો એટલે ફરીથી 'સેતુ' વિષે કંઇક વિચારવું જોઇએ, કંઇક વિશેષ કરવું જોઇએ એવું લાગ્યું. જોકે અગાઉનાં અંકમાં મેં પણ સેતુ માટે ખાસ બેઠક બોલાવવી જોઇએ એવો પ્રતિભાવ આપ્યો જ છે.

આપણા 'સેતુ' અંગે અવારનવાર જ્ઞાતિ અગ્રણીઓ સાથે વિચાર-વિમર્શ થતા જ હોય છે. પણ જ્ઞાતિજનોમાં સેતુ પ્રત્યે ઉત્સાહ કે જાગૃતિ કંઇ ઓછી દેખાતી હોય એવું મને લાગે છે જે આપણા સમાજ માટે કંઇક ખૂટતું હોય એવું દેખાય છે. એટલે સ્વાભાવિક રીતે જ એક વિચાર આવે કે સેતુનાં હેતુ માટે હજી વધારે શું કરવું જોઇએ. ચોક્કસપણે માનવું છે કે સેતુને હવે મોટા ફલકની જરૂર છે. જો સેતુ ભુજથી પ્રકાશિત થાય તો? તો મને લાગે છે, જે સેતુ અત્યારે ઝડપથી ચાલે છે તે દોડવા માંડશે અને સોનામાં સુગંધ ભળ્યા બરાબર કહેવાશે. મારો કહેવાનો આશય મુદ્દલે એવો નથી કે સેતુ બરાબર ચાલતું નથી. સેતુ બરાબર જ ગતિમાં છે. એને વધુ પ્રગતિમાં લઇ જવાની જરૂર છે.

અહીં ભુજ અને જીલ્લામાં મહામંડળ, ભુજ સોની સમાજ, યુવક મંડળ વિ. પાંખો સક્ષમ છે. અથવા તો અલગ ટીમ બનાવીને સેતુનું અહીંથી સંચાલન કરી શકાય. પણ મને તો સૌથી મહત્વની એ વાત લાગે છે કે અમદાવાદનાં સંચાલકોએ પોતાનું વલણ-નિતી સ્પષ્ટ કરવાની જરૂર છે. તો જ આગળ વધી શકાય. વાતો, ચર્ચા કે ચિંતા કરવા કરતાં સાથે બેસીને ચિંતન કરવાની તાતી જરૂર છે. જેમ અખબારોમાં ખબરપત્રીઓ-પ્રતિનીધીઓ હોય છે એ રીતે તાલુકા કે મુખ્ય ગામોમાં ખબરપત્રી હોવા જોઇએ. એમને ઓળખકાર્ડ આપવા જોઇએ. સેતુ દર માસે પ્રકાશિત થવું જોઇએ. સેતુ ભુજથી પ્રકાશિત થાય તો પણ અમદાવાદ-કચ્છની ટીમે સંયુક્ત રીતે કાળજી લઇને સેતુને સુપેરે ચલાવવા કમર કસવી જોઇએ એવું મારૂં નમ્રપણે માનવું છે.

*ચુનીભાઈ પોમલ - ભુજ*

## "સેતુ"ને સહયોગ

**હાલમાં 'જ્ઞાતિસેતુ' માટે અંજાર, ભુજ, નખત્રાણા, માંડવી, માધાપર, રાયપુર વિ. સ્થળોએ સમાજના સેવાભાવી મિત્રો દ્વારા ખૂબ સારો સહયોગ મળી રહેલ છે. આ સિવાયના શહેર / ગામમાં વસતાં જ્ઞાતિના અગ્રણી / કાર્યકરોને આ સેવાકીય પ્રવૃત્તિમાં સહયોગ આપવા હાર્દિક આમંત્રણ છે.**

**"સેતુ"ના માનદ્ સહયોગી કાર્યકર મિત્રોએ તેમના વિસ્તારની જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓના અહેવાલો સમયસર મેળવવા, લવાજમ મેળવવા, નવા સભ્યો બનાવવા, જ્ઞાતિસેતુ માટે જાહેરાત મેળવવા તથા સમાજના નવોદિત લેખકોને લેખ / કાવ્યો મોકલવા પ્રેરીત કરવા જેવી કામગીરી કરવાની રહે છે.**

**જો આપ "જ્ઞાતિ સેતુ"ના માનદ્ સહયોગી તરીકે સેવા આપવા ઈચ્છતા હો તો આપનું નામ, સરનામુ તથા ફોન નંબર સાથે "જ્ઞાતિ સેતુ" કાર્યાલય પર પત્ર લખી જણાવવા વિનંતી છે.**

***– "જ્ઞાતિસેતુ" વ્યવસ્થાપક મંડળ***

# માનવ જીવનને સુરમ્ય રંગોથી નિખારતી શિક્ષાપત્રી

પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં મહા સુદ-૫ અર્થાત્ વસંત પંચમીનો તહેવાર અતિ ઉત્સાહ સભર ભક્તિભાવથી મનાવવામાં આવે છે. તે અંગેનું સવિશેષ કારણ તો એ છે કે સમગ્ર વિશ્વના મનુષ્યોના મોક્ષની અને આત્યંતિક કલ્યાણ અર્થે શ્રી સહજાનંદ સ્વામીએ સંવત ૧૮૮૨ના મહાસુદ પાંચમ ના રોજ વડતાલ મધ્યે સ્વ હસ્તે ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રીની રચના કરી. પ્રત્યેક વર્ષે આ શુભ દિન શિક્ષાપત્રી જયંતિ તરીકે ઉજવાતો રહે છે. મળસ્કે અતિ આદર થકી સંપ્રદાયના આચાર્ય મહારાજ તથા સંતો, સત્સંગી હરિભક્તો 'શિક્ષાપત્રી'નું પૂજન અર્ચન કરે છે. શિક્ષાપત્રીમાં આચાર, વિચાર અને વ્યવહારની વાતો વણી લઈને તેમણે માત્ર ૨૧૨ શ્લોકમાં ગાગરમાં સાગર ભર્યો છે.

શિક્ષાપત્રી, એ ૨૧૧ અનુષ્ટુપ અને એક ઉપજાતિવૃત્તનું નાનકડું પુસ્તક કહી શકાય. શ્લોકોની વહેંચણી ક્રમાનુસાર અને અદ્ભુત છે. આડત્રીસ શ્લોકોમાં સદાચાર, શિષ્ટાચાર, શૌચ, સાંપ્રદાયિક ચિન્હો આદિ વિગતો આપેલી છે. બાવીસ શ્લોકોમાં ગૃહસ્થોએ પાળવાના વિશેષ નિયમો છે. વીસ શ્લોકોમાં સંપ્રદાયના તાત્વિક સિધ્ધાંતો દર્શાવેલા છે. અઢાર શ્લોકો સત્સંગીઓએ કરવાના નિત્યકર્મો તથા વિશેષ પ્રકારના નીતિ નિયમો છે. સત્તર શ્લોકો સત્સંગીઓના નૈમિત્તિક કર્મો દર્શાવ્યા છે. સોળ શ્લોકોમાં સધવા વિધવાના ધર્મોનું નિરૂપણ કરેલું છે. સાત શ્લોકો સાધુઓના ધર્મના છે. જયારે તેર શ્લોકોમાં બ્રહ્મચારીના નિયમોનું નિરૂપણ છે. આચાર્ય તથા આચાર્ય પત્નીના ધર્મો બાર શ્લોકોથી ભરેલા છે. દસ શ્લોકો પ્રસ્તાવિક છે. જયારે સંપ્રદાયના માન્યગ્રંથોની સમજણ પણ અન્ય દસ શ્લોકોમાં અપાઈ છે. રાજાઓને કે શાસકોને લગતા બે શ્લોકો આપવામાં આવ્યા છે. આ શિક્ષાપત્રીમાંના અગિયાર નિયમો મંદિરમાં પ્રતિદિન સાયં પ્રાર્થના સમયે બોલાય છે.

શિક્ષાપત્રીનું લખાણ કે આજ્ઞાઓનું લખાણ ટૂંકુ છતાં અત્યંત માર્મિક છે. તે તો દૃષ્ટાંતો આપીને જ સમજાવવા પડે. માનવ જીવનમાં આરોગ્યની જાળવણી મુખ્ય છે. આ સંદર્ભે ત્રીસમા શ્લોકમાં જણાવ્યું છે કે, "ગાળ્યા વિનાનું જળ ન પીવું અને જે જળને વિશે ઝીણા જીવ ઘણાક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી." એવી જ રીતે બત્રીસમાં શ્લોકમાં તેઓશ્રીએ લખ્યું કે, "લોક અને શાસ્ત્રમાં નિષિધ્ધ કરેલા સ્થળોમાં મળમૂત્ર ન કરવા કે થૂંકવું પણ નહિં."

જીર્ણ દેવાલય, નદી તળાવના આરા, ચાલવાના માર્ગો, વૃક્ષોની છાયા, વાવેલાં ખેતરો, ફૂલવાડી-બગીચા આ તમામ સ્થળોએ મળમૂત્ર ન કરવા તથા થૂંકવું પણ નહિં. આપણે સમજી શકીએ છીએ કે આપણા દેશમાં મોટેભાગે લોકો જયાં ત્યાં મળમૂત્ર કરતા રહે છે. થુંકતા રહે છે. મોંમા ગુટકાઓ ભરેલા હોય તેની પિચકારીઓ કે પાન ચાવતા હોય તેની પિચકારી ગમે ત્યાં લોકો નાંખે છે. આમ દૂષિત પર્યાવરણના અનેક લોકો ભોગ બને છે. આ બે નિયમો દેશમાં રોગોના પ્રમાણને ઘટાડવા ખૂબજ ઉપયોગી છે.

આજે આ કળિયુગમાં લોકો ખૂબ દેખાદેખી કરતા થયા છે. અન્યો પાસે હોય તે પોતાની પાસે હોવું જ જોઈએ. સમાજમાં પોતાની ધનપતિ તરીકેની છાપ ઉભી કરવા લોકો પોતાની ઉપજ કરતાં વધુ ખર્ચ કરીને દેવાળીયા બને છે. તેથી જ શ્રી સહજાનંદ સ્વામીએ ૧૪૫ તથા ૧૪૬મા શ્લોકમાં વર્ણવ્યું કે પોતાની ઉપજ પ્રમાણે નિરંતર ખર્ચ કરવો. પોતાના વ્યવહાર કાર્યને વિષે જેટલા ધનની ઉપજ હોય તથા જેટલો ખર્ચ હોય તે બેયને સંભારીને, નિત્ય પ્રત્યે, રૂડા અક્ષરે પોતે તેનું નામું લખવું."

બ્રહ્મચર્ય વ્રતની વાત ગૃહસ્થો માટે, સંતો પાર્ષદો માટે ખાસ લખી છે. ૧૮૦માં શ્લોકમાં તો ઉપદેશ્યું છે કે, "બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય એવું ગુરૂનું વચન પણ ન માનવું." સંતોને અષ્ટ પ્રકારના બ્રહ્મચર્ય પાળવા આદેશ છે. તેમ છતાં આપદ્ કાળ સમયે સ્ત્રીઓની રક્ષા સાધુ સંતો કરી શકે તેવું ૧૬૨માં શ્લોકમાં દર્શાવ્યું છે. શિક્ષાપત્રીના ૧૧ થી ૧૩ માં શ્લોકમાં ખાસ અહિંસા વિષેની આજ્ઞાઓ છે. તેઓશ્રી લખે છે કે, "અમારા સત્સંગીઓએ કોઈ જીવ પ્રાણીમાત્રની હિંસા ન કરવી અને જાણીને તો જુ, માંકડ, ચાંચડ આદિ ઝીણા જીવ તેની હિંસા કયારેય ન કરવી. અને દેવતાને પિતૃના યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગણાં, સસલાં, માછલાં આદિક કોઈ જીવની હિંસા ન કરવી. કેમ કે અહિંસા છે એજ મોટો ધર્મ છે. એમ સર્વે શાસ્ત્રોમાં કહ્યું છે."

સાધુજનોને તો એવી ભલામણ કરી છે કે, "કોઈક કુમતિવાળા જન હોય, અને તે ગાળ દે અથવા મારે તો સહન જ કરવું, પરંતુ તેને ગાળ ન દેવી ને મારવો નહિં ને તે મારનાર કે ગાળ દેનારનું જેમ હિત થાય તેમજ મનમાં ચિંતવન કરવું." આ આજ્ઞા ૨૦૧માં શ્લોકમાં આપેલી છે. આવી તો અનેક અદ્ભૂત આજ્ઞાઓ જીવનની સંજીવની સ્વરૂપ છે. મોટા સંતો તો આજે પણ જાહેર સભામાં પ્રવચનો દરમ્યાન કહેતા રહે છે કે, "જો કોઈ વ્યક્તિ શિક્ષાપત્રીમાં આપવામાં આવેલ આજ્ઞાઓ કે નિયમોનું યર્થાથ પાલન કરે તો તે વ્યક્તિના જીવનમાં કયારેય દુઃખ પ્રવેશતું નથી. આમ શિક્ષાપત્રી એનો અદ્ભૂત અંજન શલાકા છે.

*૨૦૦૧ના ભૂકંપે ભાંગ્યા ઘર, તન ને મન. એ ભૂકંપના ભંગારમાંથી હૂમા પંખીની જેમ રાખમાંથી ફરી પાછો માનવી, બેઠો થઈ ગયો છે. પરંતુ ઈતિહાસને ચોપડે એ વિનાશની વાતો કાળા અક્ષરે લખાઈ જ ગઈ છે. શું આ વિપત્તિ માત્ર અને માત્ર પ્રકૃતિદત્ત હતી? કે માનવીની 'તૃષ્ણા' પણ એમાં કારણભૂત હતી? આ સવાલના ઉત્તરો સ્પષ્ટ છે. એના પરથી માનવે જે બોધ લેવાનો છે તે લેશે. અહીં આપણે માત્ર આપણા સમાજની અને તે પણ કાળી વાદળીને છેડે પ્રકાશની જે લકીર હોય તેવી પ્રેરણાદાયક વાતોને ઈતિહાસને ચોપડે ચડાવવી છે. ભૂકંપગ્રસ્ત પરિવારોએ ભોગવેલી તકલીફો અને એમાંથી બહાર આવવા એમના વ્યક્તિગત અને સામૂહિક પ્રયાસોની પ્રેરણાદાયક વિગતો મોકલવા સુજ્ઞ વાંચકોને અનુરોધ છે.*

*— મુખ્યતંત્રી*

# અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

*શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની દિનાંક ૨૧-૧-૨૦૧૧ના રોજ નખત્રાણા મુકામે મળેલી સામાન્ય સભાના સમાચાર, જે કચ્છના અગ્રગણ્ય દૈનિક અખબાર 'કચ્છમિત્ર'માં તા. ૨૨-૧-૨૦૧૧ના રોજ પ્રકાશિત થયા હતા તે ('કચ્છમિત્ર'ના સૌજન્ય સ્વીકાર સાથે) મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોની અને મહામંત્રી શ્રીના ખાસ ટેલીફોનીક આદેશ મુજબ પ્રકાશિત કરવામાં આવે છે.*
*– મુખ્યતંત્રી*

અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની સામાન્ય સભા નખત્રાણા મધ્યે મળી હતી.

મારૂ કંસારા સોની સમાજને સાચા પથદર્શક - સદ્‌ગુરૂની જરૂર હોવાનું અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની આ સભામાં મહામંડળના અધ્યક્ષ શ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતીએ જણાવતાં સાથે ભુજના પાદરમાં જ્ઞાતિજનો માટે વિશાળ સંકુલ ઊભું કરવાની નેમ વ્યક્ત કરી હતી.

પાંચ વર્ષની મુદત પૂર્ણ કર્યા બાદ ફરી ત્રણ વર્ષ માટે સર્વાનુમતે અધ્યક્ષ વરાયેલા શ્રી પ્રભુદાસભાઈએ 'સોની સમાજવાડી' નખત્રાણા ખાતે આયોજિત સામાન્ય સભામાં જ્ઞાતિજનોનો આભાર પણ માન્યો હતો.

આરંભમાં શ્રી રવજીભાઈ સાકરિયાએ શાબ્દિક સ્વાગત કર્યા બાદ શ્રી હીરાલાલ બગ્ગાએ ગત મિનિટ્સનું વાંચન જ્યારે શ્રી ચંદુભાઈ ચનાણીએ હિસાબો રજૂ કરવા સાથે ગત વર્ષની કાર્યવાહીની સમીક્ષા કરી હતી. અંજારના શ્રી હરિભાઈ વીસા પરમારે કોર કમિટિની રચના કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. શ્રી ચુનીભાઈ પોમલ (કોઠારા)એ ચાંદીકામને નાના ગૃહઉદ્યોગ તરીકે માન્યતા આપવા ખાદી ગ્રામોદ્યોગ કમિશન અમદાવાદને કરેલી રજૂઆતની વિગતો આપી હતી.

શ્રી પી.જી. સોની 'દાસ'એ જ્ઞાતિ માટે કંઈક કરી છૂટવાની ભાવનાવાળાઓને જ કારોબારીમાં સમાવેશ કરવા તેમજ રાજકીય ક્ષેત્રે પણ અવાજ બુલંદ કરવા સહિતના સૂચનો કર્યા હતા.

કુ. એકતા કટ્ટા (અંજાર)એ તમામ હોદ્દેદારોમાં સંકલન સાધવા અપીલ કરી હતી. જયશ્રીબેન બુધ્ધભટ્ટી (ભુજ)એ કારોબારીની રચના અંગે સૂચનો કર્યા હતા.



*મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ આયોજિત સામાન્ય સભાની તસવીરમાં મંચ પર અધ્યક્ષ પ્રભુદાસ ગુજરાતી સહિતના અગ્રણી મહેમાનો નજરે પડે છે.*

મહામંડળના મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ સોલંકીએ (વડાલી-સાબરકાંઠા) વસતિનાં ધોરણે કારોબારીનું કદ ઘટાડવા, શ્રી હેમેન્દ્ર કંસારાએ આગામી કારોબારીમાં બહેનોને વધારે પ્રતિનિધિત્વ આપવા સૂચન રજૂ કર્યા હતા. ભુજ જ્ઞાતિનાં પૂર્વ પ્રમુખ શ્રી અમૃતલાલ સોલંકી, શ્રી લખમશીભાઈ કોટડિયા, શ્રી ચેતનભાઈ બારમેડા - ભુજ, શ્રીમતી લતાબેન સોલંકી (ભુજ)એ સૂચનો કર્યા હતા.

આવતી સામાન્ય સભા મોટા અંબાજી ખાતે બોલાવવી જોઈએ એવું સૂચન ધર્મેન્દ્ર સોલંકી (સાબરકાંઠા)એ કર્યું હતું.

આ પ્રસંગે ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણી, મંત્રી શ્રી દિલીપભાઈ બગ્ગા, શ્રી સુનીલભાઈ કંસારા, શ્રી પ્રાણલાલ નરભેરામ સોની, શ્રી ઈશ્વરભાઈ હેડાઉ, સુધાબેન બુધ્ધભટ્ટી, શ્રી હિંમતભાઈ બગ્ગા, માંડવી જ્ઞાતિ પ્રમુખ શ્રી સુરેશભાઈ પ્રાગજી સોલંકી, શ્રી વિનોદભાઈ કંસારા, રસીલાબેન બુધ્ધભટ્ટી, શ્રી પ્રવીણ એલ. સોલંકી, શ્રી રસિકભાઈ બુધ્ધભટ્ટી વિ. મંચસ્થ રહ્યા હતા.

સંચાલન તથા આભારદર્શન શ્રી ચંદુભાઈ ચનાણીએ કર્યું હતું. વ્યવસ્થા નખત્રાણા યુવક મંડળના સર્વશ્રી પ્રફુલ્લ કંસારા, પ્રકાશ હરિૐ, મનીષ સોલંકી, દીપક કટ્ટા, નીલેશ કટ્ટા, તરુણ સોલંકી, બટુક સોની, જેષ્ઠારામ સોલંકી, કૈલાશ કટ્ટા વિ.એ સંભાળી હતી.

*'જ્ઞાતિસેતુ'ના ગત અંકમાંના તંત્રીલેખની ફરી યાદ આપવામાં આવે છે કે સંસ્થાગત અહેવાલ, સંસ્થાના હોદ્દેદારો તરફથી મળે તો તે અધિકૃત ગણાય. **Secondary Sources** દ્વારા મેળવેલી વિગતો ક્યારેક ક્ષતિયુક્ત હોઈ શકે છે. અતઃ સર્વે મંડળોને એમના સંસ્થાકીય પ્રવૃત્તિઓના અધિકૃત અહેવાલ સમયસર મોકલવા ફરીથી વિનંતી છે.*
*– મુખ્યતંત્રી*

# લગ્ન કરતાં 'સગપણ' મોંઘું બન્યું....

*"પાટીદાર સંદેશ"માં પ્રકાશિત આ લેખ જો કે પાટીદાર સમાજ માટે લખાયો છે. પરંતુ એની વિગતો આપણી જ્ઞાતિના કહેવાતા આધુનિક સમાજને પણ લાગુ પડે છે.*

***– મુખ્ય તંત્રી***

સમાજના પરિવારો પોતાના દીકરા-દીકરીના સગપણ માટે ભારે બોજ સાથે દોડા-દોડી કરતા નજરે પડે છે. ક્યાંક સારૂં ઠેકાણું મળી જાય તેની શોધમાં મા-બાપ આકાશ-પાતાળ એક કરતા હોય તેવી પરિસ્થિતિ આજે જોવા મળે છે. ***સાદાઈથી થતા સગપણ (ચાંદલા) નો પ્રસંગ આજે મોંઘો બન્યો છે. આ પ્રસંગ પાછળ ખર્ચા વધ્યા છે. એકબીજામાં સારૂં દેખાડવા ગજા બહાર આવા નાના પ્રસંગે મોટો ખર્ચ કરી પોતાના વૈભવી ઠાઠ-માઠનું પ્રદર્શન કરી ઘેર આવનાર મહેમાનોને ખુશ કરવાના પ્રયત્નો આજે સમાજમાં થઈ રહ્યા છે. પરિણામે નબળી આર્થિક સ્થિતિ ધરાવતા પરિવારોને આવા ખર્ચા સામે ભારે સહન કરવું પડે છે.***

વર્ષો પહેલાં પરંપરાગત 'સગપણ'ના પ્રસંગે યુવક-યુવતીના ઘેર ચાંદલાની સામાન્ય વિધિ પરિવારના પાંચેક સભ્યો જઇ પૂર્ણ કરતા હતા. જેમાં યુવકને જોડ કપડાં તેમજ યુવતીને કપડાં સાથે ચુની કે ઝાંઝર આપવાનો રિવાજ હતો. આજે આ પ્રસંગમાં લેવડ-દેવડ ઘણી વધી ગયેલી જોવા મળે છે. આજે આ સગપણ પ્રસંગે પ્રથમ તો પચ્ચીસથી વધુ માણસો છોકરી કે છોકરાને જોવા, સામે પરિવારના ઘેર જાય છે. પ્રથમ રાઉન્ડમાં સોપારી સ્વીકારવાની વિધિ થાય. નક્કી થઇ જાય તો મોટું રસોડું કરી રસોઇ થઇ જાય. ત્યારબાદ સગપણની તારીખ નક્કી થાય. મોટા ભાગના સગાને લઇ થનાર વેવાઇના ઘેર પચાસથી પણ વધુ માણસોના જીપ-ટેમ્પા ભરીને જાણે જાન ભરીને આવ્યા હોય તેવો માહોલ જોવા મળે છે.

જેનું સગપણ નક્કી થનાર છે તે મુરતીયો પણ સાથે લઇ જવાય છે. આ મુરતીયો ફુલેકે ચડાવ્યા વગર થનાર સાસરીમાં આ પ્રસંગે જાય છે. જો જો જરા આ સુધરેલી પેઢીની આ વાત છે... સગપણ પ્રસંગે યુવક-યુવતીને સાથે બેસાડાય છે. ચાંલ્લા વિધિ થાય છે. વિડીયો અને ફોટોગ્રાફીના કચકડે આ પ્રસંગ મઢાય છે. ગીતો ગવાય છે. વિધિ બાદ બંને જોડકાંને માથે હાથ ફેરવી આશીર્વાદ અપાય છે. આશીર્વાદમાં દસની નોટ ભૂલાઇ ગઇ. હવે તો પચાસથી સો અને પાંચસોની પીળી નોટ દરેકને આપવી પડે છે. સગપણ થનાર યુવતીને પહેલાના સમયમાં કપડાંની જોડ કે એકાદ નાના દાગીના સિવાય કોઇ વસ્તુ ભાગ્યે જ અપાતી હતી. આજે આધુનિક સમાજની બહેનોએ આવા ખર્ચને મર્યાદિત રાખવાને બદલે દેખાદેખીમાં વધારો કર્યો છે.

આજે યુવતીને કપડાં તો ખરા જ પણ સાથે શરીરના અંગે અંગના શણગારોની ભેટમાં વધારો થયો છે. વેવાઇ પક્ષે આ સગપણ જેવા પ્રસંગે સગા સાથે મિત્રોને જમણવારમાં આમંત્રણ અપાય છે. ***આજકાલ સમૂહ લગ્નના સમારંભમાં સામાન્ય ખર્ચ કે વિના ખર્ચ લગ્ન થઈ જાય છે ત્યારે આવા ખર્ચાળ 'સગપણ'નો પ્રસંગ લગ્નના ખર્ચા જેવો બની જાય છે. આમ સગપણ પ્રસંગે લગ્નસરાની જેમ જ ખર્ચ અને ઠાઠ-માઠ કર્યા પછી બાકી રહે છે ફક્ત 'લગ્નફેરા'....***

સગપણના ખર્ચા આટલેથી અટકતા નથી. સગપણની બાબતે આજે સમાજમાં સર્જાયેલી યુવતીઓની કૃત્રિમ અછતને કારણે યુવતી મળી એટલે છોકરા પરિવાર પક્ષે જાણે ઘરમાં લોટરી લાગી... આવા માંડ ઠેકાણે આવેલા સગપણ તુટે નહિ એટલે યુવતીને સારૂં લગાડવા થનાર ઘરની વહુ (યુવતી)ના જન્મદિને ભેટ-સોગાદો અપાય છે. તહેવાર સમયે માત્ર મીઠાઇ અપાતી તેના સ્થાને મીઠાઇ સાથે મનગમતા ડ્રેસ અને નાનો સરખો દાગીનો તો ખરો જ...! આમ સગપણ પહેલાં આટલો ઠઠારો કર્યા પછી પણ લગ્ન થાય તે પહેલાં જ ઘણીવાર 'સગપણ' તુટી જતા હોય છે. આજના યુવાન-યુવતીઓ પણ ભણેલા હોવા છતાં મા-બાપની પરિસ્થિતિને સમજવામાં નિષ્ફળ ગયા હોય તેમ જણાય છે.

આવા સામાન્ય પ્રસંગોમાં દિન-પ્રતિદિન દેખાદેખીએ ખર્ચા વધી રહ્યા છે. સમાજમાં આર્થિક રીતે નબળી સ્થિતિમાં ગુજરાન ચલાવતા આપણા જ સમાજના પરિવારજનોને આવી દેખાદેખીની હરિફાઇમાં ટકવું અને પરિસ્થિતિ ન હોવા છતાં આવા પ્રસંગોએ વ્યવહારિક લેવડ-દેવડ નછુટકે કરવી પડતી હોય છે. પૈસે-ટકે સુખી પરિવારો આવા ખર્ચા કરી પોતે દુનિયામાં કંઇક છે એવું લોકમાનસમાં જમાવવા પ્રસંગોએ નવા નવા ખર્ચા કરતા હોય છે. પરંતુ સમાજનો નબળો વર્ગ આવા પ્રસંગોના ખર્ચા ક્યાંથી પુરા કરશે? સગપણમાં ભેટ-સોગાદોથી ખુશ કરેલી દીકરી જ્યારે વહુ બનીને લગ્ન બાદ ગરમાં ગૃહપ્રવેશ કરી કંકુ પગલાં કરે છે ત્યારે પરિવારમાં હરખનો પાર રહેતો નથી. પણ એજ ઘરમાં ધીમે ધીમે એ વહુને સાસુ-વહુ સામ-સામે આવે છે તેવા સંજોગોમાં સગપણમાં સજાવેલ શણગારને ઘડીકના છઠ્ઠા ભાગમાં કેરોસીન છાંટી વહુને ભડકે બાળી દેવાના કે ત્રાસ ગુજારી વહુને દવા ગટગટાવવાની ફરજ પાડનારા અનેક કિસ્સા પણ સમાજમાં છાશવારે બનતા રહે છે.

***આમ માત્ર સગપણ જેવા નાના પ્રસંગે શાહી રાજા જેવા ઠાઠ-માઠ કરી વેવાઈઓને સારૂં દેખાડવાના નુસ્ખા હવે બંધ કરવા જોઈએ. લગ્નના ખર્ચા બંધ કરી સમાજ હવે સમૂહ લગ્ન તરફ વળ્યો છે ત્યારે સગપણ જેવા સામાન્ય પ્રસંગે લગ્ન જેવા લખલૂટ ખર્ચમાં ફેરવી સમાજને ખોટો રાહ ચિંધનાર આપણા પરિવારના વડીલોએ તેમજ કુટુંબીજનોએ હવે જરા થોભી, વિચારી...વધતી જતી અસહ્ય મોંઘવારીમાં આવા નાના પ્રસંગો વધુ આર્થિક બોજવાળા ન બને અને સમાજના દરેક પરિવારોને અનુકૂળ બને તે રીતે આ નાનો પ્રસંગ એવા 'સગપણ'નો વ્યવહાર કરવો જોઈએ જે સમાજ અને પરિવારના હિતમાં છે.***

**સૌજન્ય : 'પાટીદાર સંદેશ'**

***ઉપરોક્ત વિષયે આપણા સમાજની કહેવાતી 'નવી પેઢી' કેટલી જાગૃત છે તે જણાવતા લેખો આવકાર્ય છે.***

***– મુખ્યતંત્રી***

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

**શ્રીમતી રોહિણીબેન બુધ્ધભટ્ટી**

## નાના બાળકો માટે વક્તૃત્વ સ્પર્ધા



તા. ૨૨-૧-૧૧ના રોજ બાળકો માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૪થી ૧૫ વર્ષના બાળકોએ ભાગ લીધો હતો. ૪ થી ૯ અને ૧૦થી ૧૫ એમ બે વય ગ્રૂપ પાડવામાં આવેલ. ગ્રુપવાઈઝ વૃક્ષ અને પ્રદૂષણ વિષય રાખવામાં આવેલ. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના અલગ વિભાગ હતા.

નયનાબેન ચનાણી અને પ્રીતિબેન બગ્ગા કાર્યક્રમના ચેરપર્સને મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. મહિલા મંડળના પ્રમુખ લતા સોલંકીએ પ્રમુખ સ્થાનેથી બોલતાં જણાવ્યું કે બાળકોમાં રહેલી વક્તૃત્વની પ્રતિભા ખીલવવા અને વિષયની છણાવટ કરી જ્ઞાનમાં અભિવૃધ્ધિ કરવામાં વક્તૃત્વ સ્પર્ધા અગત્યનો ભાગ ભજવે છે. બાળકોના મનમાં રહેલ ઓડિયન્સ સામે બોલવાનો ભય દૂર થશે તો એ આગળ જતાં પોતાના વિચારો નિર્ભિક રીતે વ્યક્ત કરી શકે એ ધ્યાનમાં લઈ આ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ છે.

અતિથિ વિશેષ શ્રી નરેન્દ્રભાઈ બારમેડાએ મહિલા મંડળની પ્રવૃત્તિને બિરદાવી હતી અને ભવિષ્યમાં બાળકો માટેના આવા કાર્યક્રમમાં સંપૂર્ણ સાથ સહકાર આપવાની ખાતરી આપી હતી.

જયશ્રીબેન પરમાર, સરસ્વતીબેન સોલંકી અને તેજલબેન છત્રાળાએ જજ તરીકેની સેવાઓ આપી હતી.

જયશ્રીબેન અને સરસ્વતીબેને બાળકોને કોઈપણ જાતના ભય વગર બોલવા પ્રોત્સાહિત કર્યા હતા. તેજલબેને વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેવા કઈ રીતે તૈયારી કરવી એની જાણકારી આપી હતી.

વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેનાર બાળકોને મહિલા મંડળ તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન રોહિણીબેન બુધ્ધભટ્ટીએ કર્યું હતું. નીલાબેન, ઈંદીરાબેન, સુધાબેન, માલતીબેન, જુલીબેન, અરૂણાબેન, રીટાબેન, જયશ્રીબેને સહયોગ આપ્યો હતો.

**વિજેતાઓના નામ :**

- *૪ થી ૧૦ વર્ષ : અંગ્રેજી*
  પ્રથમ : રાજવી સોલંકી, દ્વિતીય : દેવાંશી સોલંકી
- *૪ થી ૧૦ વર્ષ : ગુજરાતી*
  પ્રથમ : હેમાંગી બુધ્ધભટ્ટી, દ્વિતીય : ધ્રુવ બીજલાણી,
  તૃતીય : રિધ્ધિ કટ્ટા.
- *૧૧થી ૧૫ વર્ષ : અંગ્રેજી*
  પ્રથમ : જહાન્વી પોમલ
- *૧૧થી ૧૫ વર્ષ : ગુજરાતી*
  પ્રથમ : ભક્તિ સોલંકી, દ્વિતીય : વિશ્વાસ કંસારા,
  તૃતીય : ભક્તિ બીજલાણી.

## બાળ તંદુરસ્તી સ્પર્ધા



તા. ૫-૨-૧૧ના રોજ ૦થી ૩ વર્ષના બાળકો માટેની બાળ તંદુરસ્તી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.

અતિથિ વિશેષ તરીકે શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી, અનિલભાઈ મગનલાલ ચનાણી, યુવક મંડળના પ્રમુખ શ્રી અનિલ છત્રાળા હાજર રહ્યા હતા.

બ્લોક હેલ્થ ઓફિસર ભુજ, બ્લોક ઓફિસર શ્રી ગાલા સાહેબે ડોક્ટર ટીમની વ્યવસ્થા ગોઠવી આપી હતી. ડક્ટર માયાબા જાડેજા સાથે જાગૃતિબેન ત્રિવેદી અને શોભનાબેન ઠક્કરે સહાયક તરીકે સેવાઓ આપી હતી. મહેમાનોનું સ્વાગત જુલીબેન સોલંકી અને જયેષ્ઠાબેન બારમેડા (કાર્યક્રમના કન્વીનર)ના હસ્તે પુષ્પગુચ્છથી કરવામાં આવેલ.

ડો. માયાબા જાડેજાએ બહેનોને ગર્ભાવસ્થા દરમ્યાન લેવાતી કાળજી, દવાઓ અને ખોરાક વિશે વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું હતું કે સ્વસ્થ માતા જ સ્વસ્થ બાળકને જન્મ આપે. તેઓએ બાળકના

જરૂરી આહાર વિશે સમજણ આપી, સ્તનપાનનું મહત્ત્વ સમજાવ્યું હતું. જાગ્રતિબેને બાળકોને અપાતી વિવિધ રસી વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે સમયસર અપાતી રસી બાળકોને અનેક રોગોથી બચાવે છે અને નિરોગી બાળકનો વિકાસ ઝડપી થાય છે.

પ્રમુખ સ્થાનેથી મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકીએ જણાવ્યું કે 'સ્વસ્થ બાળક – સ્વસ્થ રાષ્ટ્ર'ના ઉદ્દેશ્ય સાથે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આપણી બહેનો બાળકોના સ્વાસ્થ્ય પ્રતિ જાગરૂક રહે છે તે માટે અભિનંદન આપ્યા હતા. ડોક્ટરશ્રીના જણાવ્યા પ્રમાણે બધા બાળકો સ્વસ્થ છે, કોઈ ગંભીર નથી – એમ જણાવી બહેનોને શાબાશી આપી હતી.

'બાળ તંદુરસ્તી સ્પર્ધા'ના સમગ્ર કાર્યક્રમના દાતાશ્રી સ્વ. મગનલાલભાઈ વેલજી ચનાણી પરિવારનો તેમણે ખૂબ ખૂબ આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે દાતાશ્રીના સહયોગથી જ આવા કાર્યક્રમ કરવા પ્રેરણા મળે છે.

શ્રી પ્રભુદાસભાઈ ખેતશીએ સમૂહ લગ્નની સ્વર્ણ જયંતી પ્રસંગે મહિલા મંડળને રૂા. ૧૧,૦૦૦/-નું દાન આપ્યું હતું. શ્રી પ્રભુદાસભાઈ અને તેમના ધર્મપત્ની શ્રીમતી સાવિત્રીબેનનું સન્માન મહિલા મંડળે પ્રતીક ભેટ આપી કર્યું હતું. લતાબેને એમને સન્માનતાં જણાવ્યું હતું કે પ્રભુદાસભાઈ જેવા શ્રેષ્ઠીઓ, વગર રજુઆતે સામેથી ડોનેશન આપે છે જેથી મહિલામંડળ સમાજ ઉપયોગી કાર્યક્રમ આપી શકે છે. શ્રી પ્રભુદાસભાઈએ યુવક મંડળ અને મહિલા મંડળને આર્થિક સહયોગ આપ્યો હતો.

વિજેતા બાળકોને પુરસ્કાર અપાયા હતા. ભાગ લેનાર અન્ય બધા બાળકોને ભેટ અપાઈ હતી.

**વિજેતા બાળકો**

- **૦ થી ૧ વર્ષ**
  1. યશ્વી પીયુષ સોની (૨ માસ)
  2. મિતરાજ રાજેશ મૈચા (૯ માસ)
  3. આર્ચી પ્રફુલભાઈ બુધ્ધભટ્ટી (૧૦ માસ)
- **૧ થી ૨ વર્ષ**
  1. ધૈર્ય હિમાંશુ બુધ્ધભટ્ટી (૧.૨ વર્ષ)
  2. રીવા પરેશ બુધ્ધભટ્ટી (૧.૩ વર્ષ)
  3. યેશા જીજ્ઞેશભાઈ બીજલાણી (૧.૫ વર્ષ)
- **૨ થી ૩ વર્ષ**
  1. રૂદ્ર પ્રતીકભાઈ પોમલ (૨.૨ વર્ષ)
  2. યાના મયુર બુધ્ધભટ્ટી (૨.૨ વર્ષ)
  3. આદિત્ય હીરેન બીજલાણી (૨.૨ વર્ષ)

કાર્યક્રમનું સંચાલન રોહિણીબેન બુધ્ધભટ્ટીએ કર્યું હતું. રીટાબેન બુધ્ધભટ્ટી, શીતલબેન, જયશ્રીબેન, ભાવનાબેન, રીટાબેન, અરૂણાબેન, સુધાબેન, ઈંદીરાબેન અને નીલાબહેને સહયોગ આપ્યો હતો. કાંતિભાઈ બારમેડાએ ખાસ સહયોગ આપી ડોક્ટર ટીમની ગોઠવણી કરી હતી. આભારવિધિ જયેષ્ઠાબેને કરી હતી. અલ્પાહાર લઈ કાર્યક્રમ પૂરો થયેલો જાહેર કરવામાં આવેલ.

## શ્રી સરસ્વતી માતાજીનું પૂજન અને વંદન



તા. ૮-૨-૨૦૧૧, વસંતપંચમીના રોજ શ્રી સરસ્વતી માતાજીના પૂજન અને વંદનાના કાર્યક્રમનું આયોજન પીપળા ફળીયામાં ઠાકોરજીનાં મંદિર મધ્યે કરવામાં આવેલ.

પૂજન બાદ સમૂહ આરતી કરવામાં આવેલ. બહેનો અને બાળકોએ પૂજા કરી સરસ્વતી વંદના અને મંત્રોચ્ચાર સાથે વાતાવરણ ભક્તિ અને જ્ઞાનમય બનાવી દીધું હતું. અમૃતલાલભાઈ ભટ્ટે પૂજનવિધિ કરાવી હતી. માતા સરસ્વતી વિદ્યાની દેવી સૌ વિદ્યાર્થીઓને શુભાશિષ પાઠવે અને બાળકોનું ભાવિ પ્રકાશમય - જ્યોતિર્મય બને એવી શુભ ભાવનાથી પ્રાર્થના કરવામાં આવી હતી.

મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકી, સુધા બુધ્ધભટ્ટી, રોહિણીબેન બુધ્ધભટ્ટી, નયનાબેન ચનાણી, ભાવનાબેન ચનાણી, ખુશાલીબેન બુધ્ધભટ્ટી અને અન્ય સભ્યોએ બાળકોને - વિદ્યાર્થીઓને આગામી પરીક્ષા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ■

## અભિનંદન



રાજય પરીક્ષા બોર્ડ - ગાંધીનગર દ્વારા લેવાયેલ ઉચ્ચકલા પરીક્ષા-૨૦૧૦ પાંચમું વર્ષ શિલ્પમાં સોની દીપન નરેન્દ્રભાઈ ગુજરાતમાં પ્રથમ આવવા બદલ તેમજ ઈપ્કોવાલા સંતરામ કોલેજ ઓફ ફાઈન આર્ટસ - વલ્લભ વિદ્યાનગરનું ગૌરવ વધારવા બદલ તેઓને કોલેજ તરફથી શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવેલ.

શ્રી દીપન સોની શિલ્પકલામાં માનવ શરીર બનાવવામાં વિશેષ રૂચિ ધરાવે છે. તેઓ ધાતુ શિલ્પ તથા ફાઈબર ગ્લાસમાં સારૂં કામ કરે છે. ■

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - અંજાર

### શ્રી મહાકાલીકા માતાજીનાં પાટોત્સવની ઉજવણીનો અહેવાલ

અંજાર મધ્યે આપણી જ્ઞાતિ દ્વારા પ્રતિવર્ષ મુજબ શ્રી મહાકાલીકા માતાજીનાં પાટોત્સવની, પોષ સુદ ૧૪, તા. ૧૮-૦૧-૨૦૧૧ નાં રોજ હોંશભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત હવન, રવાડી, મહા આરતી તેમજ સમૂહ પ્રસાદનો સર્વે જ્ઞાતિજનોએ લાભ લીધો







હતો.

જ્ઞાતિનાં પ.પૂ. ગોરબાપા શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસનાં આચાર્ય પદે તેમના સહયોગી મહારાજશ્રી દ્વારા હવન વિધી સંપન્ન કરાવવામાં આવી હતી. હવન વિધીનાં યજમાન પદનું લાભ જ્ઞાતિનાં સ્વ. શ્રી વેલજીભાઇ શંભુભાઇ પોમલ પરિવારનાં શ્રી પ્રકાશભાઇએ લીધો હતો.

કળશ ધારેલ કુમારિકાઓથી પ્રારંભ થતી રવાડીમાં જ્ઞાતિના યુવા વર્ગ, મહિલાઓ, વડિલો અને જ્ઞાતિ શ્રેષ્ઠીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહનું વાતાવરણ પુરૂં પાડ્યું હતું. જ્ઞાતિનાં શ્રી મહાકાલીકા મંદિરેથી પ્રસ્થાન કરેલ રવાડીમાં યુવા વર્ગ અને મહિલાઓ દ્વારા દાંડિયા-રાસની રમઝટ બોલાવી, શહેરનાં મુખ્ય માર્ગોથી પુનઃ શ્રી મહાકાલીકા મંદિરે સંપન્ન થઇ હતી.

આ સમગ્ર આયોજનની સાથે-સાથે ચાલુ વર્ષનાં બાકી રહેતાં લાણાંની નોંધણી પણ કરવામાં આવી હતી. સમયના અભાવવાળા યુગમાં દરેક જ્ઞાતિજનો પાસે રૂબરૂ જઇ આર્થિક સહયોગ મેળવવું આજે ઘણું જ કપરું કાર્ય છે ત્યારે નિયત સમય મુજબ સમયસર લાણાંની નોંધણી કરાવવા અને અન્ય પ્રસંગોચિત શક્ય અને શક્તિ મુજબનાં આર્થિક સહયોગ આપવામાં જ્ઞાતિજનોની ઉદાસીનતા અંગે પ્રમુખ શ્રી રાજેશભાઇ કેશવલાલ વીસા પરમારે એક યાદીમાં ખેદ વ્યક્ત કરી જ્ઞાતિજનો પાસે સહયોગની અપીલ કરી હતી, જેથી અટવાયેલ જ્ઞાતિકામોની વેગીલી પૂર્ણાહૂતિ શક્ય બને.

પાટોત્સવની ઉજવણી પ્રમુખશ્રીનાં માર્ગદર્શન હેઠળ કારોબારી સભ્યો, મહિલા મંડળ અને યુવક મંડળનાં સભ્યોનાં સહર્ષ યોગદાન દ્વારા સંપન્ન કરવામાં આવી હતી.

***રાજેશ કેશવલાલ વીસાપરમાર - પ્રમુખ***

### શ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળ - રાયપુર

શ્રી મારૂ કંસારા મહિલા મંડળ રાયપુર, છતીસગઢમાં રાયપુર શહેરમાં આવેલ લાયન્સ વૃદ્ધાશ્રમમાં મહિલા મંડળ દ્વારા દાન આપવાનો કાર્યક્રમ કરવામાં આવેલ હતો. તા. ૨૩-૦૧-૨૦૧૧ નાં રોજ મહિલા મંડળ દ્વારા ફંડ એકત્ર કરીને સમોસા, ગાંઠીયા, સેવ જેવો સૂકો નાસ્તો કરવામાં આવેલ હતો. સાથે સાથે સફરજન, અને કેળા જેવાં ફ્રુટ દેવામાં આવેલ હતા. જીવન જરૂરિયાતની વસ્તુને ધ્યાનમાં રાખીને નવરત્ન તેલ, કોલગેટ પેસ્ટ, પારલે બિસ્કીટ જેવી વસ્તુઓ આપેલ છે. તેમજ સ્ત્રી અને પુરુષોને યોગ્ય લાગે તે રીતે કપડાં અને ગરમ કપડાંનું પણ દાન કરવામાં આવે છે.

***શ્રીમતી શિવાંગી પોમલ - સચિવ***

## કુળદેવી આરાધના કાર્યક્રમ અહેવાલ

મહા મહિનો ગુપ્ત નોરતાનો મહિમા. શ્રી માતાજીની શક્તિ ઉપાસનાનો મહિનો. નવરાત્રી નિમિત્તે અપવાસ-એકટાણા નૈવેધ અને હવન દ્વારા માતાજીની કૃપા માટે આરાધના કરીએ છીએ.

મહા સુદ ૮, તા. ૧૧-૨-૧૧ શુક્રવારના રોજ દુધાઇ મુકામે સમસ્ત શ્રી મારૂ કંસારા સોની સોલંકી નુખ પરિવારોએ તેમના કુળદેવી શ્રી વારાહી (વેરાઇ) માતાજીના સમૂહમાં નૈવેધ તેમજ હવનનું આયોજન કરેલ. સવારે ૯.૩૦ કલાકેથી ધાર્મિક વિધી અંજારના ગોરબાપા શ્રી કનકચંદ્રએ શરૂ કરેલ જે બપોરે ૧ વાગ્યા સુધી ચાલેલ. હવન પર યજમાનોના હસ્તે ધાર્મિક વિધી થાય તે ઉપરાંત દરેક ઉપસ્થિત નુખભાઇઓ પણ હવનમાં આહુતી આપી, હવનમાં ભાગ લઇ પુણ્ય પ્રાપ્ત કરેલ છે.

હવન પર આ વરસે યજમાન તરીકે સ્વ. દામજી ઓધવજી સોલંકી (ભચાઉ)ના પરીવારજનો જેમાં (૧) અનસુયાબેન રામજી હરીલાલ, (૨) પ્રીતીબેન શાંતીલાલ હરીલાલ, (૩) ભાવનાબેન ભગવાન હરીલાલ, (૪) મંજુલાબેન ઘનશ્યામ હરીલાલ, (૫) વીણાબેન પરષોત્તમ ખેંગારભાઇ, (૬) જયશ્રીબેન પ્રભુલાલ ખેંગારભાઇ, (૭) કોમલબેન જીતેન્દ્ર ખેંગારભાઇ, (૮) વૈશાલી વિજય ખેંગારભાઇએ લાભ લીધેલો.

ધાર્મિક વિધિ સાથે સાથે શ્રી સમસ્ત મારૂ કંસારા સોની સોલંકી યુવક મંડળની મિટીંગનું કામકાજ ૧૧ કલાકેથી શરૂ કરવામાં આવેલ. મીટીંગની શરૂઆત કરતાં મંત્રી શ્રી નવીનચંદ્ર રતિલાલે ઉપસ્થિત તમામ નુખ ભાઇ-બહેનોનું શાબ્દીક સ્વાગત કરેલ અને ગત મીટીંગની મીનીટનું વાંચન કરેલ જેને સર્વાનુમતે બહાલ કરવામાં આવેલ. ત્યારબાદ ખજાનચી શ્રી ગીરીશ અમૃતલાલ સોલંકીએ વાર્ષિક આવક-જાવકના હિસાબો રજૂ કરેલ જેને સર્વાનુમતે બહાલ કરવામાં આવેલ. ત્યારબાદ આ વર્ષે પ્રમુખ અને કારોબારીની મુદત પુરી થઇ હોવાનું પ્રમુખશ્રીએ જણાવેલું અને નવા પ્રમુખની વરણી કરવા રજુઆત કરેલ, ત્યારે હાજર રહેલા દરેક સભ્યોએ આ કારોબારી તથા પ્રમુખ હજુ ત્રણ વર્ષ માટેની સર્વાનુમતે વરણી કરતા તેઓ સહમત થયેલા અને ત્રણ વર્ષ માટે નિમાયેલા જાહેર થયેલા.

પ્રમુખશ્રીએ જણાવેલ કે ગયા વર્ષે જે મકાન ખરીદ કરેલ ત્યારથી ભૂમિ ખરીદ કરવા ભૂમિદાન સ્વીકારવાનું શરૂ કરેલ છે. જેમાં ખૂબ જ સારો સાથ સહકાર મળેલ છે. અને તે ભૂમિદાન હજુ પણ સ્વીકારવાનું ચાલુ રાખેલ છે. તેમજ અન્ય ભૂમિ ખરીદવાના પ્રયાસ પણ ચાલુ રાખશું. મંડળ દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે તેમજ અન્ય વિશિષ્ટ સિદ્ધી મેળવેલાઓનું સન્માન કરવામાં આવેલ. જેમાં :

૧. વર્ષ-૨૦૧૦માં ટી.વાય.બી.કોમ. (એક્સટર્નલ) માં ૬૬.૨૨% સાથે કચ્છ જીલ્લા યુનિવર્સિટીમાં ત્રીજા ક્રમે સ્થાન પ્રાપ્ત કરવા બદલ આરતીબેન રામજીભાઇ સોલંકી માધાપરનું શ્રી ગુણવંતભાઇ રાઘવજી સોલંકી, મુંબઇના વરદ્ હસ્તે સન્માન પત્ર ગીફ્ટ સાથે સન્માન કરવામાં આવેલ.

૨. વર્ષ-૨૦૧૦ ગુજરાત ચાઇલ્ડ એન્ડ યુથ આર્ટ એક્ઝીબીશન માં ચિત્રકળા સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કરવા બદલ કું. ભક્તિબેન સંજયભાઇ સોલંકી (ભુજ)નું સન્માન શ્રી દેવકરણ રાઘવજી (બાબુકાકા) (અંજાર)ના વરદ હસ્તે સન્માનપત્ર અને ગીફ્ટ સાથે કરવામાં આવેલ.

૩. વર્ષ-૨૦૧૦માં વકીલાતની ડિગ્રી મેળવવા બદલ શ્રીમતી જયશ્રીબેન જીગ્નેશભાઇ સોલંકી (ભચાઉ)નું સન્માન શ્રી પ્રાણલાલભાઇ સુંદરજી સોલંકી (મુંબઇ)ના વરદ્ હસ્તે સન્માનપત્ર તથા ગીફ્ટ સાથે કરવામાં આવેલ. જયશ્રીબેને તેમના લગ્ન જીવનના ૧૫ વર્ષ બાદ અભ્યાસ શરૂ કરી આ ડિગ્રી મેળવી વિશેષ ગૌરવ પ્રાપ્ત કરેલ છે.

સન્માનનું કાર્ય પૂરું થયા બાદ ગિરીશભાઇના જણાવ્યા પ્રમાણે હાલમાં મંડળની સન્માન કરવાની જે થીયરી નક્કી કરેલ છે તેમાં અત્યારે ઘણા વિદ્યાર્થીઓ રહી જાય છે. તેથી તેમાં ફેરફાર કરવા જણાવતાં અને તેના પર ચર્ચાના અંતે એવું નક્કી કરેલ કે આવતા વર્ષથી ધોરણ-૧૦ અને તેથી ઉપરના ૭૫% માર્કસવાળા તમામ વિદ્યાર્થીઓને સન્માનવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ. તેથી તમામ સોલંકીભાઇઓએ આ બાબતની નોંધ લઇ તેમના પુત્ર-પુત્રીની ૭૫% વાળી માર્કશીટો માગશર મહિનામાં જ મોકલાવી દેવી. પ્રમુખશ્રી કિશોરભાઇ ના જણાવ્યા પ્રમાણે આ વર્ષના યજમાન તરફથી ધાર્મિક અને ભોજનનું સંપૂર્ણ ખર્ચ તેમના તરફથી કરવામાં આવેલ છે.

અન્ય જાહેરાતમાં આવતા વર્ષ ૨૦૧૨ના હવન યજમાન તરીકે સ્વ. ગોરધનદાસ સોલંકી ભુજ પરિવાર અને ૨૦૧૩ ના હવન યજમાન તરીકે શ્રી લક્ષ્મીદાસ હરીરામ સોલંકી માંડવી બન્ને પરીવારો આવતા વર્ષો માટે ધાર્મિક તથા ભોજન પ્રસાદના સંપૂર્ણ ખર્ચ ભોગવવાની ઇચ્છા દર્શાવી હતી. જ્યારે ૨૦૧૨ અને ૨૦૧૩ વર્ષના યજમાનોને જે તે વખતે કોઇ વિક્ષેપ આવે તો તેની જગ્યા એ સ્વ. જેરામ ટોકરશી સોલંકી-દુધઇ પરીવાર સંપૂર્ણ ખર્ચ ભોગવશે.

આ વર્ષે જે જાહેરાતો થયેલ તેવી જાહેરાતો અગાઉ ક્યારેય પણ થયેલ નથી. તેથી એવું ચોક્કસ માનવામાં આવે છે કે માતાજીની વિશેષ કૃપા સમસ્ત નુખભાઇઓ પર થઇ રહી છે. એવું સ્પષ્ટ જણાઇ આવે છે કે માતાજીના દ્વારે દર્શને આવતા ભક્તોમાં પણ દિવસો દિવસ વધારો થતો રહેશે. એક ખાસ નિર્ણય લેવાયેલ જેમાં આર્થિક નબળા નુખભાઇઓને જો હવન પર બેસવાની ઇચ્છા થાય તો તે સહ યજમાન પદે બેસી તેનો લાભ લઇ શકશે. આ રીતે ધાર્મિક કાર્ય તેમજ મંડળની મીટીંગનું કાર્ય પૂરૂં કરી બધાએ સાથે સમૂહભોજન પ્રસાદ લીધેલ. આજના આ કાર્યોમાં પ્રમુખ કિશોરભાઇ, મંત્રી નવીનભાઇ, ખજાનચી ગીરીશભાઇ ઉપરાંત ઉમેશ જયશંકર, નટવરલાલ જેઠાલાલ, પંકજ કાંતિલાલ, વિનોદ કાંતિલાલ, હિતેષ આણંદજી , ગિરિશ હરીલાલ, કિરીટ અમૃતલાલ, રાહુલ અમૃતલાલ, પરેશ શાંતીલાલ, પ્રશાંત ચંદુભાઇ, યોગેશ નવીનભાઇ તથા અન્ય કાર્યકરોએ સહયોગ આપેલ હતો. ■

# વ્યક્તિ વિશેષ – રસીલાબેન બીજલાણી

સુધા એ. બુધ્ધભટ્ટી

જો સ્ત્રી એ જાણતી હોય કે એ કેટલી શક્તિશાળી અને સક્ષમ છે તો એ ક્યારેય પણ અબળા રહેતી નથી. એ પોતાની જીંદગીમાં કંઇ પણ કરી શકે છે. પરંતુ એ માટે જરૂરી હોય છે ધીરજ, લગન અને સાહસની! આપણી જ્ઞાતિમાં એવી કેટલીયે બહેનો છે જેમણે પોતાના અખૂટ સાહસ, મનોબળ અને દૃઢતાના બળ પર પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે. તો ચાલો આપણે પણ એવા જ એક બહેનની વ્યથા સાંભળીએ કે જેમણે દુઃખના દહાડામાં કોઇને દોષ આપવાને બદલે કુદરત પર અતુટ શ્રદ્ધા રાખી, નિરાશ થયા વિના "દુઃખના દહાડામાં ધીરજ એજ શ્રેષ્ઠ ઇલાજ છે" તે ધ્યાનમાં રાખી સંઘર્ષમય જીંદગીમાંથી પસાર થયેલ છે.

હા! તો એ વાત છે ભુજના સત્તાવન વર્ષીય રસીલાબેન રસીકલાલ બીજલાણીની! સંઘર્ષનો સામનો કરવાની હિંમત રસીલાબેનને નાનપણમાં જ મળેલી. પિતાની નાનકડી આવકમાં ઘર ચાલતું. તેથી ઘરની સ્ત્રીઓ પોતાથી બનતું કામ કરી પૈસા એકઠા કરતી. રસીલાબેન કહે છે કે રોજ કમાવું ને રોજ ખાવું એવા દિવસો હતા. છતાં ક્યારેય કોઇ ચીજવસ્તુની ઉણપ નહોતી વર્તાઇ. તમામ પ્રકારના કામો એ ઘર બેઠા કરતા. જેથી થોડી આવક વધે અને એ કામ પણ પાછા પ્રેમથી કરતાં. તેમાં કોઇ શરમ કે સંકોચનો ભાવ ન આવતો.

સત્તર વર્ષની વયે રસીલાબેનના લગ્ન થયા અને તેઓ અંજારથી ભુજ આવ્યા. રસીકલાલભાઇ ચાંદીનું મજૂરી કામ કરતા. પરિસ્થિતિ સામાન્ય હતી. છતાં સંજોગો સુખરૂપ હતાં. ત્રણ પુત્રી અને એક પુત્ર સાથે આ દંપતી એક જ રૂમમાં રહેતું. ભણવાનો ખૂબ શોખ હોવા છતાં અમુક પરિસ્થિતિઓને કારણે રસીલાબેન બહુ ભણી ના શક્યા. તેથી પોતાના સંતાનોને સારામાં સારૂ શિક્ષણ આપવાની તેમની ઇચ્છા હતી. પણ પ્રશ્ન હતો ઓછી આવકનો. અને બીજી તરફ રસીકલાલભાઇની માંદગીએ જાણે કાયમી વસવાટ કર્યો હતો. ૧૯૮૯માં હૃદયરોગના તીવ્ર હુમલાને લીધે રસીકલાલભાઇએ કાયમી વિદાય લીધી.



ગં.સ્વ. રસીલાબેન બીજલાણી

ચારે સંતાનોના ભણતર-ઘડતરથી લઇ ઘર સમાજના તમામ વ્યવહારોની જવાબદારી રસીલાબેન પર આવી પડી. "સુખ મેં સબ સાથી, દુઃખ મેં ના કોઇ..." જેવી પરીસ્થિતિ સર્જાઇ. રસીલાબેન કહે છે શરૂઆતના છ-આઠ મહિના તો મારૂ મગજ જ કામ નહોતું કરતું. લગ્ન પછી હું કામ માટે ક્યાંયે બહાર નહોતી ગઇ, તો કામ કરવા જવાની હિંમત તો ક્યાંથી આવે? L.I.C.ના એક સજ્જન એજન્ટે અમને અમારી એક પોલીસીના રૂપિયા અપાવડાવ્યા. જેના વ્યાજમાંથી થોડા મહિના ઘર ચાલ્યું. બાળકોના ભણતરના ખર્ચને પહોંચી વળવા એ રૂપીયા અપૂરતા હતા.

રસીલાબેન આઠ ધોરણ ભણેલા. તેથી એકથી સાત ધોરણના વિદ્યાર્થીઓને ઘરબેઠા જ ટ્યુશન આપવાનું શરૂ કર્યું. નાનું મોટું સીલાઇકામ પણ ટેકો આપતું. અન્ય મજુરીકામ પણ રસીલાબેન પ્રેમથી કરતા. સવારથી લઇ મોડી સાંજ સુધી રસીલાબેનનું ઘર ટ્યુશનના કારણે ધમધમવા લાગ્યું. કપરા સંજોગોએ બાળકોને પણ સમજુ અને જવાબદાર બનાવી દીધા. મોટી દિકરી ટાઇપીસ્ટ તરીકે કામે લાગી અને સાથે નાની બચત યોજનાનું કામ પણ કરવા લાગી. બે દિકરી, માં ને ટ્યુશનમાં મદદ કરતી. દિકરો હિતેશ નાનુ મોટું પેઇન્ટીંગ કામ કરતો. આમ પાંચેય જણ આખો દિવસ પોતાનાથી બનતું કામ કરે અને રાત્રે સાથે મળીને ચાંદીની ચેઇન ચડાવે. ચારેય સંતાનોએ પરીસ્થિતિની ગંભીરતા સમજી માં ને હંમેશા સાથ આપ્યો. ભાડાના અનેક મકાનો બદલ્યા બાદ પૈસાની બચત કરી એક નાનું મકાન ખરીદ્યુ. પણ ધરતીકંપે એ પણ છીનવી લીધું. તેમણે દરેક પરીસ્થિતિમાં પોતાના બાળકોના શિક્ષણ બાબતે ક્યારેય બાંધછોડ કર્યા વિના ભણાવ્યા અને હોશિયાર બનાવ્યા.

સમયાંતરે દિકરીઓને પરણાવી, તે જવાબદારીમાંથી થોડા મુક્ત થયા. મોટી દિકરીના લગ્ન બાદ નાની બચત યોજનાનું કામ રસીલાબેને સંભાળી લીધું. જે આજપર્યંત તેઓ કરી રહ્યા છે. દિકરા હિતેશે ટ્યુશન ક્લાસીસ શરૂ કર્યા જે આજે "બીજલાણી ક્લાસીસ" તરીકે ભુજમાં ખૂબ જ પ્રસિદ્ધ છે. સંઘર્ષમાંનો મોટો સમયગાળો પસાર કર્યા બાદ રસીલાબેન આજે સુખપૂર્વક પોતાના સારા એરીયામાં આવેલ વિશાળ મકાનમાં દિકરા-વહુ સાથે રહે છે.

"સમય સમય બલવાન હૈ, નહીં મનુષ્ય બલવાન" પરંતુ જો ધીરજ અને સચ્ચાઇથી કર્મ કરવામાં આવે તો સમય જ બળ પૂરું પાડે. રસીલાબેને જેવી હિંમતથી પરીસ્થિતિઓનો સામનો કર્યો એવી હિંમત જો દરેક સ્ત્રી કરે તો તેઓ સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરી શકે.

*સુધાબેનનો આ લેખ ખૂબજ પ્રેરણાદાયક છે. 'સેતુ' આપણા સમાજમાંના આવા પ્રેરક લખાણો સોત્સાહ આવકારે છે. વાત માત્ર 'દૃષ્ટિ'ની છે. આપણા સમાજની સુશિક્ષિત બહેનોને સમાજની આવી વ્યક્તિઓ, ખાસ કરીને મહિલા અને બાળકો, 'કિશોરો' કઠિન પરિસ્થિતિઓનો ધીરજપૂર્વક કઈ રીતે સામનો કરે છે તેની વિગતો અવશ્ય મોકલે. અત્રે એક બીજી પણ વિનંતી છે કે ભૂકંપને ગત માસે જ દાયકો પૂરો થયો. ભૂકંપે આપણા અનેક પરિવારોને જાનહાનિ સહિતના નુકસાન કર્યા હશે. આવા પરિવારોએ પણ દાયકા દરમ્યાન અનેક પ્રકારના સંઘર્ષો વેઠ્યા હશે. ભૂકંપ ભાંગ્યા માનવીના મન સાંધ્યાંની પ્રેરક વાતો પણ હશે. એવી કોઈ વાત હોય તો અવશ્ય લખે.*

*– મુખ્યતંત્રી*

# અમદાવાદ તેમજ અન્યત્ર વસતા આપણા પરિવારોની પ્રેરક પ્રસ્તુતિ

તુલસીદાસ કંસારા

***સંબંધો વિશે મને આ એક ઈ-મેઈલ મળ્યો, જે અહીં પ્રસ્તુત છે.***

"એક જ કામ સંબંધમાં કીધું, લીધું એથી બમણું દીધું. દરેક સંબંધો જુદા જુદા હોય છે. કેટલાક સંબંધો સાથે જીવવાના હોય છે અને કેટલાક સંબંધો માત્ર શબ્દોના હોય છે. દરેક સંબંધોની એક સીમા હોય છે. દરેક લોકો માટે આપણે અલગ અલગ વર્તુળો દોરી રાખ્યાં હોય છે અને કોને ક્યાં સુધી આવવા દેવો તે આપણે નક્કી કરી રાખ્યું હોય છે. આપણા સંબંધો આપણા વર્તન દ્વારા વ્યક્ત થાય છે. આ વર્તનમાં જ આપણાં સંસ્કારો અને સંસ્કૃતિ છતાં થાય છે. તમે તમારા લોકો સાથે કેવી રીતે રહો છો તેના પરથી જ તમારા સારા-નરસા કે લાયક-નાલાયકની છાપ ખડી થતી હોય છે. આ છાપ જ પછી માણસની ઓળખ બની જાય છે. સંબંધો માણસની જરૂરિયાત છે. સંબંધો બંધાતા રહે છે. સંબંધો તૂટતા પણ રહે છે. સંબંધો દૂર પણ જતા રહે છે. સંબંધો સરળ નથી. સંબંધો જાળવવામાં આવડત અને કુનેહની જરૂર પડે છે. કેટલા સંબંધો કાયમી ટકે છે? સંબંધો કેવા રહે છે તે બે વ્યક્તિ ઉપર નિર્ભર કરે છે. સાથોસાથ એ વાત પણ સનાતન સત્ય છે કે એક વ્યક્તિના સંબંધ બીજી વ્યક્તિ પર સીધી અસર કરે છે. સંબંધોની સાર્થકતા એ આજની સૌથી મોટી જરૂરિયાત છે. માણસ સંબંધો ગુમાવતો જાય છે. માણસ એકલો પડતો જાય છે. ખુશીમાં સાથે હસે અને ઉદાસીમાં પીઠ પસવારે તેવા લોકો ઘટતા જાય છે. મારું કોણ? એવા પ્રશ્નોના જવાબ મેળવવા જ્યારે વિચાર કરવો પડે, ત્યારે સમજાતું હોય છે કે કેટલું બધું ખૂટે છે. ખટપટ, કાવાદાવા અને ટાંટિયાંખેંચ એ આજના સમયનું સૌથી મોટું દૂષણ છે. દોષનો ટોપલો ઢોળવા માણસ માથાં શોધતો ફરે છે અને પછી કોઇનો ભરોસો કરવા જેવો નથી તેવા નિસાસા નાખીએ છીએ સંબંધો બહુ નાજુક છે. સંબંધો પારા જેવા છે, ખબર ન પડે તેમ સરકી જાય છે અને વેરાઇ પણ જાય છે. છતાં માણસનું ગૌરવ એમાં જ છતું થાય છે કે એ સંબંધોના અપ-ડાઉન વખતે કેવું વર્તન કરે છે. તમે કેવી રીતે મળો છો તેના કરતાં પણ કેવી રીતે છૂટા પડો છો તેના પરથી જ તમારા સંબંધોના ગૌરવ અને ગરિમાની સાબિતી મળે છે. સંબંધોમાં હળવાશ હોવી જોઇએ. સંબંધો આરપાર જોઇ શકાય તેવા હોવા જોઇએ. ડબલ સ્ટાન્ડર્ડ કે ડબલ પર્સનાલિટીમાં જીવતો માણસ પોતાને જ છેતરતો હોય છે. સંબંધોને નેવે મૂકીને ક્યારેય સુખ મળી શકે નહીં. ઘણા લોકો સંબંધો જાળવવા માટે મહેનત કરતા હોય છે. કેટલાક લોકો સંબંધો માટે પેંતરા પણ કરતા હોય છે. સાચા સંબંધો મેઇન્ટેઇન કરવા મહેનત કરવી પડતી નથી. સાચો સંબંધ ઝરણા જેવો છે. એ વહેતો રહે છે અને ટાઢક આપતો રહે છે."

ઉપરના મેઇલ ઉપરથી એક વિચાર સ્ફૂર્યો કે અહમદશાહ બાદશાહના સમયનું કે તે પછી નું અમદાવાદ, કે જયારે અહીં વસેલ જૂની પેઢીના કંસારાઓ કચ્છ કે કરાંચીમાંથી રોટલો રળવા આવેલ હશે, જેમના બે-ચાર ઘરો કહીએ તો એક સ્વ. પ્રાગજી નાનજી ડોસાની પેઢી, અન્ય જુના પરિવારોમાં મોહનભાઇ દેવશી બુધ્ધભટ્ટીનો પરિવાર, શ્રી દલપતભાઇ બુદ્ધભટ્ટીનો પરિવાર, કે બાબુભાઇ કચ્છી અને તેમનો ભાઇઓના પરિવારો, પરમાર અને ઘડીયાળી કુટુંબો, કે કોટડીયા અને ઓઢવ અને નરોડા બાજુ વસેલ ફોટોગ્રાફરો ના પરિવારો, કે ઘી કાંટા અને માંડવીની પોળમાં રહેતા કંસારાઓ. આ સર્વે અહી ક્યારે આવ્યા ? કેવી રીતે વસવાટ કર્યો? તે સમયનું અમદાવાદ કેવું હતું? તે સમયે મુસાફરી કેવી હતી? તેમણે અહીં સ્થિર થવામાં કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કર્યો? તેમના કચ્છ અને કચ્છ બહારના સંબંધો કેવી રીતે બંધાયા, વિકસ્યા અને વિસ્તાર્યા ? આવા અનેક સવાલોના જવાબો તેમના પરિવારના સભ્યો, જેઓ શ્રી કચ્છી મારું કંસારા મંડળ, અમદાવાદ તેમજ જ્ઞાતિ સેતુ પરિવારના સભ્યો છે, તેઓજ આપી શકે. તેથી આ કોલમ દ્વારા દરેક પરિવારો અને કુટુંબો વચ્ચે એક મજબૂત પુલ, બ્રીજ કે સેતુ બનવાના પગલા રૂપે, તેનો હેતુ બર લાવવા, સેતુ ના મુખ્ય તંત્રી તરફથી તેમને આમંત્રણ છે કે આવતા અંકથી એક પછી એક પરિવારની ગાથા, દરેક કુટુંબને સાંકળતી કેડીઓ ને મેળવવાનો. ગૂંથવાનો, સાંકળવાનો, ભગીરથ પ્રયત્ન સેતુ કરી રહેલ છે. તેમ તેથી તેમાં તમારી માહિતી અને વિચારો વ્યક્ત કરી, તમારા લેખન દ્વારા સહયોગ આપી, જુના ફોટાઓ મોકલી, તેને સફળ બનાવવા વિનંતી. દા.ત. આ લખનારની બચપણની યાદો માં સંગ્રહાયેલ સ્વપ્નામાં તેને દરગાહો અને મિનારા દેખાતા હતા. જ્યારે તેની બદલી અમદાવાદમાં આજથી ત્રીસેક વરસો પહેલા થઇ ત્યારે તેણે પીરાણા મુકામ ની મુલાકાત લીધી અને તેના દાદી-દાદા ના વખતથી ઘરમાં પડેલ એક છબી, જેને તેઓ એક પીરાણા ધરમ તરીકે પૂજતા હતા. તેની અર્પણ વિધિ કરી ત્યાર બાદ આ સ્વપ્નાઓ દૂર થયા! કહેવાય છે કે તેના દાદાએ અહીં દીકરી દીધેલ અને ત્યારબાદ થોડા સમય પછી અહીં કચ્છ વર્ક ની ચાંદીના નમુનાઓ બનાવવાની દુકાન ખોલેલ, જેના ગ્રાહકો મુખ્યત્વે આ પીરાણા ધરમ પાડનાર પટેલો અને અન્ય લોકો હતા તેથી આપણા ઘણા કંસારાઓની જેમ તેમણે પણ આ ધરમ અપનાવેલ. આવી તો અનેક વાર્તાઓ દરેક કુટુંબમાં હશે, જેની ઝલક આ કોલમમાંથી મળતી રહે અને સેતુના પારિવારિક સંબંધો સુદૃઢ બનતા રહે એજ અભ્યર્થના સાથે.

### *નમ્ર વિનંતી*

***આપણે એક નવી કોલમ આવતા અંકથી શરૂ કરવા જઈ રહ્યા છીએ જેનું નામ છે "આપણા પરિવારો." આપ સર્વે જ્ઞાતિ ભાઈ-બહેનોને વિનંતી કે આ વિષે પોતાના પરિવારની કડીઓ, કુટુંબના મોભીના નામ અને શક્ય હોય તો ફોટા સાથે તેમના સંબંધોની વિગતો સ્વચ્છ અક્ષરોમાં પાનાની એક બાજુ લખીને "સેતુ"ને સરનામે મોકલાવે. લખાણ બને એટલું ટૂંકું રાખવું. પૃષ્ઠ મર્યાદા બે પેઈજની રહેશે. આ કોલમમાં વિભિન્ન સ્થળે વસતા કચ્છી મારૂં કંસારા સોની પરિવારોને આવરી લેવાનો હેતુ છે, જેનો પ્રારંભ અમદાવાદના પરિવારોથી કરવામાં આવશે.***

***– તુલસીદાસ કંસારા***

# કોમ્પ્યુટરનો કક્કો – ૧૬

તુલસીદાસ એલ. કંસારા




## ઇન્ટરનેટ અને તમે



તમને કમ્પ્યુટર ફાવે છે, અને તે સાથે જાતે કે અન્ય જગ્યાએ જઇને તમે જાણો છો તેથી કૈંક વિશેષ શીખવાની તમન્ના છે, ધગશ છે, અને તમારે તમારા કમ્પ્યુટરના જ્ઞાનમાંથી થોડી કમાણી પણ કરવી છે, તમારે ઘેર બેઠા બે પૈસા રડીને આ કૂદકે અને ભૂસ્કે વધતી મોંઘવારીમાં તમારા ઘરના કમાતા સભ્યને મદદરૂપ થવું છે, તો તમે શું કરી શકો? ચાલો જાણીએ તે વિષે... થોડુંક.

સૌ પ્રથમ તો ઘરમાં કમ્પ્યુટર હોય તો ઇન્ટરનેટનું જોડાણ લઇ લો. આ જોડાણ નો ખર્ચ તમને મહીને, એક સાથે આખા વરસનો અન-લીમીટેડ પ્લાન લો તો અને તેના રૂપિયા એડવાન્સમાં ભરી દો તો ૩૦૦ રૂપિયાની આજુબાજુમાં પડે. મેં હમણાંજ એક સ્પીડીગો નામના વેન્ડર પાસેથી આવો પ્લાન પંદર મહિના માટે લીધો, તો ઇન્સ્ટોલેશન મફત, અને ખર્ચ માત્ર રૂપિયા ૪૮૦૦/- આવેલ છે. અત્યારે ઘણી કંપનીઓ બજારમાં છે, બી.એનસ.એન.એલ.થી કરીને તાતા બ્રોડબેન્ડ, એરટેલ, વિગેરે.





એક વખત આ ઇન્ટરટનેટ ઉપર હાથ જમાવો, એટલે કમાવાની વિશાળ તકો તમારા ઉંબરે આવીને ઉભી રહે. દા.ત. ઓનલાઇન રાઇટીંગ, શિક્ષણના ક્ષેત્રમાં મદદનીશની કામગીરી, મેગેઝીન કે ચોપાનિયા અને અન્ય પબ્લિશીંગ ની કામગીરી જેવી કે ઓનલાઇન બ્લોગ લખવા કે કોઇ લખનારને મદદ કરીને ઓનલાઇન મૂકી આપવું, લીગલ દસ્તાવેજો બનાવી આપવા, વિઝ્યુઅલ આસિસ્ટ, મલ્ટિમીડિયા અને એનિમેશન, વિગેરે.

અલબત્ત, આ માટે તમારી પાસે ઇન્ટરનેટની સમજ અને કમ્પ્યુટર ના સામાન્ય જ્ઞાન ની સાથે સાથે ગુજરાતી અને અંગ્રેજી ભાષાની જાણકારી, કીબોર્ડ સાથે દોસ્તી મતલબ ટાઇપની કરવાની પ્રેકટીશ, કમ્પ્યુટર અને તેના હાર્ડવેર સંબંધિત ટેકનિકની જાણકારી આવકાર્ય છે; જેથી તમે બહારની એજન્સી ઉપર આધારિત ન થઇ જાઓ, ઇ-મેઇલ મોકલવાની સામાન્ય સૂઝ અને ચેક કરવાની ફાવટ, અને જેમની સાથે કામ કરવાનું છે, જેમને માટે કામ કરવાનું છે તેની ઓળખ, તેમની પાસે થી કામનું વળતર લેવાની આવડત અને બજારમાં શું ભાવ ચાલે છે, કામ ક્યાંથી અને કેવી રીતે મળે વિગેરે બાબતોની જાણકારી.

આજે કેટલાયે દેશો અને કેટલીયે કંપનીઓ ઇન્ટરનેટ આધારિત કામો માટે ભારતને પસંદગી આપે છે. તમારા મોબાઇલમાં અવારનવાર ના જોઇતા એસએમએસ આવ્યા કરતા હોય છે, કોણ મોકલાવે છે આવા એસએમએસ? સિમ્પલ, તમારા જેવાજ કોઇ, જેને મોટી કંપનીઓ અમુક એસએમસએસ મોકલવાનું ચોક્કસ મહેનતાણું આપે છે, રૂપિયા આપે છે, અને આ એસએમએસ તમારે તમારા કમ્પ્યુટર મારફતે મોકલવાના હોય છે! જેને કહેવામાં આવે છે પેઇડ એસએમએસ સેવા. આવા જ અન્ય અનેક કામો છે જેવાકે ડેટા એન્ટ્રી, ડેટા પ્રોસેસીંગ, મેડિકલ અને લીગલ ટ્રાન્સક્રિપ્શન, ઓનલાઇન માર્કેટિંગ અને મલ્ટિ લેવલ માર્કેટિંગ, ઓનલાઇન એડ પ્લેસમેન્ટ, ઓનલાઇન સર્વે, વેબસાઇટ ડેવલપમેન્ટ, સોફ્ટવેર પ્રોગ્રામિંગ ; સારું લખાણ લખવાની ફાવટ હોય અને લેખક તરીકે નો મહાવરો હોય તો તમારા માટે તો વિશેષ તકો છે, જેવીકે જાહેરખબરોની સામગ્રી, શૈક્ષણિક, વાર્તાલેખન, ન્યૂઝ વેબસાઇટસ, રિસર્સ આસિસ્ટન્ટ, કોપી રાઇટર, કોપી એડિટર, અનુવાદક, પ્રૂફરીડર અથવા ટેકનિકલ રાઇટર, ઇત્યાદી, તરીકે કામ કરી શકો છો. આ બાબતમાં વિગતે વિચારશું ફરી ક્યારે....

- **હાર્ડવેર - સી.ડી. :**




આપણે જેને સી.ડી. તરીકે ઓળખીએ છીએ તે **કોમ્પેક્ટ ડિસ્ક**નું ટૂંકું સ્વરૂપ છે. ડિસ્ક એટલે એક નાની, ગમે ત્યાં લઇ જઇ શકાય તેવી, ગોળ મધ્યમ જે પોલીમર માંથી બનાવવામાં આવે છે, જેના ઉપર ઇલેક્ટ્રોનીકલી રેકોર્ડીંગ કરી શકાય છે, માહિતી સ્ટોર કરી શકાય છે. કોમ્પ્યુટરની ભાષામાં ૪.૭૨ ઇંચના વ્યાસ ની સોની અને ફીલીપ્સ કંપનીઓ એ વિકસાવેલ પ્લાસ્ટીક જેવા પોલીમર મટીરીયલની ઉપર પડ ચડાવેલ ડિસ્ક. આવી ડિસ્ક ઉપર તમે હલન ચલન કરતા સિનેમા કે વિડીયો જેવા ચિત્રો મૂકી શકો અથવા તો સ્ટીલ્સ તરીકે ઓળખાતા હલન ચલન ના કરતા હોય તેવા ફોટા પણ રાખી શકો, જે શ્યામ અને સફેદ હોઇ શકે કે રંગીન પણ હોઇ શકે; તેની સાથે સ્ટીરીઓ તરીકે ઓળખાતો બે જુદા જુદા અવાજોના ટ્રેક ને આવી છબીઓ સાથે સાંકડી લેવામાં આવેલ હોય કે તેનાથી અલગ રીતે મૂકી શકાય તેવી રચના પણ

કરેલી હોઇ શકે; અને અંકો (digits) માં લખેલ કાર્યક્રમો તેમજ માહિતીની ફાઇલો પણ મૂકી શકાય.

મ્યુઝીક ની દુનિયામાં જૂની ફોનોગ્રાફ રેકોર્ડ ને ટેપ કાર્ટરિજે દૂર કરી અને આ ટેપ કાર્ટરિજની જગ્યા હવે ધીરે ધીરે આ સી.ડી. લઇ રહેલ છે. અને હવે તો એવા સાધનો પણ બજારમાં આવે છે કે તમે તમારી ટેપની કાર્ટરિજ તેમાં ગોઠવો અને સામે સી.ડી. નાખો એટલે કાર્ટરિજનું સંગીત તમારી સી.ડી.માં રેકોર્ડ થઇ જાય. શરૂઆતમાં સી.ડી. માત્ર વાંચી શકાય તેવીજ આવતી, પછીથી ટેકનોલોજીમાં સુધારા થતા તેમાં તેના વાપરનારાઓ રેકોર્ડ પણ કરી શકે તેવી આવવા લાગી. અને હવે નવી ટેકનોલોજીને કારણે ડીજીટલ વર્સટાઇલ ડિસ્ક (ડી.વી.ડી.) આવે છે જે સંગ્રહશક્તિ તેટલી જ જગ્યાની સી.ડી. કરતા અનેક ગણી હોય છે, જે ચલચિત્રો કે ફિલ્મોને સંગ્રહવા અને જોવા માટે વપરાય છે.

**ઓડિયો સી.ડી. અને રીડ ઓન્લી મેમરી (CD-ROM)** - કોમ્પ્યુટરની માહિતીને સંગ્રહવા માટેની કે તેના હેડ કે અન્ય સાધનના હેડ મારફત માત્ર વાંચી શકાય કે સાંભળી શકાય તેવી - ડિસ્ક બનાવવાની પ્રક્રિયા સમાન જ હોય છે, માત્ર તેને વાંચી શકે તેવા સાધન, જેવા કે સી.ડી. પ્લેયર કે સી.ડી. ડ્રાઇવ અલગ અલગ હોય છે. દા.ત. બાજુના ચિત્રમાં આપેલ હિસાબ પોસ સીસ્ટમ સી.ડી. એ સી.ડી.રોમ છે, માત્ર વાંચી શકાય તેવી છે, તેના ઉપર ફરીથી લખી શકાતું નથી.




**સી.ડી.આઇ (CD-I)** એટલે સી.ડી. ઇન્ટર એક્ટીવ, દા.ત. તમે તે સી.ડી. માં જે કાર્યક્રમ લખવામાં આવેલ હોય તેમાં તમે એક સવાલ પૂછો તો તેનો જવાબ તમને મળે. તેમાં ચેસનો પ્રોગ્રામ હોય, અને તમે ચાલ ચાલો તો સામેની ચાલ સ્વયં રીતે ચલાય; આ થયું ઇન્ટર એક્ટીવ. જયારે સી.ડી.આર. માં આર.નો મતલબ છે રેકોર્ડેબલ મતલબ તમે તેના ઉપર રેકોર્ડીંગ કરી શકો છો, લખી શકો છો. જેને તમે સી.ડી.આર.ની એક વખત લખી શકાય તેવી આવૃત્તિ કે તેવું સી.ડી.રોમ (CD-ROM) સ્વરૂપ કહી શકો. આવી સી.ડી. ખૂબ જ લાંબો સમય ચાલે તેવી હોય છે, ટકાઉ હોય છે અને તે સામાન્ય સી.ડી.રોમ ડ્રાઇવથી વાંચી શકાય તેવી હોય છે. તે લગભગ સાડા છસ્સો મેગા બાઇટ જેટલી માહિતી સંગ્રહી શકે છે પરંતુ એક વખત તેમાં લખાણ થઇ જાય પછી ભૂંસી શકાતું નથી કે તેમાં ફેરફાર થઇ શકતો નથી. ધોરણસરની પ્રી-રેકોર્ડેડ સી.ડી.માંની માહિતી તેના એલ્યુમીનીયમના ઝગારા મારતા પડ ઉપર કોતરાઇ જાય છે. આવી સી.ડી.આર.ની ઉપર ડાઇ બેઇઝ રેકોર્ડીંગ લેયર હોય છે. જેના ઉપર વધારાનું સોનેરી ચમકતું પડ ચઢાવેલ હોય છે.

**આ ડિસ્ક ઉપર કેવી રીતે લખાય છે?**

આ ડિસ્કને કમ્પ્યુટર ની ડિસ્ક ડ્રાઇવમાં નાખી અને ઊંચા ઉષ્ણતામાને તેને તપાવવામાં આવે છે, બર્ન કરવામાં આવે છે. આમ કહો કે તેને બાળીને તેની રેકોર્ડીંગ લેયરમાં નાના નાના આંકા કે ખાંચા કે ખાડા પાડીને પારંપરિક ડિસ્કની માફકજ તેના ઉપર ડીજીટલ માહિતી લખવામાં આવે છે. જયારે લેઝર બીમ આ પડને અને રેકોર્ડીંગ પડને લગભગ ૨૫૦ ડીગ્રી સેન્ટીગ્રેડ સુધી ગરમ કરે છે ત્યારે આ રેકોર્ડીંગ પડ ઓગળવા લાગે છે અને નીચેનું પડ ગરમીને કારણે વિસ્તરી ને લખાણ માટે મળી રહે છે.

- **કર્નેલ (KERNEL)** :

કમ્પ્યુટર કેવી રીતે કામ કરે છે? આ સવાલનો જવાબ આમ તો તેની ઓપરેટીંગ સીસ્ટમ માં સમાઇ જાય છે, પરંતુ આ ઓપરેટીંગ સીસ્ટમ કેવી રીતે બનાવવામાં આવે છે તે સમજીએ તો આ કર્નેલ શું છે તે ખબર પડશે. ઓપરેટીંગ સીસ્ટમ ને એક ઉપર બીજી એમ અનેક લહેરો થી બનાવવામાં આવે છે અને દરેક લેયરના કાર્યો જુદા જુદા હોય છે, દા.ત. સીરીયલ પોર્ટ સાથે જોડાણ સાધવું, ડિસ્ક સાથે જોડાણ કરવું, મેમરી કે યાદશક્તિની વ્યવસ્થા કરવી, અને વપરાશકર્તા તેમજ મશીન વચ્ચે સમાન સમજ ઉભી થાય તેવી પદ્ધતિઓ સ્થાપિત કરવી. આ બધી લેયર માટે જે પાયાની લેયર છે, જે મૂળભૂત લેયર છે, જેના ઉપર આ ઓપરેટીંગ સીસ્ટમની ઇમારત બાંધવામાં આવે છે તેને કર્નેલ (Kernel) કહેવામાં આવે છે. જેટલી આ કર્નેલ કાર્યક્ષમ હોય તેટલીજ ઓપરેટીંગ સીસ્ટમની કાર્યશીલ રહેવાની. આમ કર્નેલ ખૂબ જ પાયાની સેવા આપે છે, જેમકે તે હાર્ડવેર અને સોફ્ટવેર વચ્ચે સંવાદ સાધી આપે છે અને મેમરીની વ્યવસ્થાનું કામકાજ સંભાળે છે.

**હેલ્થ ફર્સ્ટ :**

ચાલો ત્યારે આજે કમ્પ્યુટરની બીજી ચાવી DELETE શીખવા થાવ તૈયાર.

***જો જીવનમાં હોય ગમ, ઉદાસી, અણગમો, તો તેને દૂર કરવાની ચાવી છે "DELETE" ડીલીટ.***

કમ્પ્યુટરની આ બીજી ચાવી ડીલીટ (DELETE)નો ઉપયોગ કંઇપણ ખોટું લખાઇ ગયેલ હોય તો તેને દૂર કરવા માટે થાય છે. જે લખાણ કાઢી નાખવાનું છે તેને સિલેક્ટ કરવા માટે તે લખાણ ઉપર માઉસનો કર્સર લાવી તે લખાણના છેડા સુધી લઇ જાઓ. અને ત્યારબાદ ડીલીટ કી નો ઉપયોગ કરો, તેને પ્રેસ કરો એટલે ના જોઇતું લખાણ દૂર થઇ જશે, ભુંસાઇ જશે. જો લખાણ ચાર પાંચ ફકરામાં હોય, તો કર્સરને પહેલા અક્ષર પર લાવી, શિફ્ટ કી દબાવી, અને કી બોર્ડની વચ્ચે આપેલ ચાર એરો કે તીરની નિશાની વાળી ચાર કી માંથી જમણી તરફની કી દ્વારા પણ તમે તે ના જોઇતા લખાણના છેડા સુધી સિલેક્ટ કરીને પછી ડીલીટનો ઉપયોગ કરી શકો છો. આ સિવાય ડીલીટની જગ્યાએ કંટ્રોલ કી ની સાથે એક્ષ કી ને પ્રેસ કરશો તો પણ તે લખાણ દૂર થઇ જશે. ચાલો તો કરો પ્રયત્ન.

*(અનુસંધાન : જુઓ પાના નં.-૧૯ ઉપર)*

# પરીક્ષા આપવાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે વ્યવહારુ ટીપ્સ

તુલસીદાસ એલ. કંસારા

માર્ચ-એપ્રિલના મહિનાઓ એટલે પરીક્ષા. અને પરીક્ષા કરતા પરીક્ષાનો હાઉ વધારે અને તે પણ વિદ્યાર્થી કરતાં તેના પેરેન્ટસ્, માતા પિતાને વધારે.... કારણ અપેક્ષા.... તમારા બાળકને ખીલવા દેવું હોય તો પરીક્ષાનો હાઉ ના બતાવો. તેને પરીક્ષા તો રોજની વસ્તુ છે. તેના માટે નોર્મલ તૈયારી જ કરવાની હોય, ઉજાગરા કરવાની કોઇ જરૂરત નથી એવું સમજાવો. જ્યારે તમે તેની પાસેથી અપેક્ષા વધારે રાખો છો ત્યારે તેને પૂરી કરવા માટે તે મથે છે અને પૂરી નહીં થાય તો? આવા સવાલ તેના મગજમાં ઉઠે છે જે તેનું અને તમારું પણ ટેન્શન વધારે છે. માટે નીચે લખેલ વ્યવહારુ ટીપ્સનો ઉપયોગ કરીને તમારા બાળકને પરીક્ષા આપવા મોકલાવો.

૧. પરીક્ષાના બે અઠવાડિયા પહેલા તેની તૈયારી માટે જરૂરી લેક્ચર નોટ્સ અને બુક્સ એકત્રિત કરી લો, કારણ કે પછી સમય ઓછો પડશે.

૨. તમારે અગાઉની પરીક્ષાના જુના પેપર્સ ત્રણ ચાર વર્ષના ચોક્કસ જોઇ જવા પડશે જેથી તમને કઇ જાતના અને કઇ રીતે સવાલો પૂછાય છે તે ખ્યાલ આવશે.

૩. જેટલા જુના પેપર્સ ભેગા કર્યા તેના જવાબો જાણે પરીક્ષામાં બેસીને લખતા હો તેવી રીતે લખી જાઓ અને પછી ચેક કરાવો કે તમારી ક્યાં કચાશ રહી જાય છે.

૪. પેન અને પેન્સિલ : કેટલીક પરીક્ષાઓમાં પેન વાપરવાની હોય છે અને કેટલીકમાં પેન્સિલો. તમે ચોક્કસ કરો કે તમે કઇ પરીક્ષા આપવા જઇ રહ્યા છો અને તમે શેનાથી લખવાના છો. અને આવી પેન તેમજ પેન્સિલ એક કરતાં વધારે લઇને જાઓ જેથી એક કામ ન કરે તો બીજીથી લખી શકાય.

૫. પરીક્ષાને દિવસે પરીક્ષાના સમયથી બે-ત્રણ કલાક વહેલા ઉઠીને તૈયાર થઇ જાઓ અને સાથે લેવાની નોટ્સ, પુસ્તકો, પરીક્ષા હોલમા દાખલ થવા માટેની ફી ભર્યાની પહોંચ કે આઇ.ડી. કાર્ડ વિગેરે ભૂલ્યા વગર સાથે લઇને નીકળો જેથી છેલ્લી ઘડીએ કૈંક યાદ આવે તો જોઇ શકાય.

પરીક્ષા – પરીક્ષાખંડમાં સમયસર નહીં પણ સમયથી પહેલા પહોંચો જેથી રસ્તાનો ટ્રાફિક તેમજ કોઇ પણ ઇમરજન્સીથી બચી શકાય અને પરીક્ષા શરૂ થાય તે પહેલા તમે શાંતિથી તમારી જગ્યા લઇ શકો અને વિચારી શકો. નહીં કે છેલ્લી ઘડીએ પહોંચીને હાસ હૂસ કરતાં સમય બગાડો અને તમે પણ ડિસ્ટર્બ રહો અને બીજા લોકોને પણ ડિસ્ટર્બ કરો.

૭. પેપર ઉપર લખેલી સૂચનાઓ શાંતિથી વાંચીને, સમજીને પછી જ સવાલોના જવાબો લખો. હા, આ સૂચનાઓ વાંચવામાં બધોજ સમય ના બગાડતા!

૮. પરીક્ષાની આગલી રાત્રીએ પૂરતી ઊંઘ લો.

૯. તમારા જવાબોનું લખાણ મુદ્દાસર રાખો. નકામા શબ્દો વેડફો નહીં. બે લાઇનો વચ્ચે એક લાઇનની જગ્યા રાખો જેથી તમારા જવાબ ફરીથી વાંચતી વખતે કૈંક યાદ આવે તો ઉમેરવા માટે જગ્યા મળે.

૧૦. તમે જ્યારે નિબંધ કે કોઇ વિદ્વતાભર્યુ લખાણ લખતા હો ત્યારે ભલે કોઇ લેખકના અવતરણ ના લખતા હો પરંતુ તમને યાદ હોય તે પુસ્તક કે લેખકનું નામ તેના સંદર્ભમાં લખવાનું ચૂકતા નહી કારણકે આવતા સંદર્ભો વાંચનારના મગજ ઉપર સારી છાપ ઉપજાવે છે અને તમને વધારે માર્કસ મેળવવામાં મદદગાર થાય છે.

૧૧. પરીક્ષા બે-ત્રણ અઠવાડિયા અગાઉ તમારા ટીચર કે પરીક્ષકની સાથે વાતવાતમાં જરૂરથી પૂછો કે કેવા પ્રકારના સવાલો આવી શકે અને તેઓની સલાહ સ્વીકારીને તૈયારી કરો કારણકે તેઓ પણ ત્યારે કેવા સવાલો પૂછી શકાય તેજ વિચારતા હોય છે.

૧૨. અને છેલ્લે, જયારે પરીક્ષા શરૂ થાય ત્યારે, તમને ના આવડતા સવાલો જોઇને ગભરાશો નહી. શાંતિથી રીલેક્ષ થઇને બેસો. તમને આવડતું હોય તે વિચારો અને લખવાનું શરૂ કરો. જુઓ, પોતાની મેળે સૂજતું જશે અને જવાબો મળતા જશે. તમારો સમય બધાજ સવાલો માટે સરખે ભાગે વહેંચો અને થોડો સમય તમારા લખેલા જવાબો જોઇ જવા માટે અને જરૂર લાગે તો તેમાં સુધારા વધારા કરવા માટે રાખો.

પરીક્ષામાં તમારી સફળતા માટેની શુભ કામનાઓ સાથે...

એક ભણેલ વ્યક્તિ તરીકે તમને કેટલું યાદ રહ્યું છે તે જરૂરી નથી, કે તમે કેટલું જાણો છો તે પણ જરૂરી નથી. તમે શું જાણો છો અને શું નથી જાણતા તે જુદું પાડી શકો તેજ તમારું ભણતર છે.

*- અનાતોલે ફ્રાંસ*

---

## કોમ્પ્યુટરનો કક્કો

**(અનુસંધાન : પાના નં.-૧૮નું શેષ)**

તમારે તમારા જીવનને ખુશી, આનંદ અને નિજાનંદથી ભરી દેવું હોય તો નાજોઇતા કેટલાયે લખાણો તમારા જીવનમાંથી દૂર કરવા પડશે. માટેજ કહેવાય છે કે ભૂતને ભૂલીને વર્તમાનમાં જીવો, શરીરને દૂરસ્ત રાખવા માટે થોડી કસરતો કરો, લાફીંગ કલબમાં ન જવાય તો ઘરમાં વ્યાયામ કરો, યોગ કરો, એરોબીક્સ કરો કે સ્ટ્રેચીંગ કરો. અર્ધો એક કલાક તમારા શરીરની પૂજા કરી લ્યો. ઉગતા સૂર્યના દર્શન કરીને તેની ઉષાના રંગને ફૂલોની જેમ તમારા જીવનમાં ભરીને દિવસની શરૂઆત કરો. પ્રભુની પ્રાર્થના કરીને આજ કરવાના સત્કર્મોની યાદી બનાવીને એવું લખાણ લખવા તૈયાર થઇ જાઓ કે જે ભૂંસવાની જરૂરત જ ના પડે. ભવિષ્યમાં ડીલીટ કી નો ઉપયોગ ના કરવો પડે. અંગ્રેજીનો આઇ અક્ષર તો તેના છવ્વીસ અક્ષરોમાં સૌથી સાદો છે અને ડીક્ષનરીમાં સૌથી નાનો છે. માટે તે “આઇ”ને વધારે મહત્વ ના આપતા, ‘હું’ પદને ઓગાળી દો, કોઇએ ભૂતકાળમાં કશુક ખોટું લાગે તેવું કહેલ હોય, કે કરેલ હોય તો તેને માફ કરી દો. તમારી યાદમાંથી, કમ્પ્યુટરની ડીલીટ કી ની જેમ તમારી ડીલીટ કી થી તેને ભુંસી નાખો, અને પછી જુઓ તમને વૃક્ષોના પાંદડાઓમાંથી પસાર થતા પવનમાં, ખળખળ વહેતા ઝરણામાં અને પક્ષીઓના કલબલાટમાં એક અનોખું અને મધુર સંગીત સંભળાશે! ■

# સોનામાં રોકાણ માટેના માધ્યમો

**સંકલિત**

પરંપરાગત રીતે આપણે સોનામાં રોકાણ ઝવેરીને ત્યાં જઇ ઘડામણની રકમ ચૂકવીને ભેળસેળવાળું સોનું ખરીદી કરતાં હોઇએ છીએ, જેમાં વેચવા જાવ તો સારી એવી રકમ ખવાઇ જતી હોય છે, પરંતુ આ પરંપરાગત વિકલ્પ કરતા પણ અન્ય વિકલ્પો છે જે તમને સોના જેટલું જ વળતર અપાવવા સાથે અન્ય રોકાણના લાભ પણ અપાવે છે.

★ **ઇટીએફ :** ઇટીએફ તમને સોનામાં નાના પ્રમાણમાં રોકાણ કરવાની છૂટ આપે છે, જે રીટેઇલ ઇન્વેસ્ટરને આ કોમોડિટીમાં ભાગ લેવાનું વધુ સરળ બનાવે છે. આમાં ડિમેટ એકાઉન્ટ મારફત ઝડપથી અને સરળતાથી વ્યવહાર થઇ શકે છે, આથી રોકાણકારો માટે કોઇ સ્ટોરેજ અને સિક્યુરીટીનો મુદ્દો રહેતો નથી. આ મારફત તમે એક શેરની ખરીદી/વેચાણ સમાન જ શેરબજાર પર સોદા કરી શકો છો.

★ **ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ :** ફિઝિકલ ગોલ્ટના યુનિટના ટેકા સાથેની આ એક ઓપન એન્ડેડ મ્યુચ્યુઅલ ફંડ યોજના છે. ગોલ્ડ ઇટીએફ એક નિષ્ક્રિય ઇન્વેસ્ટમેન્ટ વ્યૂહરચના તરીકે ઓળખાય છે. આમાં રોકાણકાર વતી સોનાની ખરીદી કરવામાં આવે છે અને તેનું સક્રિયપણે સંચાલન કર્યા વિના જ ધરાવી રાખવામાં આવે છે. આમાં ખર્ચા બાદ કરતાં શક્ય હોય તેટલા પ્રમાણમાં એક કોમોડિટી તરીકે સોના પર મળતા વળતર જેટલું જ વળતર અપાવવાનો ઇરાદો રાખવામાં આવે છે. રોકાણકારો બજાર ભાવે ઝડપથી લેણ કે વેચાણ કરી શકે છે, જેથી તે એક ખૂબ જ પ્રવાહી એસેટ્સ બની છે. એક ઇટીએફ સાથે ઇન્ટ્રા-ડે ટ્રેડિંગ પણ સંભવ છે, જે એક ઓપન એન્ડેડ મ્યુચ્યુઅલ ફંડમાં સંભવ નથી.

**સોનાના ભાવ**

(૧૦ ગ્રામ સ્ટાન્ડર્ડ સોનાની લગડી)

| *વર્ષ* | *રૂપિયા* |
|---|---|
| ૧૯૫૧ | ૮૪.૪૪ |
| ૧૯૬૧ | ૧૧૯.૩૫ |
| ૧૯૭૧ | ૧૯૩.૦૦ |
| ૧૯૮૧ | ૧૩૩૦.૦૦ |
| ૧૯૯૧ | ૩૪૬૬.૦૦ |
| ૨૦૦૧ | ૪૧૯૦.૦૦ |
| ૨૦૧૧ | ??? |

★ **ગોલ્ડ માઇનિંગ ઇક્વિટી :** આ સિવાય અન્ય એક વિકલ્પ સુવર્ષ ઉદ્યોગને લગતી કંપનીઓના શેરોમાં રોકાણ કરી લાભ મેળવવાનો છે. આમાં સોનાનું ખાણકામ કરતી કંપનીઓનો સમાવેશ થાય છે. માઇનિંગ શેરોની કામગીરી મોટા ભાગે ભાવની સાથે વધતી કે ઘટતી હોય છે. આથી ગોલ્ડ શેરોના ભાવ સોનાનો સૌથી સારો વિકલ્પ બની શકે છે. સોનાના ખાણકામ કંપનીના શેરો સોનાના ભાવ અનુસાર જ કમાણી કરતાં હોય છે અને લિવરેજ મેળવતા હોય છે. ખર્ચ, સામાન્યતઃ નિશ્ચિત હોય છે અને સોનાના ભાવ વધતાં ગોલ્ડ કંપનીઓની કમાણી અને ચોખ્ખા નફા પર તેની સીધી અસર જોવા મળતી હોય છે.

★ **સોના સાથે પોર્ટફોલિયોનું વૈવિધ્યકરણ :** સોનું એક એવું રોકાણનું સાધન છે જે ફુગાવા સામે હેજિંગ પુરુ પાડે છે એટલું જ નહીં તે ડોલરના ઘટાડા સામે હેજિંગ પુરું પાડે છે કારણ કે ડોલર અને સોનું બંને વચ્ચે સક્ષમ નકારાત્મક વિપરીત સંબંધો જોવા મળે છે. ભૌગોલિક રાજકારણ અને નાણાકીય બજારની અનિશ્ચિતતાના સમયમાં આ એક સુરક્ષિત કોમોડિટી ગણી શકાય, જે પુરવઠા તેમજ માંગના ફંડામેન્ટ આધારિત સારું આંતરિક મૂલ્ય હાલ ધરાવે છે. આમ પોર્ટફોલિયોને વૈવિધ્યસભર બનાવે છે અને તે એક પોર્ટફોલિયો ઇન્સ્યુરન્સ તરીકે ફરજ બજાવી શકે છે.

★ **ગોલ્ડ ફંડની કામગીરી :** બજારમાં ખાસ કરીને હાઇનેટવર્થ ઇન્ડિવિઝ્યુઅલ માટે અમુક વિશેષ ગોલ્ડ ફંડ ઉપલબ્ધ થઇ રહ્યા છે.

જેમાં પણ તમે રોકાણ કરીને સારું વળતર મેળવી શકો છો.

આ ફંડોનું રોકાણ સોનાનું ખાણ કામ કરતી અને સંબંધિત કંપનીઓમાં થાય છે.

ભારતમાં તાજેતરમાં શરૂ થયેલા ગોલ્ડ મ્યુચ્યુઅલ ફંડ મુખ્યત્વે ફિડર ફંડ હોય છે. તેઓ અન્ય ફંડમાં રોકાણ કરે છે, જે માસ્ટર ફંડ હોય છે અને સામાન્યપણે તે વિશ્વમાં સફળતાપૂર્વક ચાલતા હોય છે.

અન્ય મ્યુચ્યુઅલ ફંડની જેમ આમાં કોઇપણ ડિમેટ એકાઉન્ટ ખોલાવ્યા વગર જ ખરીદી અને વેચાણ કરી શકાય છે.

***સૌ. 'દિવ્ય ભાસ્કર'***

## ચાંદીના ઉપયોગની હેરતભરી વાતો

૧. ચાંદીમાંથી બનતું સિલ્વર નાઇટ્રેટ અને સિલ્વર હેલાઇડ્ઝ ફોટોગ્રાફીની ફિલ્મમાં વપરાય છે.

૨. મોટા ભાગની મોંઘી ઇલેક્ટ્રોનિક ચીજોમાં પ્રિન્ટેડ સરકિટમાં અને કોમ્પ્યુટર-કી-બોર્ડમાં ચાંદી વપરાય છે.

૩. ચાંદીના સિક્કા વર્ષોથી વપરાતા આવ્યા છે. જગતની ચૌદ ભાષામાં જયારે 'મની' અગર 'નાણાં' શબ્દ વાપરવાનો હોય ત્યારે 'સીલ્વર' શબ્દ વપરાતો અને રૂપિયો એટલું રૂપું એવો અર્થ થતો.

૪. દાઝી ગયેલા દર્દી માટે સલ્ફાડિયાઝિન ક્રીમ વપરાતી. તેમાં ચાંદી આવતી. ૧૯૯૮ પછી દાઝેલા લોકો માટે નવી જાતની ટ્રીટમેન્ટમાં હજી સિલ્વર ડ્રેસિંગ વપરાય છે.

૬. ચાંદી સફેદ છે પણ તેને પારા (મરક્યુરી) સાથે કોઇ લેવાદેવા નથી. ચાંદી સરેરાશ સોનાથી ૬૦મા ભાગના ભાવથી અને તાંબા કરતાં ૭૦ ગણા ઊંચા ભાવથી વેચાતી આવી છે.

૮. ઇજીપ્તના લોકો તો સોના કરતાં ચાંદીનો વધુ મોહ રાખે છે. તેને દિવ્ય ધાતુ માને છે. શ્રીલંકાના બૌદ્ધ સાધુઓ પણ ચાંદીને શુકનિયાળ માને છે. ઘણા લોકો શુકન માટે ચાંદીની વીંટી પહેરે છે. શ્રીલંકાના બૌદ્ધ મંદિરમાં (કેન્ડી ખાતે) પાયા ખોદાયા ત્યારે પાયામાં સોલીડ ચાંદી ૭ ઇંચ સુધી નાખેલી. *– સંકલિત*

# બુદ્ધભટ્ટી દામાણી પરિવારના સતીમાતા મેઘબાઇમાં

સંકલન : સુધા એ. બુધ્ધભટ્ટી

## સતી મેઘબાઇ માની આછેરી ઝલક

બુદ્ધભટ્ટી દામાણી પરિવારના સતી મેઘબાઇ માંનો જન્મ અબડાસા તાલુકાના કોઠારા ગામ મધ્યે મારૂ કંસારા - નુખે બારમેડાને ત્યાં વર્ષ સવંત ૧૮૦૯ વૈશાખ વદ ૮, ૧૭-૦૫-૧૭૫૨ ના રોજ થયેલ તેમજ તેમના લગ્ન ભુજના કંસારા બુદ્ધભટ્ટી નુખના સાથે સંવત ૧૮૩૩ તા. ૨૦-૧-૧૭૭૬ના રોજ થયેલ. એમને પોતાના લગ્ન જીવન સંસારમાં અનેકવિધ તડકી-છાંયડી જોવા મળેલ.

પરણીને આવ્યા બાદ રોજના કજીયા કંકાસના કારણે તેઓના સીમંત પ્રસંગ બાદ માવિત્રે કોઠારા ગયા બાદ ભુજ સાસરે આવ્યા જ નહીં. સમયાંતરે તેમણે સુપુત્રને જન્મ આપ્યો. જેમનું નામ દામજી પાડવામાં આવ્યું. થોડાજ સમયમાં એમના પતિ શ્રી પ્રાગજી કોઈ અસાધ્ય રોગથી અવસાન પામ્યા ત્યારે માતાજી મેઘબાઈ માં ને કુદરતી સંકેત કે તેમનામાં રહેલ અપૂર્વ સત્ત્વના જોરે આ અંગેની જાણ થઈ અને તેઓ તરત જ ભુજ આવ્યા અને શ્વસુર પક્ષમાં સૌને જાણ કરીને કહ્યું કે મારા પતિના શબને સ્મશાને લઈ જવાના નથી. મારે એમની સાથે એમનું મસ્તક મારા ખોળામાં લઈને ચિતામાં મારે સાથે બેસવું છે અને મારે એમની સાથે સતી થવાનું છે.

સતી થવા દેવા - ના થવા દેવાની રકઝક તથા માથાકુટને અંતે મેઘબાઈ માં સ્નાન કરી, ચોખ્ખા વસ્ત્ર પહેરી, માથે ચુંદડી ઓઢી હાથમાં નારીયેળ લઈ કપાળે સિંદુરનો ચાંદલો કાઢી તેમના પતિની ચિતા પર ગોઠવાઈ ગયા અને કહ્યું, હું મારા પરિવારને શાપ નહીં આપું, આશિષ આપતી જઈશ. મારા વંશજો મને માનશે, સમરશે. મારી ઈષ્ટદેવીને નમતા આવશે તે ખૂબ જ સુખી થઈ આગળ વધશે, નામ કાઢશે એવો દ્રઢ વિશ્વાસ રાખશો. મારા સતી થયા બાદના કોઈ કાર્યમાં વિઘ્ન નાંખશો નહીં. મારા કુટુંબના લોકો કોઈ કાર્ય કરશે તેમાં પણ વિઘ્ન નાંખશો નહીં. આટલું કહીને પોતાના પતિના દેહના મસ્તક પાસે આથમણી દિશામાં જ્યાં સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં



હતો તેમને વંદન કરી, પલાંઠી વાળીને ચિતા પર પોતાના પતિનું મસ્તક ખોળામાં લઈ લીધું અને એમના જમણા પગના અંગુઠામાંથી અગ્નિ સ્વયં પ્રજ્વલિત થયો. ત્યારે પણ ફરીથી કહ્યું કે મારા પુત્ર દામજીના નામે તમારો વંશ દામાણી કહેવાશે. તેમના સંતાનો મારૂં જ્ઞાન પ્રાપ્ત કરશે. રાજ્યમાં સારા હોદ્દા ભોગવશે. મારા વંશમાં કુશળ કારીગરો થશે. એમ કહીને પતિ સાથે અગ્નિ ખોળે સમાઈ ગયા. અને આમ માત્ર પચ્ચીસ વર્ષની વયે માં મેઘબાઈ માંએ વિદાય લીધી.

સતી મેઘબાઈ માંના સુપુત્ર દામજીના વંશજ દામાણી પરિવાર માંની કૃપાથી વટવૃક્ષની જેમ ફૂલ્યો ફાલ્યો છે. કચ્છની રાજાશાહીમાં રવજીભાઈ તથા કેશવજીભાઈ આ પરિવારમાંથી એન્જીનીયર્સ થયા છે. ત્યારબાદ જાદવજી બાપુભાઈ તથા મોતીલાલ રણછોડ, પ્રાગજી ધારશી, રતિલાલ કેશવજી પણ સારા એન્જીનીયર્સ કચ્છ રાજ્યમાં થઈ ગયા છે. આ ઉપરાંત દામાણી પરિવારના અનેક વંશજો ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યા છે.

## સતી મેઘબાઈ માંનો અનેરો પાટોત્સવ:

દામાણી પરિવારના વંશજો સતી મેઘબાઈ માંનો પાટોત્સવની ઉજવણી પોષ વદ ચોથના રોજ કરે છે તેમજ બહારગામ વસતા દામાણી પરિવાર જો આ ઉજવણીમાં હાજરી ના આપી શકે તો તેમના ઘેર જ તે દિવસે ખીર અને ફુલકા અથવા દૂધ-પુરી સતી માં ને ધરે છે. આ ઉજવણીના ભાગ રૂપે ભુજ મધ્યે ભીડનાકા બહાર આવેલ સતી માતાના મંદિરે તા. ૨૩-૧-૨૦૧૧ રવિવારના રોજ ધામધૂમથી ઉજવવામાં આવેલ. જેમાં સવારે હવન પર રામદાસ લાલજી બુધ્ધભટ્ટી પરિવારના સભ્યોએ ભાગ લીધેલ તેમજ બપોરના દામાણી પરિવારના જમણનો લાભ જનકબેન ત્રિકમદાસ બુધ્ધભટ્ટી (દામાણી)એ લીધેલ. સાંજે ૪ થી ૬ દરમ્યાન ભજન કીર્તનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં નર્મદાબેન બુધ્ધભટ્ટી તથા રોહિણીબેન બુધ્ધભટ્ટીએ જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત સમસ્ત જ્ઞાતિજનો જે પ્રતિવર્ષ દર્શન કરી પ્રસાદ તો લે છે પરંતુ આ વર્ષે દામાણી પરિવાર તરફથી સમસ્ત જ્ઞાતિજનો માટે મહાપ્રસાદ (જમણ)નું આયોજન રાત્રે ૮ વાગ્યાથી કરવામાં આવેલ, જે પ્રસંશનીય છે. આ કાર્યક્રમને સફળ બનાવવા હરેશ રમેશચંદ્ર બુધ્ધભટ્ટી, રાજેશ મગનલાલ બુધ્ધભટ્ટી, જીતેન્દ્ર નાનાલાલ બુધ્ધભટ્ટી, ભૂપેન્દ્ર ભાઈલાલ બુધ્ધભટ્ટી, પરેશ રામદાસ બુધ્ધભટ્ટી, જીગર મોહનલાલ બુધ્ધભટ્ટી અગ્રેસર રહ્યા હતા. તદ્દુપરાંત જ્ઞાતિના આગેવાનો, યુવક મંડળ, મહિલા મંડળે આ કાર્યક્રમને સુપેરે પાર પાડ્યું હતું.

*(નોંધ : અહીં મા સતી મેઘબાઈ માં ની આછેરી ઝલક દર્શાવવામાં આવેલ છે. વિસ્તૃત માહિતી માટે શ્રી ઈંદુલાલ કે. બુધ્ધભટ્ટીના "શ્રી આઈ સતીમાં મેઘબાઈમાં"નું પુસ્તક વાંચવું.)*

*– સંકલનકર્તા*

*આપણા સમાજના વિવિધ પરિવારોનો આવગો ઈતિહાસ છે. મોટેભાગે કંઠોપકંઠ પેઢી દર પેઢી પ્રસરતા એ ઈતિહાસ 'દંતકથા' સમાન હોય છે. પરંતુ એ દંતકથાઓ પણ પ્રેરક અને માર્ગદર્શક બની શકે છે. બને ત્યાં સુધી આવી પરંપરાગત બાબતોમાં અંધશ્રધ્ધા પ્રેરીત 'ચમત્કારો'ને મહત્ત્વ ન આપતાં, એ વ્યક્તિના માનવીય ગુણો ઉજાગર થતા હોય તેવા પ્રસંગો લખાય તો સાંપ્રત સમાજની નવી પેઢી માટે ઉદાહરણરૂપ બને.*

*– મુખ્યતંત્રી*

# કચ્છમાં રણોત્સવ

સુરેશ બીજલાણી 'સુબી'

'રણોત્સવ' — રણમાં ઉત્સવ.. એક નવો જ વિચાર! કચ્છમાં રણ, દરિયો અને પર્વતોની હારમાળા આવેલાં છે. પણ એને વિશ્વસ્તરે, પ્રવાસન ક્ષેત્રે વિકસાવવાનો વિચાર તો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને જ આવ્યો. એમણે ભુજ કાર્નિવલમાં સંબોધન વખતે કહ્યું કે એમની સરકાર આવ્યા પહેલાંથી કચ્છમાં આટલી બધી કુદરતી સંપદા તો પડેલી જ છે પણ એને જોવાની દૃષ્ટિ નહોતી.

પ્રથમ ભુજનાં હમીરસર કાંઠે ઝળાહળાં કરતો અને કલાકારોને મન મૂકીને વિકસાવવાનો અવસર પૂરૂં પાડે એવો કાર્નિવલ નિહાળવા મળ્યો કચ્છવાસીઓને...અને ત્યારબાદ શરૂ થયો ધોરડો રણોત્સવ... સમગ્ર વિશ્વમાં મીઠાના સ્તરથી છવાયેલું સફેદ રણ અલૌકિક છે. ધરતી અને આકાશની ભેદરેખા અહીં મટી જાય છે. સફેદીનાં ચમકારની જાહેરાતોને ઝાંખી પાડે એવી સફેદી આપણી ચો-તરફ જોવા મળે. અનંત આકાશની પરિકલ્પના અહીં પૂર્ણ થતી જોવા મળે.

પ્રભુની અસીમ કૃપાની અનુભૂતિ અહીંની ચાંદની રાતમાં જોવા મળે. ચાંદનીમાં ચમકતો રણ અલગ જ સ્વરૂપ ધારણ કરે છે. અને એ ચાંદની રાતમાં અમને અવસર મળ્યો નાટ્યકૃતિઓ રજૂ કરવાનો- ખુલ્લા આકાશ નીચે ચંદ્રની સાક્ષીએ મહાનુભાવોની ઉપસ્થિતિમાં કચ્છનાં ઇતિહાસને વર્ણવતા આઠ નાટકો દ્વારા પ્રવાસીઓને ઐતિહાસિક માહિતી પહોંચાડવાનો અનુભવ યાદગાર રહેશે. હોથલ પદમણી, જમાદાર ફતેહમામદ, ભૂજંગ જગડુશા જેવા નાટકોમાં યાદગાર પાત્રો ભજવવાનો અવસર મળ્યો.

પર્યટન વિભાગોની યોગ્ય સુવિધાઓ કચ્છના રણમાં પહોંચાડી જે ઉમદા કાર્ય થયું. એ તો ત્યાં જુઓ તો જ ખ્યાલ આવે.

ભૂકંપની કારમી થપાટ માર્યા બાદ જાણે કુદરત કચ્છ પર હેત વરસાવે છે. અને એટલે જ કુદરતે શાસનકર્તાઓના મન પણ મોહી લીધા છે. વિશ્વસ્તરનાં પ્રવાસીઓને કચ્છનો ખોળો ખૂંદવા ખેંચી લાવે છે અહીંનું પ્રાકૃતિક સૌંદર્ય...!

વાગડ હોય કે લખપત, ભુજ હોય કે માંડવી-મુન્દ્રા દરેક સ્થળનાં અલગ-આવગાં ઇતિહાસ અને આગવી સંસ્કૃતિ...! પ્રવાસીઓ સ્તબ્ધ થઇ જાય છે કુદરતની આટલી અલગ અલગ 'વેરાયટીઓ' જોઇને... વળી અહીંનું સંગીત, અહીંની બોલી અને કચ્છીઓનાં નિખાલસ સ્વભાવ મન મોહી લે છે. અહીંની હસ્તકળા, શિલ્પ અને સ્થાપત્ય જોઇને લોકો — તળપદી ભાષામાં કહીએ તો 'છક્ક' થઈ જાય છે.

મોટાં ઉદ્યોગો અને મોટા માથાઓ કચ્છ પર ધીરે ધીરે કબ્જો જમાવી રહ્યા છે. એની પાછળ પાછળ આવે છે મજૂરો- કાર્યકર્તાઓ- અધિકારીઓ. ચોરી-લૂંટ-ખૂન ખરાબી જેવા દૂષણો પણ પ્રવેશ્યા છે અહીં. છતાંય રણમાં મીઠી વીરડી સમાન, કચ્છી માડૂ સૌને આવકારે છે. 'તું ખમીરવંતો છે' કહી પીઠ થાબડતા લાલચુઓ કચ્છીઓનો ફાયદો ઊઠાવે છે. બધું જાણવા છતાં પ્રભુ ઇચ્છા અને આશીર્વાદ સમજી હસતા મુખે સ્વીકારે છે.

ભયાનક ભૂકંપને જીરવી ગયેલો કચ્છી ખમીરવંતો છે. તો કચ્છધરા એટલી જ ખુમારીવાળી છે એમાં કોઇ બે મત નથી.

મો. ૯૮૭૯૦ ૪૩૫૫૧

# હોલીકા ઉત્સવ

પ્રાચીનકાળમાં વસંતઋતુનાં વધામણાં, વસંતનાં આગમનને વધાવવા જે યજ્ઞ કરવામાં આવતો તેની ઉજવણી હોલીકા ઉત્સવના સ્વરૂપે થઇ તેમ કહેવાય છે. આપણે ત્યાં બે પાક લેવાય છે : શિયાળુ પાક (ખરીફ પાક) અને ઉનાળું પાક. હોળી પર તૈયાર થયેલ નવા ધાન્યો એટલે કે શેકેલાં અનાજની, અગ્નિમાં હોળીનાં દિવસે આહુતિ અપાય છે. બ્રાહ્મણો હોમ હવન કરે છે. શેકેલાં અનાજને સંસ્કૃતમાં હોલક કહે છે. જેના પરથી હોલીકા કહેવાતું હોય એમ પણ બને.

નવપરીણિત યુગલ હોળીના ફેરા ફરી પ્રસન્ન દામ્પત્ય જીવનના આશીર્વાદ માંગે છે. પહેલી હોળીમાં નવજાત શિશુને ફાગણિયું પહેરાવી, સુકા મેવાનો હારડો પહેરાવી ફેરા ફરાવવામાં આવે છે અને શ્રીફળ વધેરી



પતાસાં, ધાણી, ખજૂરનો પ્રસાદ લેવાય છે. આ માસમાં શિશિર અને વસંતઋતુનું મિલન થાય છે. હોળીને ફેરા ફરવાથી, તેનો તાપ લેવાથી જૂનો કફ નિર્મૂળ થાય છે તેવું આરોગ્ય વિજ્ઞાનનું મંતવ્ય છે. હોલીકા ઉત્સવ પરંપરાગત રીતે દરેક જગ્યાએ રંગેચંગે ઉજવાય છે.

પ્રભાસ પાટણમાં પિરામીડ કે શિખર આકારની હોળીની ઉજવણી કરાય છે. તેની ઉપર લાકડી ઉપર પ્રચંડ તાપની જ્વાળાથી સહેલાઇથી સરકી જાય તેવી ધજા લગાવવામાં આવે છે. પ્રગટેલી હોળીની ધજા કઇ દિશામાં જાય છે અને પવન કઇ દિશામાં વાય છે તેના પરથી વર્ષ અને વરસાદ કેવા થશે તેવું અભ્યાસુઓ તારણ કાઢે છે.

વ્રજધામમાં હોળીમાં વ્રજનારીઓ શણગાર સજી હાથમાં લાંબી કડીયાળી લાઠીઓ લઇ, બહાર રસ્તે આવી જાય છે

*(અનુસંધાન : જુઓ પાના નં.-૨૩ ઉપર)*

**ભવ્ય ભૂતકાળ**

# સો વર્ષ પુરાણું માણસાનું શ્રી મહાકાળી માતાજીનું મંદિર, માણસા.

ઉત્તર ગુજરાતના ગાંધીનગર જિલ્લામાં આવેલ માણસા નગર એક રજવાડી સ્ટેટ હતું. પ્રજા વત્સલ રાજવીઓએ નગરના વિકાસ માટે ઉજળીયાત વસ્તીને નગરમાં વસાવી અને આના કારણે માણસા કાપડ, કરીયાણું અને કંસારા બજાર માટે આખા પરગણામાં વિખ્યાત હતું. એ વખતે એટલે કે એક સૈકા પહેલાં માણસામાં નાના મોટા ૭૦ થી ૮૦ જેટલાં કંસારા કુટુંબો વસતાં હતાં. આજે આ વિસ્તાર કંસારા બજાર તરીકે ઓળખાય છે.



એ જમાનામાં આજથી સો વર્ષ પહેલાં માણસાના કંસારા ભાઈઓએ માણસાના કંસારા બજારમાં, ભાટવાડાના નાકે આપણાં કૂળદેવી મા કાલીકાનું ભવ્ય, વિશાળ શિખરબંધી મંદિર બંધાવેલ જે નગરનું સૌથી ઊંચુ મંદિર ગણાતું. ***જેનો શતાબ્દી મહોત્સવ આવતા વર્ષથી ભારે ધામધૂમ અને ઉમંગથી ઉજવવાનો છે.***

સફેદ આરસમાં, મહિષાસુર મર્દિનીના સ્વરૂપવાળી, અદ્‌ભૂત, અલૌકિક-દિવ્ય અને ચમત્કારિક મૂર્તિ મંદિરમાં બિરાજમાન છે. જેનું દિવ્યદર્શન કાલિકા પુરાણમાં પણ મૂકેલ છે.

આજે આ પ્રાચીન મંદિર ફક્ત કંસારાઓનું જ નહિં પરંતુ ભાટવાડા સહિત સમગ્ર ગામમાં આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક બન્યું છે. જૈનો, પટેલો, બ્રાહ્મણો, બારોટો વિ. સમગ્ર ગામ જ્ઞાતિના લોકોને માટે બાધા આખડીનું કેન્દ્ર બન્યું છે. માતાજીની દેદીપ્યમાનમૂર્તિનું તેજ-આંખમાં વસી જાય તેવું છે.

દર વર્ષે જેઠ-વદી-૧૦ ના રોજ માતાજીનો પાટોત્સવ ભારે ઉત્સાહ અને ઉમંગથી ઉજવાય છે. હવન થાય છે. અને એનો લાભ માણસામાં વસતા તથા બહારગામ રહેતા તમામ લ્હાણેદારો લે છે.

સો સો વરસનાં વહાણાં વાયાં-લાકડાં અને પતરાંથી બનેલું આ મંદિર હવે જિર્ણોદ્ધાર ઝંખી રહ્યું છે. જીર્ણ થયું હોવાથી તેને ઉતારી લેવામાં આવ્યું છે અને તેને નવેસરથી બનાવવા માતાજીનો હુકમ થયેલ છે. એટલે અમે માણસાના તમામ જ્ઞાતિભાઈઓ આપ સમક્ષ ટહેલ નાખીએ છીએ.

***આપ આપનાથી બની શકે તેટલી સેવા નોંધાવશો. અને સો વરસથી પ્રજવલિત આ જ્યોતને તેની આભાને વધુ દેદીપ્યમાન બનાવશો એવી નમ્ર વિનંતી....***

***મા કાલીકા સૌનું ભલું કરે - કલ્યાણ કરે. અને આપ તથા આપના કુટુંબ ઉપર સદાય અમીદ્રષ્ટિ રાખે... આપની મનોકામના પૂર્ણ કરે.. એવી અભ્યર્થના.***

આપણી જ્ઞાતિમાં આપણા કુળદેવી મા કાલીકાનું આવું વિશાળ અને ભવ્ય મંદિર ગુજરાતમાં ક્યાંય નથી. માનું આવું ભવ્ય-દિવ્ય-અલૌકિક સ્વરૂપ પણ ક્યાંય જોવા મળતું નથી.

***શ્રી માણસા કંસારા જ્ઞાતિ પંચના તમામ જ્ઞાતિજનો વતી***
***શ્રી કનુભાઈ કંસારા - પ્રમુખશ્રી***
***ફોન : (૦૨૭૬૩) ૨૭૨૦૬૬, , ૯૮૭૯૦ ૩૫૦૫૦***

## હોલીકા ઉત્સવ

**(અનુસંધાન : પાના નં.-૨૨નું શેષ)**

અને નિર્દય બની આવતાં જતાં નંદગામના પુરૂષો પર 'પ્રેમસભર' પ્રહાર કરતી રહે છે. લાઠી, એ સત્તાનું પ્રતીક માનવામાં આવે છે અને સ્ત્રી શક્તિની આ સત્તા 'હોલીકા ઉત્સવ'ના લોકમેળામાં વણી લેવાઈ છે. સ્ત્રીઓનો આ લાઠીમાર, પુરૂષો નતમસ્તકે ઢાલને આગળ ધરી ખમે છે. વ્રજની સ્ત્રીઓ પ્રજવલિત દીપની આરતી લઈ ચિરકુલા નૃત્ય કરે છે. ફાગણ વદ-૧૧ થી ફાગણ વદ રંગપંચમી સુધી આ તહેવાર ઉજવાય છે. વ્રજધામની પાવનભૂમિ પર ચોરાસી કોસની લીલી પરિક્રમા મથુરાની પાવનભૂમિમાં થાય છે.

ભુજમાં ઘેરૈયા ચૌદસ (ફાગણ વદ-૧૪)ના દિવસે ગુરીયા પીર થતાં અને તેની દાદી ધૂળેટીના દિવસે મરી જાય તેની ઠાઠડી કાઢી, સ્મશાનયાત્રા કાઢવામાં આવતી અને રામકુંડમાં નહાઈ પાછા ફરતાં એ પ્રાચીન પરંપરા આજે હવે લુપ્ત થઈ ગઈ છે.

ફાગણ સુદ-૧૫ ના દિવસે ચૈતન્ય મહાપ્રભુનો લીમડાના વૃક્ષ નીચે આર્વિભાવ થયો હતો એવી કથા છે.

અમરેલી જીલ્લામાં સાવરકુંડલા ગામે હોળીના દિવસે ઈંગોરિયા નામના ઝાડના ફળને એકબીજા પર ફેંકીને લોકો હોળી ઉત્સવ ઉજવે છે. શ્રીમદ્ ભાગવત્‌માં કૃષ્ણ કથામાં રાક્ષસી પુતનાનું શ્રીકૃષ્ણ દ્વારા નિકંદન કરવામાં આવે છે. પુતનાને નંદરાજા અને ગોપગણો દ્વારા બાળવામાં આવે છે. આમ આસુરી શક્તિનું દહન થાય છે.

નારદપુરાણ મુજબ ભક્ત પ્રહલાદ અને હોલીકાની કથા જાણીતી છે. જામનગરમાં હોલીકાનું પૂતળું બનાવી પ્રહલાદને બચાવવા ભોઈ જ્ઞાતિ દ્વારા ઉજવાતા હોલીકા ઉત્સવનું ભારે મહત્વ છે.

જગત મંદિર દ્વારકામાં મહા શિવરાત્રીના દિને હોળી ચોકમાં અગ્નિ પ્રગટાવી હોળીનું શુભ મૂહુર્ત થાય છે.

ફાગણનો ફાગ કેસુડાનાં રંગોના રંગોત્સવ થકી સૌનું જીવન રંગીન બને અને તે દ્વારા એકબીજા પ્રત્યે વૈમનસ્ય ભૂલી પરસ્પર સ્નેહ મિલનનો સુભગ અવસર હોલીકા ઉત્સવ પ્રસંગે સૌને સાંપડે તેવી શુભેચ્છા.

***શ્રીમતી મીનાક્ષી માંકડ***

# ભુજના કવિઓની સંસ્થા – "સાંધ્યદીપ"

શ્રીમતી લતાબેન સોલંકી - ભુજ

ભુજના કવિઓની સંસ્થા સાંધ્યદીપનો ૬ઠ્ઠો વાર્ષિકોત્સવ તા. ૧૩-૨-૨૦૧૧ના ભદ્રેશ્વર પાસે ચોખંડા (નાળેશ્વર) મહાદેવ મંદિરે યોજાયેલ. ૧૩-૨ ના દિવસે વાર્ષિકોત્સવ, કાવ્યસંગ્રહનું વિમોચન અને કાવ્યગોષ્ઠી – એ ત્રિવેણી સંગમની ગરજ સારી હતી. શંકરલાલ જોષીની સરસ્વતી વંદના તથા દીપ પ્રાગટ્ય બાદ મહેમાનોનું સ્વાગત કરતા ઉપપ્રમુખ શ્રી કનુભાઇ જોષીએ જણાવ્યું હતું કે ભુજના કવિઓની કાવ્ય ગોષ્ઠી આજે દાદા-દાદી પાર્કની વાડ ઠેકી ઠેઠ ચોખંડા આવ્યા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

અતિથિપદેથી બોલતા ગાંધીધામના સાહિત્યપ્રેમી પ્રેમજીભાઇ ઠક્કરે 'સાંધ્યદીપ સંસ્થા' ભર બપોરે પણ દીપ પ્રગટાવી શકે છે અને જણાવ્યું હતું કે સાંધ્યદીપ કોરું પાનું છે. તેમાં બી વાવી ફસલનું લાણું લૂટીએ છીએ. જેમાં સિંચાઇ કરનારા અજીતભાઇ માનસતા છે. અન્ય અતિથિ વિશેષ અને દાતા વિઠ્ઠલભાઇ અનમે કહ્યું હતું કે વરિષ્ઠ નાગરિકોને બે કલાક હૂંફ મળે તોય તેના જીવનમાં આનંદ આનંદ થાય છે. તેઓશ્રીએ સાંધ્યદીપની આ પ્રવૃત્તિને બિરદાવી હતી.



'કાવ્ય સંગ્રહ-૨૦૧૧'નું વિમોચન અગ્રણી દાતા અને સાહિત્યરસિક અજીતભાઇ માનસતાના વરદ હસ્તે કરાયું હતું. કાવ્યગોષ્ઠીનું સંચાલન સાંધ્યદીપના પ્રમુખ શ્રી કમલભાઇ મહેતાએ ઉમાશંકર જોશીની શતાબ્દી ઉજવાઇ રહી છે તેમના કાવ્ય 'વૃષભાવતાર'થી કરતા જણાવ્યું હતું કે શિવને જીવ મળવા જાય તો નંદી અટકાવે. આજે પણ શિવ (સર્વસત્તાધીશ) અને અધિકારી કર્મચારીઓ રૂપી નંદી આજે પણ લોકોને નડે છે.

કાવ્યગોષ્ઠીનો પ્રારંભ શંકરલાલ જોષી 'અનુજ'ની રચના 'તમારી યાદ આવે છે...' થી થયો હતો. કવિ સંમેલનનું સંચાલન કરતા કમલભાઇએ પ્રસ્તુત કવિઓના કવિતાના ભાવ જગતને નામાંકિત કવિઓના ભાવ જગત સાથે યોગાનુયોગ કેવો મળે છે જણાવતાં પંક્તિઓ ટાંકી હતી.

*કમાલ છે ઈશ્વરની કેવું સ્તર રાખ્યું છે*
*બે પંક્તિઓ વચ્ચે ઘર રાખ્યું છે.*

જયંતભાઇ પાઠક, સરસ્વતીબેન સોલંકી, નવીનભાઇ ત્રિપાઠી 'અલ્પ', રશ્મિબેન વોરા, અબ્દુલ લતીફ મેમણ, ભગવાનજીભાઇ પીઠડે તેમની ભાવસભર કવિતાથી લોકોની દાદ મેળવી હતી. ચંદ્રવદન મહેતા, ચંદ્રવદનભાઇ ધોળકિયા, લખમશીભાઇ પોકાર, સરોજચંદ્ર ગોર અને સરલાબેન છાયાને કાવ્ય પ્રસ્તુતિ માટે આમંત્રણ આપતા કમલભાઇએ પંક્તિઓ કહી હતી :

*જીવનની સમી સાંજે ઝખ્મોની યાદી જોવી'તી*
*બહુ ઓછા પાના જોઈ શક્યો બહુ અંગત અંગત નામ હતા.*

પુષ્પાબેને પોતાની કવિતામાં સહન કરતા શીખવું છું નો ભાવ વ્યક્ત કર્યો હતો. તો સરજચંદ્ર ગોરે બદનામીથી ડરું છું રજુ કરેલ. નિહારિકાબેન ધોળકિયા અને લતા સોલંકીને આમંત્રણ આપતા તેમણે હિન્દીની પંક્તિઓ ટાંકી હતી.

मुश्कीलें इतनी पड़ी की सब आसान हो गई
न हो कमीज तो पाँव से पेट ढंक लेते है
ये लोग कितने मुनासिब है हर सफर के लिये

નિહારિકાબેનની કવિતા અને લતા સોલંકીની હિન્દી રચના 'अंसुमन की हाट'ના ભાવ જગતને કવિયત્રી શ્રી મહાદેવી વર્માના ભાવ જગત સાથે સરખાવ્યો હતો. કૃષ્ણકાંતભાઇ ભાટીયા 'કાંન્ત' હિન્દી રચના 'टूटी मूटी खपरैलो से...' કવિતાએ ખૂબ દાદ મેળવી હતી. કનુભાઇ જોષીએ દેશ પ્રેમની વાત કરવા જણાવ્યું હતું કે 'आतंक मुक्त वतन हो.' નવીનભાઇની અછાંદસ રચના 'વહુ બહુ બહુ રાખે છે મારું...'એ વાહવાહી મેળવી હતી. કમલભાઇએ પોતાના ભાવ પ્રકટ કરતા કવિતામાં જણાવ્યું "ક્યાંક ને ક્યાંક કોઇને કોઇ એવા મળતા હોય છે. જેને ચીક્કાર છાતી ફાટ પ્રેમ કર્યા વગર રહી શકાતું નથી. અજીતભાઇ માનસતાએ પ્રમુખ સ્થાનેથી બોલતાં જણાવ્યું કે કવિતા માટે કવિ જે સમય ફાળવે છે તે પોતાના પ્રિયજન માટેનો પણ હોઇ શકે ક્યારેક જીવનસાથી અને પોતા વચ્ચે કલમ આવી જાય

तुमसे झूठ क्या बोलूं
खुद तुम्हारा स्पंदन लिये अरसा हो गया

અજીતભાઇએ ભાવસભર શબ્દોમાં જણાવ્યું હતું કે મારા પિતા પાસેથી ઘણું શીખ્યો છું. થાકેલા લોકો સાથે બેસવાનું ગમે છે. આવા કાર્યક્રમો યોજી શકાય એવા પ્રયત્નો કરતા રહેવાની ખાત્રી ઉચ્ચારી હતી.

કાર્યક્રમમાં ગાંધીધામના અગ્રણી નવીનભાઇ પલણ, ભુજ સંસ્કાર પ્રગતિ મંડળના કાંતિભાઇ ગોર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ૨૮ કવિઓ પૈકી ૧૯ ગુજરાતી, ૬ હિન્દી અને એક કચ્છી કાવ્ય રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન કૃષ્ણકાંત ભાટીયાએ સંભાળ્યું. મનસુખભાઇ, ચંદ્રવદન ધોળકિયા, અનિલ ઠક્કર, કનુભા જાડેજા, અનુપ ચંદારાણા શ્રી લખુભાઇ, નામણ ટેકવાણી વગેરેએ સહયોગ આપ્યો હતો. નવીનભાઇ ત્રિપાઠીના આભાર દર્શન બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો. ■

# Check-Mate (7)


'Tulsi' - Ahmedabad



## THE END GAME:

This is the famous quote I read somewhere : "in order to improve your game you must study the endgame before anything else; for, whereas the endings can be studied and mastered by themselves, the middle game and the opening must be studied in relation to the endgame." In the last article you would have read the last piece under "એક એસ.એમ.એસ." Spielmann saying that Play the opening like a book, the middle game like a magician, and the endgame like a machine. So you would be wondering how this end game can be played like a machine, right? First of all, understand the meaning of what is the End Game.

When few pieces are left on the board of the chess, the game is known as end or ending game. In fact, there is no definite or clear line that can be drawn between middle-game and the end game; It is gradual occurrence. You keep playing and exchanging the pieces, and all of a sudden find that the game is now reaching towards decisive stage, and that is the time to be alert, watch your and your opponent's move more carefully.



At this time pawns become more important; With the few pieces left, the players tend to promote a pawn by advancing it to the eighth rank. The King that needs to be protected in the middle-game, because of check threats, becomes a powerful or storng piece in the end game, and it can become useful attacking piece if brought in center stage of the board. Here, for example, you can see the position of one piece that is Queen versus pawns in the picture.

Queen versus pawns : A queen can win against any number of pawns, depending on how advanced they are. The queen would win against eight pawns on the second rank bu a pawn on he seventh rank may draw and two advanced pawns may win.

The game of Chess can end in five ways as under :-

(i) By Resigning, (ii) Ending in draw; (iii) When the given number of moves are over say 50 moves game; and (iv) Time control, when the time is over; (v) Apart from Check-mating.

Either player may resign at any time and their opponent wins the game. This normally happens when the player believes he or she is very likely to lose the game.

## HOW TO RESIGN?

A player may resign by saying it verbally or by indicating it on their score sheet in any of three ways: (1) by writing "resigns", (2) by circling the result of the game, or (3) by writing "1-0" if Black resigns or "0-1" if White resigns. Tipping over the king also indicates resignation, but it is not frequently used (and should be distinguished from accidentally knocking the king over). Stopping both clocks is not an indication of resigning, since clocks can be stopped to call the arbiter. An offer of a handshake is not necessarily a resignation either, since one player could think they are agreeing to a draw.

## CONDITIONS LEADING TO DRAW:

- The game is automatically a draw if the player to move is not in check but has no legal move. This situation is called a Stalemate.



- No possible swquence of legal moves leads to Check-mate. Usually this is because there is insufficient material, for example if one player has a king and a bishop or knight and the other only a king.
- Both players agree to a draw after one of the players makes such an offer.

The player having the move may claim a draw by declaring that one of the following conditions exists, or by declaring an intention to make a move which will brink about one of these conditions :

- Fifty moves have been played by each player without any capture or a pawn being moved.
- The same board position has occurred three time, with the same player to move and all pieces having the same rights to move, including the right to castle or capture enpassent.

(Contd. on Page : 26)

# ગત સદીની શહીદી ગાથા (૧)

સંકલિત

આજથી બરાબર ૮૦ વર્ષ પહેલાં ૨૩મી માર્ચ, ૧૯૩૧ના રોજ માભોમ્ ની આઝાદી કાજે ત્રણ નવલોહિયા યુવાનોને બ્રિટીશ સલ્તનતે ફાંસીને માંચડે ચડાવ્યા હતા. આ યુવાનો હતા ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ.

૨૨ માર્ચ, ૧૯૩૧ના રોજ શહીદ ભગતસિંહે એમના સાથીને, ફાંસી આપવાના એક દિવસ પહેલા લખેલો પત્ર

ભારતભૂમિને અંગ્રેજ સલ્તનતની નાગચૂડમાંથી મુક્ત કરવા અનેક નવયુવાનો ફાંસીના માંચડે ચડી ગયા. આવા જ મૃત્યુંજયી નવયુવાનો હતા ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ. એમણે વિધાનસભામાં બોમ્બ ફેંકી અંગ્રેજ સત્તાને ધ્રૂજાવી મૂકી. આ એક જ ઘટનાએ ભારતીય પ્રજામાં ભારતભૂમિને અંગ્રેજોની ચુંગાલમાંથી છોડાવવાની આકાંક્ષાને ક્રાંતિની જ્વાળામાં ફેરવી નાંખી.

ફાંસીના એક દિવસ પહેલાં ૨૨ માર્ચ, ૧૯૩૧ ના રોજ સેન્ટ્રલ જેલના ૧૪ નંબરના વોર્ડમાં રહેનારા બંદીવાનોએ ભગતસિંહને એક ચબરખી મોકલી - 'સરદાર, તમે ફાંસીથી બચવા માગતા હો તો જણાવજો. આ ઘડીમાં કદાચ કંઇક થઇ શકે.' ભગતસિંહે તેમને આ પત્ર લખી મોકલ્યો.

★

ઉપરોક્ત પત્ર લખ્યાના બીજા જ દિવસે, એટલે કે નિયત દિવસની પૂર્વ સંધ્યાએ, ૨૩ માર્ચ, ૧૯૩૧ ની સાંજે ૭.૩૩ વાગ્યે અંગ્રેજોએ ભગતસિંહ અને તેમના બે મિત્રો સુખદેવ અને રાજગુરુને ફાંસી આપી દીધી.....

## શહીદ ભગતસિંહનો એના સાથીઓને પત્ર

*સાથીઓ,*

*જીવતા રહેવાની કુદરતી ઇચ્છા મારામાં પણ હોવી જોઇએ. હું એને છુપાવવા નથી ઇચ્છતો, હું એક શરતે જીવતો રહેવા ઇચ્છું છું, હું કેદ થઇને કે પ્રતિબંધિત અવસ્થામાં જીવવા નથી ઇચ્છતો.*

*મારું નામ હિન્દુસ્તાની ઇન્કલાબ પાર્ટી (ભારતીય ક્રાંતિ)નું નિશાન (મધ્ય બિંદુ) બની ચૂક્યું છે, અને ઇન્કલાબ - પસંદ પાર્ટી (ક્રાંતિકારી દળ) ના આદર્શો અને બલિદાનોએ મને ઘણો ઊંચો કરી દીધો છે. એટલો બધો ઊંચો કે જીવતા રહ્યા પછી હું આટલો ઊંચો ક્યારેય ન બની શકું.*

*આજે મારી નબળાઇઓ લોકોની સામે આવી નથી. જો હું ફાંસીથી બચી જાઉં તો તે જાહેર થઇ જશે, અને ઇન્કલાબનું નિશાન ઝાંખુ પડી જશે અથવા તો કદાચ મટી પણ જાય, પરંતુ ખેલદિલીપૂર્વક હસતાં-હસતાં ફાસીએ ચઢું તો હિન્દુસ્તાની માતાઓ પોતાના બાળકો 'ભગતસિંહ' બને એવી ઇચ્છા કરતી થશે અને દેશની આઝાદી માટે બલિદાન આપનારાઓની સંખ્યા એટલી બધી વધી જશે કે ઇન્કલાબને રોકવો એ સામ્રાજ્યવાદની તમામ શેતાની શક્તિઓની ગજા બહારની વાત થઇ જાય.*

*હા, એક વિચાર આજે પણ ઝબક્યા કરે છે. દેશ અને માનવો માટે જે કંઇ કરવાની ઇચ્છાઓ મારા હૃદયમાં હતી, તેનો હજારમો ભાગ પણ હું પૂરો કરી શક્યો નથી. જીવિત રહી શક્યો હોત તો કદીક તક મળી હોત અને હું એ ઇચ્છાઓ પૂરી કરી શક્યો હોત.*

*આ સિવાય બીજી કોઇ લાલચ મને ફાંસીએ ચડવાથી બચવા માટે આકર્ષી શકી નથી. મારાથી વધુ ભાગ્યશાળી કોણ હશે? આજકાલ મને મારી જાત પ્રત્યે ખૂબ જ ગર્વ છે. હવે તો ખૂબ આતુરતાપૂર્વક હું આખરી કસોટીની રાહ જોઇ રહ્યો છું. ઇચ્છા છે તે વધુ નજીક આવી જાય.*

*તમારો સાથી - ભગતસિંહ*

---

## LET US PLAY

**(Contd. from Page : 25)**

If the claim is proven true, the game is drawn.

At one time, if a player was able to check the opposing king continuously and the player indicated their intention to do so, the game was drawn. This rule is no longer in effect; however, players will usually agree to a draw in such a situation, since either the three fold repetition rule or the fifty-move will eventually be applicable.

**TIME CONTROL :**

A game played under time control, will end as a loss for a player who uses up all of their allotted time. There are different types of time control. Players may have a fixed amount of time for the entire game or they may have to make a certain number of moves within a specified time. Also, a small increment of time may be added for each move made.

Alburt and Krogius give three characteristics of an endgame :

1. Endgames favor an aggressive king
2. Passed Pawn (A pawn that has no pawn of the opposite color on its file or on any adjacent files on its way to queening) increase greatly in importance.
3. Zugzwang is often a factor in endgames and rarely in other stages of the game. (Whena player is put at a disadvante by having to make a move or when any legal move weakens the position is known as Zugzwang)

- **એક એસ.એમ.એસ. :**

Keep playing- All I want to do, ever, is just play Chess.... *- Bobby Fischer*

# શતરંજના ખેલ

**હંસરાજ કંસારા - અમદાવાદ**

*ગત અંકમાં આપણે વાંચ્યું....*

(ગત બે અંકોમાં-પૃષ્ઠ મર્યાદાને લીધે આ વાર્તાના હપ્તા પ્રકાશિત થઇ શક્યા નહોતા. હવે ફરીથી વાર્તા આગળ વધે છે.)

***એક રાજા શતરંજના ખેલમાં એના તરૂણ નોકરથી હારી ગયો. આપેલા વચન મુજબ એણે એ તરૂણને માગ્યું એટલું અનાજ આપવાનો દીવાનને હુકમ કર્યો. રાજાજ્ઞાનું ઉલ્લંઘન ન થાય અને રાજના અન્નભંડાર ખાલી ન થાય તે માટે એમણે તરૂણને નાથવા એક પછી એક ચાલ કરી. છેવટે તરૂણને સોમવતી અમાસે અનાજ લેવા ભંડારે આવવા હુકમ કર્યો. હવે આગળ વાંચો.....***

આપણો વાર્તા નાયક સુકાળ (હૂકાઇ) દીવાનને સણસણતો જવાબ આપી એના રહેઠાણે પાછો ફર્યો. સુકાળ રાજાનો માનીતો હતો તેમ રાણીવાસમાં પણ એની પહોંચ હતી. એને અવારનવાર રાજમાતાને મળવું પડતું. એમની આજ્ઞા મુજબ દીવાનને મળીને મહેલમાં એ સીધો રાજમાતાને મળ્યો. દીવાન સાથે થયેલી વાતચીત જણાવી. રાજમાતાએ એને હવે પછી શું કરવાનું છે તેની વિગતે સૂચના આપી. રાજ મહેલના જ એક આઉટહાઉસમાં સુકાળ એના બે સાથી તેજુ અને વિજુ સાથે રહેતો હતો. એ બન્ને પણ નાનપણથી જ રાજમહેલમાં નોકરી કરતા હતા. તેજુનું કામ આખા મહેલમાં સાંજ પડે દીવાબત્તી કરવાનું હતું. દિવસના ભાગમાં એ બધી ચીમનીઓ સાફ કરે, એમાં તેલ પૂરે અને સાંજ પડે મહેલના ખૂણે ખૂણા, ગુપ્ત રસ્તાઓ સહિત દરેક આવાસમાં દીવા પેટાવે. વહેલી સવારે મોસુઝણું થાય ત્યારે એ બધા દીવા ઓલવવા જાય.

વિજૂ મહેલના ઘોડારનો રખેવાળ હતો. ઘોડાનું નીરણ, એને નવડાવવા, ધોવડાવવા અને ઘોડારને ચોખ્ખી ચણક રાખવા ઉપરાંત એ ઘોડાને પલોટવા અને ચુસ્ત રાખવા વારાફરતી સાંજે સીમમાં પણ લઇ જતો.

ત્રણે મિત્રો દરરોજ મહેલની ભોજનશાળામાં બન્ને વખત જમવા ટાણે ખાસ ભેગા થતા.

“તેજુ, આજે તું તેજી ઘોડીને પલોટવા સીમમાં લઇ જજે.” સુકાળે જમતી વખતે ધીમા અવાજે સૂચના આપી. વિજુને પણ એણે દીવાબત્તી કરતી વખતે શું કરવાનું છે તે કહ્યું. જમીને ત્રણે જણ એમના રહેઠાણે ભેગા થયા. સુકાળે એના બન્ને મિત્રો સાથે મસલત કરી. બન્નેને એમના કામ સમજાવી દીધા.

ગામને છેવાડે એક પુરાણું કાલીમાતાનું મંદિર હતું. આ મંદિરનાં પ્રાંગણમાં એક જટાધારી સાધુ વર્ષોથી રહેતો હતો. એ મંદિરમાં સવાર સાંજ મહાકાલીની પૂજા અને દીવા આરતી કરતો. સાધુએ મંદિરની આસપાસની જમીનમાં એક સુંદર બગીચો બનાવ્યો હતો. બગીચામાં ફળફુલ ઉપરાંત શાકભાજીનું નિયમિત વાવેતર થતું. એ વાડીની બધી ઉપજ, રાજમહેલ માટે વપરાતી. સુકાળ એ બહાને અવારનવાર સાંજે, રેંકડી લઇને એ મંદિરે આવતો. જટાધારી બાવાજી સાથે એ થોડીવાર સત્સંગનો લાભ લેતો.

દર વરસે આ મંદિરની લાલ ધજા અને કાલીમાતાના વાઘા બદલવાનો સાધુનો નિયમ હતો. એ ધજા પર ત્રિશુળનું નિશાન-ઉભરેલું રહેતું. એ દિવસે ત્યાં મોટો મેળો ભરાતો. બધા ગામવાસીઓ તે દિવસે મહાકાલીના દર્શને જરૂર આવે. પૂજા અર્ચના કરે, માનતા ઉતારે. વર્ષના આ એકજ દિવસે આ મંદિરમાં ચહલપહલ રહેતી. બાકીના દિવસે આ મંદિર ગામથી દૂર અને ટેકરી પર હોતાં લગભગ નિર્જન જ રહેતું. માત્ર પક્ષીઓના કલરવ અને પછવાડે ઝરણામાંથી ઝરતા પાણીના અવાજ સિવાય વાતાવરણ શાંત રહેતું.

એ દિવસે સમી સાંજે, સુકાળે એનો એક્કો મંદિરના પ્રાંગણમાં ઉભો રાખ્યો. સામે એક ખુલ્લા ઓટલા પર બાવાજી પદ્માસન વાળી સમાધીમાં લીન હતા. એમની લાંબી સફેદ જટા, ખભા અને પીઠ પર પથરાયેલી હતી. એમના વિશાળ ભાલ પર ત્રિશુલનું લાલ તિલક ઢળતા સૂરજની લાલીમાં ચમકતું હતું.

રેંકડીનો અવાજ સાંભળી બાવાજીએ હળવેકથી આંખો ખોલી, સુકાળ સામે જોયું.

“જય અંબે...ગુરુજી..” સુકાળે દૂરથીજ ગુરુજીને પ્રણામ કરતાં કહ્યું.

બાવાજીએ એમની આંખોથી જ સુકાળને આવકાર્યો અને એમની સન્મુખ બેસવા ઈશારો કર્યો. સુકાળ એમની લગોલગ બેઠો. થોડીવાર સુધી બન્ને જણ ધીમે સાદે વાતો કરતા રહ્યા. ત્યારબાદ બાવાજી સુકાળને લઇને મંદિરના ગર્ભગૃહમાં ગયા. બાવાજીએ સુકાળને એક થેલી આપી.

“સુકાળ, કાલીમાતાનો આ પ્રસાદ જીવની જેમ જાળવજે. આ પ્રસાદ તારા પ્રજાવત્સલ પણ બેફિકરા રાજા અને વહાલસોયી રાજમાતાની, રાજદ્રોહીઓની દુષ્ટ ચાલ સામે રક્ષા કરશે. તું સોમવતી અમાસને રોજ  દીવાનની આજ્ઞા મુજબ ભંડાર પર અનાજ લેવા પહોંચી જજે. મને ખબર છે કે એ દિવસે પણ તને અનાજ નહીં મળે. પણ તું અનાજ લઇ જવાની પૂરી તૈયારી કરીને જ જજે. અને ભંડારમાં ઉંદરો ક્યાંથી આવે છે એની તપાસ કરજે.”

“જી ગુરુદેવ...” કહી, સુકાળે બાવાજીને પ્રણામ કર્યા. બંને મંદિરના ગર્ભગૃહમાંથી બહાર આવ્યા.

સુકાળે બગીચાની ઉપજ રેંકડીમાં ભરી... ગુરુજીને પ્રણામ કર્યા. સુકાળ એના નિયત સમયે પાછો રાજ મહેલ આવી ગયો. એના બન્ને મિત્રો યોજના મુજબ કામે લાગી ગયા છે તેની ખાત્રી કરી બાવાજીએ આપેલી થેલી, એ પોતાના રહેઠાણે લઇ ગયો. અહીં એનો એક અલાયદો ઓરડો હતો. એ ઓરડામાં જઇ એણે ગુરુજીએ આપેલા પ્રસાદની થેલી સુરક્ષિત સ્થળે મૂકી દીધી. ત્યારબાદ રાબેતા મુજબ એ રાજાની રાત્રી સેવા માટે હાજર થઇ ગયો.

રાજા દિવસના ભાગમાં ક્યારેય હુક્કો ગગડાવતા નહીં. તેઓ રોજ સાંજ પડે દીવાબત્તી થાય પછી જ હુક્કાની નળી મોંએ મૂકતા અને ત્યારે નિયમ મુજબ એમનો હુક્કો તૈયાર કરવાનો રહેતો.

રાજા એના મુલાકાતી ખંડમાં મખમલી ગાદીવાળા તખત પર ગોળ તકિયાને ટેકે બેઠા હતા.

સુકાળ હુક્કો ભરી ખંડમાં દાખલ

થયો. એમની સામે એક સોફા પર દીવાનજી અને બીજા સોફા પર સેનાપતી બેઠા હતા. હુક્કાઈએ હુક્કો તખત પાસે મૂક્યો અને એની રૂપેરી નળી રાજાના હાથમાં આપી. રાજાએ હુક્કાની એક લાંબી ફૂંક ભરી ધીરે ધીરે ધૂમાડો બહાર કાઢતાં દીવાન સામે વેધક નજરે જોયું અને પૂછ્યું, "દીવાનજી, તો તમારું એમ માનવું છે કે આપણે સામેથી અજયગઢ પર છાપો મારી ત્યાં આપણું કાયમી થાણું બેસાડવું, ખરું?"

"જી, મહારાજ. લોહાગઢના સામંતનો ડોળો આપણા મુલક પર વર્ષોથી મંડાયેલો છે એ તો આપ જાણો જ છો. ગુપ્તચરોની બાતમી મુજબ હવે એણે આપણી ચારે સરહદોમાં ઘૂસપેઠ શરૂ કરી દીધી છે. અજયગઢ સાથે દોસ્તી કરી છે. અજયગઢના રાણાને એ આપણી વિરુદ્ધ ઉશ્કેરે છે. અરે એ હવે લોહાગઢથી અજયગઢ પાકી સડક પણ બંધાવી રહ્યો છે. એ અજયગઢમાં આપણું થાણું હશે તો એ સીધો આપણા પર હુમલો નહીં કરી શકે."

"શમશેરસિંહજી, તમે શું કહો છો?" રાજાએ દીવાનની બાજુમાં બેઠેલા સેનાપતિને પૂછ્યું.

"જી મહારાજ, લોહાગઢની હિલચાલ હવે ખુલ્લી પડતી જાય છે. પણ અજયગઢ સાથે આપણા સંબંધો..."

"રાજકાજમાં સંબંધો ન જોવાય, શમશેરજી. દુશ્મનને ઉગતો ડામવો પડે. હું તો માનું છું કે તમારે તાબડતોબ લશ્કર લઈ અજયગઢ કબજે કરવું જોઈએ." દીવાને સેનાપતિની વાત વચ્ચેથી કાપતાં કહ્યું.

"ઠીક છે, તમે બન્ને સ્થિતિ સમજીને યોગ્ય લાગે તેમ કરો." મહારાજાએ હુક્કાની નળી મોંમા મૂકી. મહારાજ આગળ કંઈ કહે તે પહેલાં દીવાને ઉભા થઈ કહ્યું, "જેવી આજ્ઞા મહારાજ, શમશેરજી, આપ આક્રમણની તૈયારી કરો. બની શકે તો આપણા મહારાજાની દશેરાની સવારી આ વર્ષે અજયગઢના રાજમાર્ગ પર કાઢશું. લોહાગઢના સામંતને સણસણતો જવાબ આપશું." દીવાનજી આદેશના સુરમાં પોતાનો નિર્ણય જાહેર કરી, ઉભા થયા. મહારાજાને પ્રણામ કરી બન્ને જણ વિદાય થયા. જતાં જતાં દીવાને એની કરડી નજરે સુકાળ તરફ જોઈ લીધું.

સુકાળને દીવાનની ચાલાકી આગળ સેનાપતિની લાચારી સમજતા વાર ન લાગી. એણે મહારાજાના હુક્કામાંના દેવતા ચીપીયા વડે આમતેમ હલાવ્યા અને મનોમન કંઈક નિર્ણય કરતાં મહારાજને પૂછ્યું, "શતરંજ લગાવું મહારાજ? આપના ખેલી મિત્રો આવવાનો સમય થયો છે...."

"અરે હા, હુક્કાઈ, લગાવ શતરંજ...."

મારા મિત્રો આવે ત્યાં સુધી તું જ સામે આવી જા. ભલે એકાદ બાજી થઈ જાય....

મહારાજા હુક્કાઈ સાથે રમત શરૂ કરે તે પહેલાં જ મહારાજાના ખેલ-સાથીઓ આવી ગયા.

ખમ્મા મહારાજ, ઘણી ખમ્મા કરતા બધા પોતપોતાના સ્થાને ગોઠવાઈ ગયા.

શતરંજના મહોરા પાટ પર ગોઠવાયેલા જ હતા.

"વાહ ભઈ, સુકાળે તો આપણને તૈયાર બાજી આપી છે." એમ કહેતો બજરંગજી નામનો એમનો સાથી મહારાજશ્રી સામે રમવા માટે ગોઠવાઈ ગયો.

મહારાજાએ એમની સર્વોપરિતાનું સ્મિત રેલાવ્યું અને બજરંગી સામે જોતા કહ્યું, "હેં બજરંગી, રમત માટે તો તું હંમેશાં ઉતાવળો થાય છે પણ ખરેખર ખાંડાના ખેલ ટાણે તો તું તારી ખોલકીમાં છૂપાઈ જાય છે. તને કંઈ ખબર છે, આપણા રાજ ઉપર લોહાગઢના જુલ્મી રાજાનો ડોળો હવે વકર્યો છે."

"એ લોહાગઢના લબાડની શું હિંમત કે અમારા વીર મહારાજા સામે બાથ ભીડે?"

બજરંગીએ એના બુલંદ સ્વરે એનું બ્યુગલ બજાવ્યું. "અને આમેય મહારાજ, આપણા ઉપર તો દિલ્હીના તખ્તના ચાર હાથ હતા. અને હવે કંપની સરકારનો આપણને સાથ છે પછી આપણે ક્યાં લડવાનું રહે જ છે!"

મહારાજાના ખુશામતીયાઓની વાતો સુકાળ શાંતિથી સાંભળતો રહ્યો.

લગભગ મધરાતે મહારાજાને એમના શયનખંડમાં સુવડાવી સુકાળ એના રહેઠાણે આવ્યો. એના મિત્રો તેજુ અને વિજુ ઉપર અગાસીમાં એની રાહ જોતા બેઠા હતા.

"કેમ સિંહ કે શિયાળ?" સુકાળે એના બંને મિત્રોને પૂછ્યું.

"આપણે તો સિંહબાળ છીએ. શિયાળનું શું કામ.... મેં મારૂં કામ તેજી ઘોડીને ટકોરે ટકાટક પતાવી દીધું..." તેજુએ ઉત્સાહપૂર્વક કહ્યું. નાનાજીના રાજમાં જઈને, એમને હાથોહાથ - આપણી 'રાજમાતા'એ આપેલી 'મુદ્રા' આપી આવ્યો અને તેં જે જંતર આપ્યું હતું તેને કઈ રીતે ચાલુ કરવું - જેથી અહીંના બનતા બનાવ વિશે એમને ત્યાં બેઠા કેમ ખબર પડશે એ પણ સમજાવી દીધું..."

"શાબ્બાસ. હવે તારી વાત કર વિજુ... તેં ક્યાં કેટલો પ્રકાશ ફેલાવ્યો?" સુકાળે વિજુને પૂછ્યું.

"હું મહેલના ગુપ્ત માર્ગે - રસ્તો પૂરો થયો ત્યાં સુધી મશાલ લઈ આગળ ગયો. ત્યાં મે દીવાલ પર મોટું ત્રિશુળનું ચિત્ર જોયું. તેં કહ્યું હતું તેમ એની ત્રણે પાંખો પર જોરથી વારાફરતી દબાવ્યું. થોડીવારે દીવાલનો એક ભાગ બારણાની જેમ ઉઘડ્યો. હું આગળ વધ્યો. ત્યાં ત્રિભેટો હતો. ત્રિશુળની પાંખ જેવો... હું એ ત્રણે રસ્તા પરના નિશાનો જોઈ આવ્યો છું...."

"એ નિશાનોમાં જમણી તરફના નિશાનનો કોઈ સંકેત તને સમજાયો?" સુકાળે પૂછ્યું.

"સંકેત સમજાયું તો નહીં, પણ હા, એ નિશાનવાળા રસ્તાની બાજુ જોતાં કાલી માતાની એક ખંડિત મૂર્તિ ત્યાં પડેલી મેં જોઈ." તેજુએ જવાબ આપ્યો.

"સમજાઈ ગયું!" સુકાળે સસ્મિત કહ્યું. "એની બીજી પાંખે શેનું નિશાન છે?"

"અરે, એ તો સાવ અગડંબગડં જેવું, દીવાલ પર કમળનું ચિત્ર છે. એની નીચે ચૂલા જેવું દોરેલું છે. એના ઉપર તાવડી છે... લાગે છે તાવડીમાં રોટલો શેકાય છે... કેમ જાણે કોઈ છોકરડાએ આડાઅવળા લીટા દોર્યા હોય!" તેજુએ જે જોયું હતું તે કહ્યું.

"અને વચ્ચેની પાંખે જતા સીધા રસ્તે?" સુકાળે ઉત્સુકતાથી પૂછ્યું....

*(વધુ આવતા અંકે)*

# હાર્દિક શ્રધ્ધાંજલી



• જન્મ •
તા. ૯-૪-૧૯૪૧

• સ્વર્ગવાસ •
તા. ૮-૪-૨૦૧૦

## સદ્‌ગતની પુણ્યસ્મૃતિમાં

## સ્વ. શ્રી સોની જેઠાલાલ જીવરામભાઈ

**મુ. તલોદ, જી. સાબરકાંઠા (કચ્છ ખંભરાવાળા)**

*લીલુંછમ ઉપવન સર્જીને ગયા તમે, અથાગ પરિશ્રમ કરીને કુટુંબ ઉજાળ્યું,
આપનો માયાળુ નિખાલસ સ્વભાવ, વ્યવહાર કુશળતા, પરોપકારિતા,
નિઃસ્વાર્થ સેવાના ગુણ અમને આજીવન પ્રેરણા આપતા રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ અભ્યર્થના.*

**લી.**

**ગં.સ્વ. સોની લીલાબેન જેઠાલાલ**

**જે. જે. જ્વેલર્સ - તલોદ**
**વૈશાલી જ્વેલર્સ - તલોદ**
**ન્યુ જનતા વોચ કું. - તલોદ**
**જે. જે. જ્વેલર્સ - અમદાવાદ**

**સોની વિજયકુમાર જેઠાલાલ - અમદાવાદ**

# કચ્છમાં રહેઠાણ યોગ્ય નાના પ્લોટો મેળવો
## પાટનગર ભુજ તથા ઉધોગોથી ધમધમતા મુંદ્રા વિસ્તારમાં રોકાણ કરવા યોગ્ય પ્લોટો મળી શકશે
## નાના મૂડી રોકાણથી ટુંક સમયમાં અનેકગણું વળતર

નીચે મુજબની યોજનાઓમાં નજીવા મૂડી રોકાણથી
ખૂબ જ અલ્પ સમયમાં સારો એવો ફાયદો મેળવી શકાય છે.

### મારૂતિ પાર્ક (કોડ નં. ૪૫૦૦)

- શેખપીર પાસે, ભુજ-અંજાર મેઈન રોડ ઉપર, કુક્મા ગામની હદમાં. (ભુજથી માત્ર ૯ કિ.મી.ના અંતરે.)
- જમીન એન.એ. થઈ ગયેલ છે. તરતમાં દસ્તાવેજ થઈ શકે છે.
- કમ્પાઉન્ડ વોલ, મેઈન ગેઈટ, કોંક્રીટ રોડ, કોમન પ્લોટ, વોટર લાઈન, ઈલેક્ટ્રીક લાઈન વગેરેની સગવડતા સાથે.
- ૧૦૦, ૧૫૦, ૨૦૦ ચો.વારના પ્લોટો – ખૂબ જ કિફાયતી દરે.
- માત્ર છ મહિનાના સમયગાળામાં ખૂબ જ સારો ફાયદો.

### ડ્રીમ લેન્ડ - સ્વપ્ન નગરી (કોડ નં. ૩૫૦૦)

- ભુજ-નખત્રાણા હાઈવે ઉપર, માનકુવાથી કોડકી ગામના રસ્તે. કોડકી ગામની હદમાં. (ભુજથી માત્ર ૧૩ કિ.મી.ના અંતરે.)
- જમીન એન.એ. થઈ ગયેલ છે. તરતમાં દસ્તાવેજ થઈ શકે છે.
- કમ્પાઉન્ડ વોલ, આકર્ષક મેઈન ગેઈટ, પેવરવાળા રસ્તા, દરેક પ્લોટને મેંદીની હેજ, કોમન પ્લોટ, પાણીનો બોર, ક્લબ હાઉસ, સ્વિમિંગ પુલ, ચિલ્ડ્રન્સ ક્લબ, પાણીની પાઈપ લાઈન, ઈલેક્ટ્રીક લાઈન વગેરેની સગવડતા સાથે.
- એ, બી, સી ટાઈપના મકાનોના બાંધકામ ચાલુ છે.
- ૨૫૦, ૫૦૦, ૧૦૦૦ ચો.વારના પ્લોટો – ખૂબ જ કિફાયતી દરે.
- માત્ર છ મહિનાના સમયગાળામાં ખૂબ જ સારો ફાયદો.

### કલાપૂર્ણ આશિષ ટાઉનશીપ-૧ (કોડ નં. ૧૨૫૦)

- વાંકી તીર્થની સામે, વાંકી, તાલુકા :- મુંદ્રા. (મુંદ્રાથી માત્ર ૨૨ કિ.મી.ના અંતરે.)
- જમીન એન.એ. થઈ ગયેલ છે. તરતમાં દસ્તાવેજ થઈ શકે છે.
- કમ્પાઉન્ડ વોલ, આકર્ષક મેઈન ગેઈટ, સિમેન્ટ કોંક્રીટ રોડ, કોમન પ્લોટ, પાણીની લાઈન, ગટર લાઈન, ઈલેક્ટ્રીક લાઈન વગેરેની સગવડતા સાથે.
- અંદાજિત ૨૦૦ ચો.વારના પ્લોટો – જૂજ પ્લોટો રી-સેલમાં મળી શકશે.
- માત્ર ૨ વર્ષના સમયગાળામાં ખૂબ જ સારો ફાયદો.

### કલાપૂર્ણ આશિષ ટાઉનશીપ-૧ (કોડ નં. ૧૪૫૦)

- વાંકી તીર્થની સામે, વાંકી, તાલુકા :- મુંદ્રા. (મુંદ્રાથી માત્ર ૨૨ કિ.મી.ના અંતરે.)
- ટુંક સમયમાં જમીન એન.એ. થવાની ગણના છે.
- કમ્પાઉન્ડ વોલ, આકર્ષક મેઈન ગેઈટ, સિમેન્ટ કોંક્રીટ રોડ, કોમન પ્લોટ, પાણીની લાઈન, ગટર લાઈન, ઈલેક્ટ્રીક લાઈન વગેરેની સગવડતા સાથે.
- અંદાજિત ૨૦૦ ચો.વારના પ્લોટો – જૂજ પ્લોટો રી-સેલમાં મળી શકશે.
- માત્ર ૨ વર્ષના સાયગાળામાં ખૂબ જ સારો ફાયદો.

• સંપર્ક •

**અશોક મહેતા**

૧૦, જશવંત સોસાયટી, વિશ્વેશ્વર મહાદેવ પાસે, સત્યમ મોલ પાછળ, કામેશ્વર સ્કૂલથી આગળ,
જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. **મોબાઈલ : ૯૮૨૫૩ ૨૨૬૮૯**